# જાફરી આવાઝ(માસિક)ને મળેલ ડોનેશનની યાદી

રૂા.૫૧/- મો.ફિરોઝહુસૈન કાસિમભાઇ (કઠોર)તરફથી પીર સૈયદ મોહંમદ ઝહીરહુસૈન બાવા(રહે.) તથા મર્હૂમ કાસિમભાઇની રૂહના સવાબ અર્થે.

મર્હૂમ મો.રહીમભાઈ દાઉદભાઈ સુણસરા (મજાદર–મહેરપુરા)ની રૂહના સવાબ અર્થે મળેલ ડોનેશન.

રૂા.૧૫૩૦/- મર્હૂમના પરિવારજનો તરફથી
રૂા.૧૦૦/- મો.શબ્બીરઅલી ગુલામહુસૈન સુણસરા
રૂા.૧૦૦/- મો.શેરબાનુ શબ્બીરઅલી સુણસરા
રૂા.૨૦૦/- મો.ઈકબાલહુસૈન ગુલામહુસૈન સુણસરા
રૂા.૧૦૦/- મો.સકીનાબેન સુલેમાનભાઇ સુણસરા
રૂા.૧૦૦/- મો.ગુલામઅબ્બાસ ગુલામહુસૈન સુણસરા
રૂા.૫૦/- મો.માસૂમાબાનુ શબ્બીરઅલી સુણસરા
રૂા.૫૦/- મો.ફાતેમાઝયનબ શબ્બીરઅલી સુણસરા
રૂા.૫૦/- મો.મહંમદઅલી શબ્બીરઅલી સુણસરા
રૂા.૫૦/- મો.કનીઝફાતેમા અબ્બાસઅલી મહેતા
રૂા.૨૦૦/- મો.ઝયનબબેન યાસીનભાઇ સિધ્ધપુરા
રૂા.૨૦૦/- મો.રઝીયાબેન મુખ્તારહુસૈન અઘારીયા
રૂા.૫૦/- મો.મહંમદઅલી ગુલામહુસૈન સુણસરા

મર્હૂમ મો.ઈબ્રાહીમભાઇ નશીરભાઇ દેધરોટીયા (કનાઇ)ની રૂહના સવાબ અર્થે મળેલ ડોનેશન.

રૂા.૧૦૦/- મો.ઝયનબબેન ઈબ્રાહીમભાઇ દેધરોટીયા
રૂા.૫૦/- મો.શબ્બીરઅલી ઈબ્રાહીમભાઈ દેધરોટીયા
રૂા.૫૦/- મો.શેરબાનુ શબ્બીરઅલી દેધરોટીયા
રૂા.૨૫/- મો.ફતેઅલી શબ્બીરઅલી દેધરોટીયા
રૂા.૨૫/- મો.ફિજ્જાફાતેમા શબ્બીરઅલી દેધરોટીયા
રૂા.૫૦/- મો.હુસૈનાબેન હસનઅલી વિજાપુરા
રૂા.૫૦/- મો.આબેદાબેન મહેદીહસન દેધરોટીયા
રૂા.૫૦/- મો.કુલસુમબેન નશીરભાઇ મસી
રૂા.૨૫/- મો.હલીમબેન યાકુબભાઈ રાજપુરા
રૂા.૨૫/- મો.ઈસ્માઇલભાઇ વલીભાઇ ખાણશીયા
રૂા.૨૫/- મો.ગુલામઅલી વલીભાઈ ખાણશીયા
રૂા.૨૫/- મો.મહંમદઅલી વલીભાઈ ખાણશીયા
રૂા.૨૫/- મો.શબ્બીરઅલી વલીભાઈ ખાણશીયા
રૂા.૫૦/- મો.ફાતમાબેન મહંમદઅલી લોઢા
રૂા.૨૫/- મો.વજીરભાઇ નશીરભાઇ દેધરોટીયા
રૂા.૨૫/- મો.હાશમભાઈ નશીરભાઇ દેધરોટીયા

રૂા.૧૦૦/- મો.અકબરઅલી અબ્બાસભાઇ મસુ (મહેરપુરા–અમદાવાદ)તરફથી તેમના પુત્ર મયસમઅલીએ પાંચ વર્ષની વયે માહે રમઝાનુલ મુબારકનો રોઝો રાખ્યો તેની ખુશાલી પ્રસંગે.

રૂા.૧૧૦૦/- મો.યૂસુફભાઈ સુલેમાનભાઇ ભટ્ટા (ઈલોલ તલાવ) તરફથી પીર સૈયદ મોહંમદ ઝહીરહુસૈન બાવા (રહે.)ની રૂહના સવાબ અર્થે.

રૂા.૧૫૧/- મો.અબ્બાસભાઇ ગુલામભાઇ મસી (ઈલોલ તલાવ) તરફથી જનાબે ઝયનબ (અ.) અને જનાબા સૈયદા ઈતરતફાતેમા બેગમ સાહેબાની રૂહના સવાબ અર્થે.

રૂા.૧૦૦૦/- મો.અલીહુસૈન ફતેભાઈ (લંડન)તરફથી 'જાફરી આવાઝ' (માસિક)ને ઉત્તેજન અર્થે.

રૂા.૫૩૦/- મો.શબ્બીરઅલી શરીફભાઇ ભટ્ટા (ઈલોલ–અમદાવાદ) તરફથી તેમના પુત્ર હુસૈનમહંમદે સી.એ. ની નવીન ઓફિસ શરૂ કરી તેની ખુશાલી પ્રસંગે.

بِسۡمِ اللّٰہِ الرَّحۡمٰنِ الرَّحِیۡمِ

રબ્બે ઝિદ્‌ની ઈલ્મા વર્ઝુકની ફહ્‌મા. رَبِّ زِدۡنِیۡ عِلۡماً وَارۡزُقۡنِیۡ فَھۡماً

**અર્થ : અય મારા પાલનહાર ! મારું ઈલ્મ વધાર અને મને સમજદારીની રોઝી આપ.**


**સરપરસ્ત**



પીર સૈયદ મોહંમદ મુશાહિદહુસૈન બાવા સાહેબ(મદ્દે.) અને હાજરપીર સૈયદ મોહંમદ મુજાહિદહુસૈન બાવા સાહેબ(મદ્દે.)



**અખિલ ગુજરાત શીઆહ જાફરી મશાયખી મોમિન સમાજનું ગૌરવવંતુ સામયિક**

શીઆહ જાફરી મશાયખી વિકાસ મંડળનું મુખપત્ર

# જાફરી આવાઝ

વર્ષ : ૩૨ ❖ અંક : ૪ ❖ ૧૦, ડિસેમ્બર-૨૦૧૨
૨૫, મોહર્રમ, હિ.સન-૧૪૩૩ ❖ સળંગ અંક : ૩૭૬

**આદ્ય તંત્રી : મર્હૂમ 'દીપક' દાંત્રેલિયા**

**માનદ તંત્રી**

કાસમભાઈ વિજાપુરા (મોબા. : ૯૪૨૬૫ ૪૧૪૭૨)

સહતંત્રી : માસૂમ મહેરપુરી
મો.૯૬૮૭૬૭૯૫૧૩
વ્યવસ્થાપક : ઈબ્રાહીમ ડી. વાઘ
✆ ૨૨૭૨૯૬ મો.૯૪૨૮૬૪૬૪૭૬
સહ વ્યવ. : અકબરઅલી એ. મસી
મો.૯૮૨૫૪૯૭૧૭૮
અનવરઅલી એચ. મતિયા
મશાયખ કમ્પ્યૂટર : જાફરી આવાઝ ૯૯૨૫૭૩૦૧૦૭

**સલાહ અને માર્ગદર્શન**

મોલ્વી હાસમભાઈ વલીભાઈ ગાંધી(સિધ્ધપુર)

**મુખપૃષ્ઠ સજાવટ**

શબ્બીરઅલી ગુલામમહંમદ રેવાસીયા(જેઠીપુરા)

**કાર્યાલયનું સરનામુ**

'જાફરી આવાઝ'(માસિક)
મુ.પો. ઈલોલ, તા. હિંમતનગર, જિ. સાબરકાંઠા
પીન-૩૮૩ ૨૨૦. ફોન : ૦૨૭૭૨-૨૨૭૨૯૬

Website : www.jafariaawaz.com
Email : jafariaawaz@gmail.com

વાર્ષિક લવાજમ રૂા.૧૦૦/-
(મોહર્રમ માસથી જ ગ્રાહક થવાય છે.)


## લેખ સૂચિ


| | |
|---|---|
| ❊ ઊઘડતે પાને | ૦૧ |
| ❊ કુરઆન શિક્ષણ | ૦૭ |
| ❊ અહાદીસ | ૦૯ |
| ❊ ગડમથલ | ૧૨ |
| ❊ નબવી અદાલત | ૧૩ |
| ❊ અલ ઈર્શાદ | ૧૫ |
| ❊ કુરઆને મજીદના સૂરાઓનો પરિચય | ૧૯ |
| ❊ નહજુલ અસરાર | ૨૨ |
| ❊ સુપરમેન ઈન ઈસ્લામ : હ.ઈમામ જાફર સાદિક(અ.) | ૨૫ |
| ❊ મશાયખવાણી | ૩૧ |
| ❊ બ્લૉગ | ૩૫ |
| ❊ હિજાબ | ૩૭ |
| ❊ શેખ સાઅદીની શાયરીનો રસાસ્વાદ | ૪૦ |
| ❊ સર્વશ્રેષ્ઠ સ્મરણ | ૪૩ |
| ❊ જ્ઞાનગોષ્ઠિ | ૪૫ |
| ❊ સલામ | ૪૯ |
| ❊ ઓસ્ટિઓપોરોસીસ | ૫૨ |
| ❊ જાફરી પંચાંગ | ૫૪ |
| ❊ આપણા ઘરની વાતો | ૫૫ |
| ❊ 'જાફરી આવાઝ'ને મળેલ ડોનેશન | ૫૬ |


## ઊઘડતે પાને...

હિજરી સન–૬૧.

મોહર્રમની દસમી તારીખ.

કરબલામાં કયામત બરપા થઈ ચૂકી છે. યઝીદી સૈન્યના જુલ્મની પરાકાષ્ઠા થઈ ચૂકી છે. નબી (સ.)ના પ્યારા નવાસા ઈમામ હુસૈન (અ.)ની શહાદત થઈ ચૂકી છે.

મકતલ અબૂ મખ્નફમાં મનકૂલ છે કે

જ્યારે મઝલૂમે કરબલા શહીદ થઇ ચૂકયા તો ઉમર બિન સઅદે પોતાની ફોજને સંબોધીને કહ્યું,

'અહલબૈતના તંબુઓની દોરીઓ કાપી નાખીને તેમને નીચે પાડી નાખો અને તેમાં આગ લગાડી દો અને ઓરતોની પાસે જે કંઇ છે તેને લૂંટી લો.'

બસ, એ ઝાલિમનો આવો હુકમ થતાંની સાથે જ તે વિધર્મીઓ તંબુઓમાં દાખલ થઇ ગયા અને લૂંટમાર શરૂ કરી દીધી.

જનાબે ઝયનબ (અ.) કહે છે કે એ વખતે હું તંબુના દરવાજા પર ઊભી ઊભી જોઇ રહી હતી કે એવામાં એક દુશ્મન મારી પાસે આવ્યો અને મારા ગોશવારાઓ તરફ ઈશારો કર્યો અને સાથે સાથે રડતો પણ હતો. મેં કહ્યું, અરે બેશરમ! તું લૂંટે પણ છે અને રડે પણ છે ?

તો તેણે કહ્યું,

'હું એટલા માટે રડું છું કે આપ અહલબૈત સાથે મોટો જુલ્મ થયો, કોઇ ગુના કે અપરાધ વગર બધાને શહીદ કરી દેવામાં આવ્યા અને પરદાનશીન પવિત્ર ઓરતોની બેઇજ્જતી કરવામાં આવી રહી છે, અને હું લૂંટું છું એટલા માટે કે જો હું નહીં લૂટું તો કોઇ બીજો લૂંટી લેશે.'

જનાબે ઝયનબ (અ.) કહે છે કે મેં કહ્યું,

'અય બદબખ્ત ! ખુદા તારા બન્ને હાથ અને પગ કાપી નાખે અને તને જહન્નમની

**મારે ગયે જો વો સબ લઇ દફ્ન હુએ,**
**ઝહરાકે ન હાય, નાઝનીન, દફ્ન હુએ.**
**આશૂર મુહર્રમકો તો હુએ કતલ હુસૈન,**
**પર કબ્રમેં બાઅદે અર્બાઇન દફ્ન હુએ.**

આગના પહેલાં દુનિયાની આગમાં સળગાવે.'

આ મઝલૂમા ઝયનબ (અ.)ની બદદુઆ હતી. અલ્લાહ તઆલા કદી મઝલૂમોની દુઆને રદ કરતો નથી. કરબલાના પ્રસંગ પછી આ દુશ્મને ખુદાના હાથ–પગ કાપી નાખવામાં આવ્યા હતા અને ત્યાર પછી તેને આગમાં બાળી નાખવામાં આવ્યો હતો.

હમીદ બિન મુસ્લિમ કહે છે –

જ્યારે દુશ્મનોની ફોજે સઘળો માલ અસબાબ તથા ઓરતોના માથાઓ ઉપરથી ચાદરો ઝૂંટવી લીધી તો ઉમર બિન સઅદ ઠાઠમાઠ સાથે ખૈમાઓમાં દાખલ થયો. તેને જોઈને પરદાનશીન પવિત્ર ઓરતોએ કહ્યું,

'અય ઉમર બિન સઅદ ! તું સારી રીતે જાણે છે કે અમે રસૂલે ખુદા (સ.)ની બેટીઓ છીએ. તારી ફોજના માણસોએ અમને લાવારિસ સમજીને અમારી ચાદરોને લૂંટી લીધી છે. તે બેરહમોને કહે કે અમારી ચાદરો અમને પાછી આપી દે કેમકે અમે શરમના માર્યા મોતના પહેલાં જ મરી રહ્યાં છીએ.'

પરંતુ રાવી કહે છે કે તે બેશરમોમાંથી કોઇ એક જણાએ પણ ચાદરો પાછી આપી નહીં.

ત્યાર પછી ઉમર બિન સઅદ ઈમામ ઝયનુલ આબેદીન (અ.)ની તરફ મોઢું કરીને કહેવા લાગ્યો,

'અય બદબખ્તો ! તમે હુસૈન (અ.)ના આ બેટાને જીવતો કેમ છોડી દીધો છે ? હાલને હાલ આ બીમારને કતલ કરી નાખો.'

જ્યારે જનાબે ઝયનબ (અ.)એ તેની આ વાત સાંભળી તો તરત જ બીમાર ભત્રીજાના ઉપર પડી ગયાં અને કહેવા લાગ્યાં,

'અય ઝાલિમ ! શું ફરઝંદે રસૂલ (સ.) નું કતલ તારા માટે કાફી નથી કે હવે તું આ બીમારને કતલ કરવા તૈયાર થયો છે ? શું તારું દિલ હજુ પણ ઝુલ્મથી ભરાયું નથી ? યબ્ન સઅદ ! ઈન અઝમત કત્લહુ ફા કત્લી કબ્લહુ. અય ઉમર બિન સઅદ ! જો તું તેને કતલ કરવા ચાહતો હોય તો પહેલાં મને કતલ કરી નાખ.'

બીબી ઝયનબ (અ.)ના આવા શબ્દો સાંભળીને તે દુષ્ટ માણસ બીમારે કરબલાને કતલ કરતાં રોકાઈ ગયો.

બિહારૂલ અન્વારમાં એક રિવાયત જનાબે ફાતેમા સુગરા (એટલે કે જનાબે સકીના (અ.)) થી મનકૂલ છે કે –

'જ્યારે મારા બાબાની શહાદત થઈ ગઈ તો હું ખયમાના દરવાજા ઉપર રડતાં રડતાં એવું વિચારી રહી હતી કે હવે શું થશે ? હવે દુશ્મનો અમને કેદ કરી દેશે કે પછી મારા બાબાની માફક અમને પણ કતલ કરી નાખશે ? જ્યારે બીબીઓની હાલત એવી હતી કે તેઓ શરમની મારી એકબીજાની પાછળ સંતાઈ જતી હતી. અચાનક એક ટોળુ પોતાના હાથમાં નેઝાઓ સાથે ખૈમાઓમાં દાખલ થયું અને તેમણે તો આવતાંની સાથે જ નેઝાઓથી મારવાનું શરૂ કર્યું. તેમની આવી નિર્લજ્જતા જોઈને બીબીઓ આવી રીતે ફરિયાદ કરી રહી હતી,

'શું કોઈ છે અમારી મદદનો કરનાર ? શું છે કોઈ રસૂલ (સ.)ની બેટીઓની ચાદરોને બચાવવાવાળો ?'

વળી કોઈ બીબી કહેતી હતી,

'અય નાના મોહંમદ (સ.) ! અમે આ વેરાન જંગલમાં બેસહારા છીએ. અમને બચાવનારો કોઈ બાકી રહ્યો નથી.'

બીબી કહે છે કે –

'જ્યારે મેં આ મંઝર જોયું તો મેં જમણી ડાબી બાજુએ મારી ફુફી ઝયનબ ક્યાં છે તે

## ઇમામ હુસૈન (અ.)ની અઝાદારી વિષે

ઈમામ રિઝા (અ.)એ ફરમાવ્યું,

"એ માણસ કે જે આશુરાના દિવસે પોતાની (દુન્યવી) ઈચ્છાઓ પ્રાપ્ત કરવાથી દૂર રહે તો અલ્લાહ તઆલા તેની આ દુનિયાની અને આખેરતની તમન્નાઓને મંજૂર કરી દેશે."

(વસાઈલ અલ શીઆહ, ભાગ–૧૪, પેજ–૫૦૪)

જોવાનું શરૂ કર્યું એટલા માટે કે જો તેઓ નજરે પડે તો હું તેમની પાસે જઇને સંતાઇ જાઉં. એટલામાં તો એક દુશ્મન મારી તરફ આવવા લાગ્યો. તેને મારી તરફ આવતો જોઇને હું દોડીને નાસી ગઇ જેથી કદાચ હું તેના ઝુલ્મથી બચી જાઉં. તે અભાગીયાએ મારો પીછો કર્યો. હું કમજોર, અશક્ત અને ગભરાયેલી હોવાથી થોડાંક પગલાં દૂર ગઇ હતી એવામાં તો તે દુશ્મન મારી નજીક આવી ગયો અને મારી પીઠ ઉપર એવો નેઝો માર્યો કે હું મોઢાવરાણે નીચે પડી ગઇ. તે બેરહમે મારા માથા ઉપરથી ચાદર ઉતારી લીધી અને મારા કાનોમાંથી એટલી નિર્દયતાથી એરીંગ ઝૂંટવી લીધાં કે મારા કાનોની બુટ્ટીઓ ઝખમી થઇ ગઇ અને તેમાંથી લોહી નીકળવાનું ચાલુ થઇ ગયું. મારા ગાલ અને મોઢું લોહીલુહાણ થઇ ગયાં. એ પરિસ્થિતિમાં હું બેભાન થઇ ગઇ.'

બીબી આગળ કહે છે –

'જ્યારે થોડીવાર પછી હું ભાનમાં આવી તો મેં જાયું કે મારી ફુફી ઝયનબ મારા સિરહાને બેઠાં છે અને મને સહારો આપી રહ્યાં છે અને કંઇક કહી રહ્યાં છે, ઊઠો, (અહીંથી) જઇએ. મેં અરજ કરી, ફુફી અમ્મા ! ઝાલિમે મારા માથા ઉપરથી ચાદર ઝૂંટવી લીધી. અય ફુફી! હું ઊઘાડે માથે છું. મને ખુલ્લા માથે ચાલતાં શરમ આવે છે. પછી તે મોઅઝ્ઝમાએ જ્યારે આવા શબ્દો સાંભળ્યા તો ખૂબ રડ્યાં અને કહેવા લાગ્યાં, બેટી ! તું તારા ઊઘાડા માથાની મને શિકાયત કરે છે પરંતુ તારી ફુફી પણ તારી જ માફક ચાદર કે પડદા વગરની છે. ઝાલિમો મારી ચાદર પણ ઝૂંટવીને લઇ ગયા છે.

ત્યાર પછી જ્યારે અમે ખૈમાઓમાં પાછાં આવ્યાં તો બધી જ બીબીઓ ઊઘાડે માથે માતમ કરી રહી હતી. બધી જ જગ્યાએથી 'વા હુસૈના, વા હુસૈના'ના અવાજો બુલંદ થઇ રહ્યા હતા.'

(સંદર્ભ : બિહારૂલ મસાએબ, પેજ નં. ૩૦૩ થી ૩૦૬)

અલા લાઅનતુલ્લાહે અલલ કૌમિઝ્ઝાલેમીન.

*

જનાબ શેખ મુફીદ અને સૈયદ બિન તાઉસ બયાન કરે છે કે આશૂરાના દિવસે જ્યારે સૈયદુશ્શોહદા (અ.)ની શહાદત થઇ ચૂકી અને દુશ્મનો અહલેબયતના ખૈમા બાળી ચૂકયા અને અહલેહરમને લૂંટી ચૂકયા તો એ જ દિવસે ઉમર બિન સઅદે મઝલૂમે કરબલાના સર મુબારકને નેઝા ઉપર બુલંદ કરીને ખોલી બિન યઝીદ અને હમીદ બિન મુસ્લિમને આપીને અબ્દુલ્લાહ બિન ઝિયાદની પાસે રવાના કરી દીધું. ત્યાર પછી તે મલઊને એવો હુકમ આપ્યો કે બાકીના શહીદોનાં સર પર તેમના ધડથી જુદાં કરો. આથી તેના હુકમથી જ્યારે બધાં સર તેની સામે રજૂ કરવામાં આવ્યાં તો તેણે તે સરોની અરબના કબીલા પ્રમાણે વહેંચણી કરી દીધી અને શિમ્ર

બિન ઝિલજૌશન, કૈસ બિન અશઅશ અને ઉમરૂ બિનુલ હિજાજની સાથે તે સરોને કુફાની તરફ રવાના કરી દીધાં અને પોતે તે દિવસે અને તેના બીજા દિવસે બપોર સુધી ત્યાં રહ્યો અને પોતાનાં મડદાંની જનાઝાની નમાઝ પઢીને તેમને દફ્ન કરી દીધાં જ્યારે ફરઝંદે રસૂલે સકલૈન અને તેમના સ્વજનો અને સાથીઓની લાશોને કફ્ન–દફ્ન કર્યા વગર રહેવા દઈને કુફાની તરફ રવાના થઇ ગયો.

વળી તેણે એવો હુકમ આપ્યો કે અહલેબયતની ઓરતોને પલાણો વગરના ઊંટો પર સવાર કરીને સાથે લઇ ચાલો. ત્યાર પછી તે બેરહમોએ એવું જ કર્યું અને પાકદામન પવિત્ર ઓરતોને ઊઘાડે માથે, હાથોમાં રસ્સીઓ બાંધીને પલાણો વગરના ઊંટો પર સવાર કરી દીધાં. જનાબે સજ્જાદ (અ.)ના ગળામાં લોખંડની તૌક પહેરાવી સાંકળોમાં જકડી લઇને તેમને પણ ઉઘાડી પીઠવાળા ઊંટ પર સવાર કરી દીધા અને હુકમ કર્યો કે આ કાફલાને શહીદોની લાશો પાસેથી પસાર કરવામાં આવે જેથી પોતાના વારિસોની લાશોને બેગોરો કફ્ન જોઇને તેમનાં તૂટેલાં દિલોને વધારે તકલીફ પહોંચે.

જ્યારે બીબીઓએ શહીદોની લાશોનું મંઝર જોયું તો બધાંએ પોતાનાં માથાં કૂટયાં. રાવી કહે છે કે જો કે બધી ઓરતો બેતાબીથી અને રંજો અલમથી માથાં કૂટતી હતી પરંતુ મને જનાબે ઝયનબ (અ.)નું બેકરારીવાળું મંઝર ભૂલાતું નથી કેમકે આપ એવી બેતાબીથી બયાન કરતાં હતાં કે દરેક દોસ્ત અને દુશ્મનનું દિલ ધ્રુજી ઉઠતું હતું. તે બીબી ખૂબ જ મઝલૂમિયતભરી અવાજમાં કહી રહ્યાં હતાં :

'અય નાના મોહંમદ (સ.) ! અલ્લાહ તઆલાએ આપને બધા અંબિયા પર ફઝીલત આપી. બધા ફરિશ્તાઓએ આપના જનાઝાની નમાઝ પઢી. સઘળી મખ્લૂક આપના ઉપર દુરૂદ મોકલે છે પરંતુ હાય અફસોસ ! આપનો આ ફરઝંદ કે જેને આપ પોતાના ખોળામાં ઉછેરીને મોટો કર્યો હતો, ઈદના દિવસે આપ પોતે જ તેની સવારી બન્યા હતા, આજે તે હુસૈન કરબલાની ગરમ રેતી ઉપર કફ્ન અને કબર વગરનો પડયો છે. જાલિમોએ તેના એકે એક અંગના ટુકડે ટુકડા કરી નાખ્યા છે. કોઇ તેને દફ્ન કરનારું નથી.

અય નાના ! તમારી બેટીઓનો કોઇ સહારો નથી, તેમનો કોઈ વારસદાર નથી બચ્યો. તેમને કનીઝોની માફક કેદ કરીને બેપરદા બનાવીને લઇ જઇ રહ્યા છે. નાના ! અમે કોને ફરિયાદ કરીએ ? અમારી ફરિયાદ સાંભળનારું કોઇ બાકી નથી રહ્યું. ઝયનબ એવા ભાઇ ઉપર કુરબાન થઇ જાય કે જેને અત્યંત નિર્દયતાપૂર્વક ઝુબ્હ કરી દેવામાં આવ્યો છે. ઝયનબ કુરબાન થઇ જાય એવા મઝલૂમ ઉપર કે જેની શહાદત પછી તેના ખૈમાઓનાં દોરડાં કાપી નાખવામાં

આવ્યાં અને તેની અહલેહરમને લૂંટી લેવામાં આવી. કુરબાન થઈ જાય બહેન એવા ભાઈ ઉપર કે જેને દરેક પ્રકારની તકલીફો આપી દઈને મઝલૂમિયતની હાલતમાં મારી નાખવામાં આવ્યો. કુરબાન થઈ જાય એવા ભાઈ ઉપર કે જેને ત્રણ દિવસનો ભૂખ્યો તરસ્યો રાખીને કતલ કરી દેવામાં આવ્યો.'


રાવી કહે છે કે તે મોઅઝ્ઝમાનાં આવાં બયાન સાંભળીને યઝીદના લશ્કરીઓ પણ રડી રહ્યા હતા. એ મોઅઝ્ઝમાની આવી દુ:ખ ભરી વાતો સાંભળીને આંસુ વહાવી રહ્યા હતા અને તેમનાં આંસુ તેમની સવારીના જાનવરોની ખરીઓ પર પડી રહ્યાં હતાં.

અલા લાઅનતુલ્લાહે અલલ કૌમિઝ્ઝાલેમીન.


ખુશખબર... ખુશખબર...

**થરાદરા મહેંદીહસન** મો. ૯૪૨૬૪૭૨૪૨૯
મો. ૯૮૨૪૨૦૦૩૪૦

**નૂર ઈલેક્ટ્રીક વર્કસ**



**લાઈટ ફીટીંગ, પલ્મ્બર ફીટીંગ તથા ગેસ રીપેરીંગ કરી આપવામાં આવશે.**

**હોટલનો ગેસ સામાન મળશે.**

**ગ્રાહકને સંતોષકારક કામ કરી આપીશું**

**૧૧૭, સામર્થ્ય કોમ્પલેક્ષ, તાવડીયા ચાર રસ્તા, સિધ્ધપુર.**


તમારું દીની જ્ઞાન ચકાસો.

## ઈસ્લામી કવીઝ નં. ૨૨૫

**(૧) હઝરત રસૂલે ખુદા (સ.)ના જમાનામાં જે લોકો ભટકતું જીવન જીવતા હતા તેમને કયા શબ્દથી ઓળખવામાં આવતા હતા?**

(A) બદવી (B) હઝરી (C) અઝમી

**(૨) વ્યક્તિના આ'માલનો દારોમદાર શાના ઉપર રહેલો હોય છે ?**

(A) તેની ઈબાદત ઉપર

(B) તેની નિય્યત ઉપર

(C) તેની સચ્ચાઈ ઉપર

**(૩) મૌલા અલી (અ.)નાં બહેન કે જેમના ઘેરથી નીકળીને હઝરત રસૂલે ખુદા (સ.) મેઅરાજ માટે કા'બા શરીફમાં તશરીફ લાવ્યા હતા, તે બહેનનું નામ શું છે ?**

(A) ઉમ્મે ફરવા (B) ઉમ્મે હબીબા

(C) ઉમ્મે હાની

**(૪) હઝરત યૂસુફ પયગમ્બર (અ.)ને કેટલી વખત વેચવામાં આવ્યા હતા ?**

(A) બે વખત (B) એક વખત

(C) એક પણ વખત નહીં

**(૫) કુરાને મજીદમાં આત્મશુધ્ધિની વાત કયા સૂરામાં કરવામાં આવી છે ?**

(A) સૂરએ રહમાન (B) સૂરએ તાહા

(C) સૂરએ દહર

**(૬) નીચે આપેલા કુરાને મજીદના કયા સૂરાનો અર્થ 'ખોરાક' થાય છે ?**

(A) સૂરએ માએદા (B) સૂરએ મુજાદેલા

(C) સૂરએ મઆરિજ

# કુરઆન શિક્ષણ

અઝ
આકાએ નામદાર
પીર સૈયદ મોહંમદ
મુશાહિદહુસૈન
જાફરી(મદ્દે.)

## નબીઓ અને ઈમામો વિષેની આયતો

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

وَلَقَدْ مَنَنَّا عَلَيْكَ مَرَّةً اُخْرٰىٓ ﴿٣٧﴾

❂ અને ખરે જ એક બીજા સમયે પણ અમોએ તારા ઉપર ઉપકાર કર્યો હતો.

(પારો–૧૬, સૂરએ તાહા, આયત–૩૭)

---

اِذْ اَوْحَيْنَآ اِلٰٓى اُمِّكَ مَا يُوْحٰىٓ ﴿٣٨﴾

❂ જે વેળા અમોએ તારી મા તરફ ઘટતી વહી કરી :

(પારો–૧૬, સૂરએ તાહા, આયત–૩૮)

---

اَنِ اقْذِفِيْهِ فِى التَّابُوْتِ فَاقْذِفِيْهِ فِى الْيَمِّ
فَلْيُلْقِهِ الْيَمُّ بِالسَّاحِلِ يَاْخُذْهُ عَدُوٌّ لِّىْ وَ
عَدُوٌّ لَّهٗ ؕ وَاَلْقَيْتُ عَلَيْكَ مَحَبَّةً مِّنِّىْ ۚ وَ
لِتُصْنَعَ عَلٰى عَيْنِىْ ﴿٣٩﴾

❂ (અને કહ્યું) કે તે (બાળક મૂસા)ને એક પેટીમાં મૂક અને તે પેટીને સમુદ્રમાં નાખી દે, સમુદ્ર તેને કાંઠે નાખી દેશે અને ત્યાંથી મારો તથા તેનો શત્રુ તેને ઊંચકી લેશે; અને મેં મારા તરફથી તારા ઉપર મારા પ્રેમનું પ્રતિબિંબ નાખ્યું અને એ માટે કે તું મારી દેખરેખ હેઠળ પોષાય.

(પારો–૧૬, સૂરએ તાહા, આયત–૩૯)

---

اِذْهَبَآ اِلٰى فِرْعَوْنَ اِنَّهٗ طَغٰى ﴿٤٣﴾

❂ (હવે) તમે બન્ને ફિરઔન પાસે જાઓ કારણ કે તે (અત્યંત) ઉધ્ધત (શીરજોર) બની ગયો છે.

(પારો–૧૬, સૂરએ તાહા, આયત–૪૩)

---

فَقُوْلَا لَهٗ قَوْلًا لَّيِّنًا لَّعَلَّهٗ يَتَذَكَّرُ اَوْ يَخْشٰى ﴿٤٤﴾

❂ પછી તમે તેની સાથે નરમાશથી વાતો કરજો કે કદાચને તે બોધ ગ્રહણ કરે અથવા (અમારા અઝાબથી) ભય પામે.

(પારો–૧૬, સૂરએ તાહા, આયત–૪૪)

قَالَا رَبَّنَآ إِنَّنَا نَخَافُ أَن يَفْرُطَ عَلَيْنَآ أَوْ أَن يَطْغَىٰ ﴿٤٥﴾

❂ (તેઓ બન્નેએ) અરજ કરી કે હે અમારા પરવરદિગાર ! અમને આ વાતનો પૂરો ભય છે કે તે અમારા ઉપર સખ્તાઈ કરે અથવા (વધુ) ઉધ્ધતાઈ બની જાય.

(પારો–૧૬, સૂરએ તાહા, આયત–૪૫)

---

قَالَ لَا تَخَافَآ إِنَّنِي مَعَكُمَآ أَسْمَعُ وَأَرَىٰ ﴿٤٦﴾

❂ ફરમાવ્યું, તમે (મુદ્દલ) બીઓ મા, નિ:સંશય હું તમારી સાથે જ છું (અને તમારા પર જે વિતશે તે) ખરે જ હું સાંભળું તથા જોઉં છું.

(પારો–૧૬, સૂરએ તાહા, આયત–૪૬)

---

قَالَ بَلْ أَلْقُوا ۖ فَإِذَا حِبَالُهُمْ وَعِصِيُّهُمْ يُخَيَّلُ إِلَيْهِ مِن سِحْرِهِمْ أَنَّهَا تَسْعَىٰ ﴿٦٦﴾

❂ (મૂસાએ) ફરમાવ્યું, નહીં, તમે જ નાખો; જેથી તેમનાં દોરડાં, લાકડીઓ, વગેરે તેમના જાદુના બળે તેને એવાં દેખાવા લાગ્યાં કે જાણે મોટા (વિકરાળ) સર્પ બની દોડી રહ્યા છે.

(પારો–૧૬, સૂરએ તાહા, આયત–૬૬)

---

فَأَوْجَسَ فِي نَفْسِهِ خِيفَةً مُّوسَىٰ ﴿٦٧﴾

❂ ત્યારે મૂસાને પણ પોતાના મનમાં કાંઈક ભય લાગ્યો.

(પારો–૧૬, સૂરએ તાહા, આયત–૬૭)

---

قُلْنَا لَا تَخَفْ إِنَّكَ أَنتَ الْأَعْلَىٰ ﴿٦٨﴾

❂ જેથી અમોએ તેને કહ્યું, ડર નહીં, નિ:સંશય તું જ સર્વોપરી થશે.

(પારો–૧૬, સૂરએ તાહા, આયત–૬૮)

**જાફરી આવાઝનું કુરિઅર સરનામુ** મશાયખ કમ્પ્યૂટર, જાફરી આવાઝ(માસિક), આરઝૂ કોમ્પલેક્ષ, બીજે માળે, એલ. આઈ.સી. ઓફિસની બાજુમાં, ન્યાય મંદિર, હિંમતનગર. મો.૯૯૨૫૭૩૦૧૦૭



# અહાદીસ

અનુવાદક : જનાબ સૈયદ ઓવેસઅેહમદ ઝેડ. જાફરી

કિતાબ
**ઈર્શાદાતે રસૂલ**(સ.)

## ૧૬ ઈસ્લામ અને ઈમાન વિષે

قَالَتِ الْأَعْرَابُ آمَنَّا ۖ قُل لَّمْ تُؤْمِنُوا وَلَٰكِن قُولُوا أَسْلَمْنَا وَلَمَّا يَدْخُلِ الْإِيمَانُ فِي قُلُوبِكُمْ...(١٤)

અરબના બદ્દુ લોકો કહે છે કે અમે ઈમાન લાવ્યા છીએ. હે રસૂલ ! તેમને જણાવી દો કે તમે ઈમાન નથી લાવ્યા પરંતુ એમ કહો કે અમે ઈસ્લામ લાવ્યા. વાસ્તવમાં તો ઈમાન તમારા દિલોમાં પ્રવેશ્યું જ નથી.

(સૂરએ હુજરાત, આયત-૧૪)

(૨૧૧) અલ્લાહે ઈસ્લામનું સર્જન કર્યું અને તેના માટે એક મેદાન નક્કી કર્યું અને એક નૂરની નિમણૂક કરી અને તેના માટે એક સુરક્ષાચક્ર પણ નક્કી કર્યું અને એક મદદગાર પણ આપ્યો. ઈસ્લામનું મેદાન કુરાન છે, તેનું નૂર હિકમત છે, તેનું સુરક્ષાચક્ર નેકી છે અને તેના મદદગાર હું અને મારી અહલેબૈત અને અમારો પરવરદિગાર છીએ તેથી તમે મારી અહલેબૈતથી મોહબ્બત રાખો. (ઉસૂલે કાફી, જિલ્દ-૩, નિસ્બતુલ ઈસ્લામ, હદીસ-૩)

(૨૧૨) ઈસ્લામનો પહેરવેશ શરમ અને લજ્જા છે. તેનું ઘરેણું વફાદારી છે. તેની દોલત ઉચ્ચ ચારિત્ર્ય છે. તેનો મિનારો પરહેઝગારી છે. દરેક વસ્તુનો એક પાયો હોય છે. ઈસ્લામનો પાયો અમારી (અહલેબૈત)ની મોહબ્બત છે. (અમાલી અલ સદૂક, મજલિસ-૪૫, હદીસ-૧૬)

(૨૧૩) બેશક ઈસ્લામની શરૂઆત ગરીબીની સ્થિતિમાં થઈ હતી અને (લોકોની આમાલ પ્રત્યેની બેદરકારીને કારણે) નજીકમાં જ ગરીબી તરફ પાછો ફરશે. (મજાઝાત અલ નબવીયા, સફા-૩૨)

(૨૧૪) ઈસ્લામનો પાયો પાંચ વસ્તુઓ પર છે: (૧) બે સાક્ષીઓ પર (૨) બે નજીકની વસ્તુઓ ઉપર. આપને પૂછવામાં આવ્યું, આ નજીકની વસ્તુઓ કઈ છે? આપે જવાબમાં ફરમાવ્યું, "નમાઝ અને ઝકાત કે જે એક બીજા વગર કબૂલ થતી નથી." (૩) રમઝાનના રોઝા (૪) જે શકિત ધરાવે છે તેમના માટે હજ (૫) ઈમામોની વિલાયત. આ તમામ વસ્તુઓ વિલાયત પર પૂરી થાય છે. તેના જ વિષે અલ્લાહે ફરમાવ્યું, 'આજે તમારો દીન સંપૂર્ણ થયો.' (તરાએફુલ હિકમ, જિલ્દ-૨, સફા-૨૩, નકલ અઝ અમાલી તૂસી)

(૨૧૫) અલ્લાહની કસમ કોઇ બંદો ત્યાં સુધી મુસલમાન નથી થઇ શકતો જ્યાં સુધી તેનું દિલ અને તેની જીભ બન્ને ઈસ્લામ કબૂલ ન કરે.
(મજાઝાત અલ નબવીયા, સફા-૩૫૮)

(૨૧૬) ઈસ્લામના પાયાના ગુણો ચાર છે : (૧) સબર (૨) યકીન (૩) જિહાદ અને (૪) ન્યાય.
(જામેઅ અલ અખ્બાર, સફા-૪૩)

(૨૧૭) મુસલમાન તે છે કે જેની જીભ અને હાથથી બીજા મુસલમાનો સુરક્ષિત રહે.
(જામેઅ અલ અખ્બાર, સફા-૪૩)

(૨૧૮) ઈમાન જીભથી એકરાર કરવાનું, દિલથી માઅરેફત હાંસલ કરવાનું, અને અંગોથી અમલ કરવાનું નામ છે.
(ઉયૂન અખ્બાર અલ રિઝા, જિલ્દ-૧, બાબ-૨૨, હદીસ-૧)

(૨૧૯) જેનામાં ત્રણ ગુણો હોય તો તેનું ઈમાન સંપૂર્ણ છે : (૧) જ્યારે ખુશ થાય ત્યારે તેની ખુશી તેને કોઇ ખરાબ કામમાં ન નાખે (૨) જ્યારે નારાજ થાય તો તેનો ગુસ્સો તેને હકથી ફેરવી ન દે (૩) જ્યારે સમર્થ બને તો અણછાજતો જુલ્મ ન કરે.
(ઉસૂલે કાફી, જિલ્દ-૩, બાબુલ મોમિન)

(૨૨૦) જેને તેની બદીઓ દુ:ખી કરે અને તેનો નેક અમલ ખુશ કરે તે મોમિન છે. (અમાલી અલ સદૂક, મજલિસ-૩૬, હદીસ-૮)

(૨૨૧) ત્રણ ચીજો ઈમાનની હકીકત છે : (૧) પૈસાની તંગીમાં ખર્ચ કરવું (૨) લોકોની સાથે પોતાનાં હિતો અવગણીને ન્યાય કરવો (૩) વિદ્યાર્થીઓને ઈલ્મ આપવું. (ખિસાલ સદૂક, બાબુલ સલાએહ, હદીસ-૧૦૧)

(૨૨૨) ઈમાનના ચાર મિનારા છે : (૧) સૌથી પહેલાં એ કે તમે તમારા રબની માઅરેફત હાંસલ કરો. (૨) તમે જાણી લો કે અલ્લાહે તમને શું આપ્યું છે. (૩) તમે જાણી લો કે અલ્લાહ તમારાથી શી અપેક્ષા રાખે છે. (૪) તમે એ બાબતો જાણી લો કે જે તમને તમારા દીનથી દૂર કરે છે.
(ઈસ્ના અશરીયા, સફા-૧૫૧)

(૨૨૩) કોઇ બંદો ત્યાં સુધી મોમિન નથી બની શકતો જ્યાં સુધી ચાર બાબતો ઉપર ઈમાન ન ધરાવે : (૧) અલ્લાહ સિવાય કોઇ માઅબૂદ નથી, તે એક છે અને તેનો કોઇ શરીક નથી. (૨) હું અલ્લાહનો રસૂલ છું અને મને હકની સાથે જાહેર કરવામાં આવ્યો છે. (૩) મૃત્યુ પછીના જીવન પર ઈમાન. (૪) અલ્લાહની મરજી (કઝા અને કદ્ર). ઉપર ઈમાન.
(ઈસ્ના અશરીયા, સફા-૧૫૧)

(૨૨૪) કોઇ પણ બંદાનું ઈમાન ત્યાં સુધી સંપૂર્ણ થતું નથી જ્યાં સુધી તેનામાં પાંચ ગુણો ન હોય : (૧) અલ્લાહ પર

તવક્કલ (વિશ્વાસ) (૨) અલ્લાહના હુકમોને કબૂલ રાખે (૩) પોતાના મામલાઓને અલ્લાહને હવાલે કરે. (૪) અલ્લાહના નિર્ણયો પર રાજી રહે. (૫) અલ્લાહ તરફથી આવી પડેલી આફતો પર સબર કરે.

(સફીનતુલ બિહાર, જિલ્દ-૧, સફા-૩૮૮)

(૨૨૫) ઈમાનના બે ભાગ છે : એક ભાગ સબ્ર છે અને બીજો ભાગ શુકર છે.

(જામેઅ અલ અખ્બાર, સફા-૪૨)

(૨૨૬) કોઈ પણ બંદાના ઈમાનનો સૌથી ઉચ્ચ દરજ્જો તે છે કે તે જ્યાં પણ હોય ત્યાં યકીન રાખે કે અલ્લાહ તેની સાથે છે. (જામેઅ અલ અખ્બાર, સફા-૪૨)

*





**સુપર વાયર પ્રોડક્ટ**

અમારે ત્યાં હોટલ/રેસ્ટોરન્ટના કંપાઉન્ડ, પાર્ટી પ્લોટ અને ખેતરની ફરતે તારની વાડ (જાળી)નું ફેન્સીંગ વ્યાજબી ભાવે સંતોષકારક કરી આપવામાં આવશે.

કાંટા તારનું જાતે પ્રોડકશન કરીને હોલસેલના ભાવે જાળીનું ફેન્સીંગ કરી આપીશું.

**સુલતાનઅલી ડી. પલસાણીયા**
**મો. ૯૮૭૯૩૩૮૫૭૮, ૮૪૮૫૯૩૩૮૨૨**
**મોહસિનઅલી જી. પલસાણીયા**
**મો. ૯૪૨૮૬૦૯૪૩૦**
**(વાઘરોલવાળા)**

૧૧, જલારામ એસ્ટેટ, રેલ્વે ક્રોસીંગની બાજુમાં, સરખેજ–સાણંદ રોડ, અમદાવાદ – ૩૮૨ ૨૧૦

અસ્સલામો અલયકુમ

આથી હોટલ અને રેસ્ટોરન્ટના પાન પાર્લર ચલાવતા તમામ ભાઈઓને જણાવતાં આનંદ અનુભવીએ છીએ કે સતત બે વર્ષથી આપ સૌનો સાથ સહકાર અમોને મળી રહ્યો છે તે બદલ આપ સૌનો દિલોજાનથી ખૂબ ખૂબ આભાર. આવનાર વર્ષોમાં પણ આપનો સહકાર મળતો રહેશે એવી અપેક્ષા રાખીએ છીએ.

ભાવ બાબતે અમારી સાથે મુકતપણે ચર્ચા કરી શકો છો.

અમારો હેતુ સમાજના હિતમાં રહ્યો છે અને રહેશે.

**યાદગાર હોજીયરી** — **મો.૯૦૩૩૧૨૭૪૪૦**

**સહયોગ ફૂટવેર** — **મો.૭૮૭૪૮૮૪૬૫૭**

**વાઘરોલવાળા**

**જુમ્આ મસ્જિદની સામે, બગડીયા માર્કેટ, પહેલા માળે,**
**સન્માન રેસ્ટોરન્ટની બાજુમાં, ગાંધી રોડ, અમદાવાદ-૩૮૦૦૦૧**

# ગ ડ મ થ લ ૨૪૪

:::::: સંપાદક:::::
માસૂમ મહેરપુરી
(મહેરપુરા)

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | ■ | ૩ | ૪ | | ૫ | | ■ |
| | ■ | | ■ | ૬ | | ■ | | ■ | ૭ |
| ■ | ૮ | | ૯ | ■ | ૧૦ | | ■ | ૧૧ | |
| ૧૨ | ■ | ■ | ૧૩ | | | ■ | ૧૪ | ■ | |
| ૧૫ | ૧૬ | ■ | | ■ | ■ | ૧૭ | | ૧૮ | |
| ૧૯ | | ૨૦ | ■ | ૨૧ | | | ■ | ૨૨ | |
| | ■ | ૨૩ | | | ■ | ૨૪ | | | ■ |
| ૨૫ | ૨૬ | | ■ | ૨૭ | ૨૮ | | ■ | ■ | ૨૯ |
| ■ | | ■ | ૩૦ | ■ | | ■ | ૩૧ | ■ | |
| ૩૨ | | | | | ■ | ૩૩ | | | |

**::::: આડી ચાવીઓ :::::**

(૧) નબી (સ.)ની શાનમાં ગવાતી નઝમ (૩)
(૩) કદર કરનાર માણસ (૫)
(૬) સરદાર, હાકેમ (૨)
(૮) વાણી, કાવ્ય કે લખાણ (૩)
(૧૦) બગીચો, ઉધાન (૨)
(૧૧) મહિનો, ચંદ્ર (૨)
(૧૩) એક પ્રખ્યાત મરસિયા કહેનાર (૩)
(૧૫) ફાટેલા કપડાના ચીરાને કે કાણાને દોરાથી ગૂંથવું (૨)
(૧૭) શાબાશ, વાહ વાહ (૪)
(૧૯) આકાશ, આસમાન (૩)
(૨૧) પ્રશંસા કાવ્ય, પ્રશસ્તિ ગીત (૩)
(૨૨) રણ પ્રદેશ, રણ ભૂમિ (૨)
(૨૩) દર્શન (૩)
(૨૪) અનાથ (૩)
(૨૫) તખ્તી, અસ્હાબે કહફને અસ્હાબે......... પણ કહેવાય છે. (૩)
(૨૭) સ્થળ, ઘર (૩)
(૩૨) જોખમથી ભરેલું (૫)
(૩૩) આકાશમાં ઉડવું, ઉડ્ડયન (૪)

**::::: ઊભી ચાવીઓ :::::**

(૧) પયગમ્બર (૨)
(૨) મહાન, 'અલ્લાહ' શબ્દની પછી વપરાય છે.(૩)
(૩) ઊણપ, ઓછપ (૨)
(૪) સભા, રાજસભા (૪)
(૫) ડાઘ, ડાઘો, ધબ્બો (૨)
(૭) મહેરબાની કરનાર (૫)
(૯) સહાયતા (૩)
(૧૨) તરફેણ કરનાર, સમર્થક (૫)
(૧૪) કાંટા, કંટક (૨)
(૧૬) ગુલ, પુષ્પ (૨)
(૧૭) ઈરાકનું એક શહેર, હઝરત સલ્માન ફારસીનો મઝાર તે શહેરમાં આવેલ છે.(૪)
(૧૮) ઘર, મસ્જિદ, પવિત્ર માણસોના મઝાર (૩)
(૨૦) જૂનું, પુરાણું (૩)
(૨૧) કૃપા, મહેરબાની (૩)
(૨૬) મૂલ્ય (૩)
(૨૮) મખ્રજની સાથે કુરાન શરીફની તિલાવત કરનાર વ્યક્તિ (૨)
(૨૯) દાસી, નોકરડી (૩)
(૩૦) પ્રશંસા, ગુણગાન (૨)
(૩૧) એક સુપ્રસિધ્ધ પર્વતનું નામ (૨)

# નબવી અદાલત

કિતાબ નહજુલ ફસાહતમાંથી : અલ્લામા સૈયદ નસીરૂલ ઈજ્તેહાદી

## ચુકાદો નંબર-૨૨

### વસિયત

ઝહરીથી રિવાયત છે કે ઈબ્ને અબી વક્કાસ કહે છે :

રસૂલે ખુદા(સ.) હુજ્જતુલ વિદાઅના વર્ષે મારી ખબર અંતર પૂછવા માટે તશરીફ લાવ્યા. મેં કહ્યું,

'યા રસૂલિલ્લાહ ! દર્દની અતિશયતાને કારણે મારી જે હાલત છે તે આપની નજર સમક્ષ છે. હું જાયદાદ ધરાવનાર માણસ છું અને એક દીકરી સિવાય મારો કોઈ વારસદાર નથી તો શું હું ૨/૩ (બે તૃત્યાંશ) માલ અલ્લાહની રાહમાં ખેરાત કરી શકું છું ?'

આપ(સ.)એ ફરમાવ્યું,

'ના.'

મેં કહ્યું,

'તો પછી અડધો માલ ખેરાત કરી દઉં ?'

એ સાંભળીને પણ આપે ફરમાવ્યું,

'ના.'

મેં કહ્યું,

'સારું તો ત્રીજો ભાગ ખેરાત કરી દઉં?'

આપ(સ.)એ ફરમાવ્યું,

'ત્રીજો ભાગ પણ ખૂબ વધારે છે.'

વળી મૂતામાં એવું લખેલું છે કે જ્યારે તેમણે ૨/૩ (બે તૃત્યાંશ) ભાગ ખેરાત કરવાનું કહ્યું તો રસૂલે કરીમ(સ.)એ ફરમાવ્યું,

'ના.'

ત્યાર પછી તેણે અડધો ભાગ ખેરાત કરવાનું કહ્યું તો તેનો પણ આપે ઈન્કાર કર્યો. પછી ત્રીજા ભાગ માટે પણ આપે ફરમાવ્યું,

'ત્રીજો ય વધારે છે. જુઓ, તમારા વારસદારને ખુશહાલ છોડવો એના કરતાં બેહતર છે કે તેને તંગદસ્ત અને મુફલિસ છોડી દેવામાં આવે અને તે બારણે બારણે જઈને ભીખ માગે અને આમ તો જે કંઈ તમે અલ્લાહની રાહમાં ખર્ચ કરશો તેનો બદલો મેળવશો એટલે સુધી કે જે કોળિયો તમે તમારી પત્નીના મોઢામાં મૂકો છો તેનો પણ તમને સવાબ મળશે.'

ત્યાર પછી મેં અરજ કરી,

'યા રસૂલિલ્લાહ ! હું મારા સાથીદારોથી પાછળ રહી જઈશ.'

તો આ સાંભળીને રસૂલે કરીમ(સ.)એ ફરમાવ્યું,

'તમે કદાપિ પણ પાછળ નહીં રહી જાઓ અને નેક અમલ કરતા રહેશો અને જે અમલથી તમે અલ્લાહની રજામંદી મેળવવાની ઈચ્છા રાખશો તેનાથી તમારા દરજ્જાઓ બુલંદ થશે અને કદાચ તમે પાછળ રહી જાઓ અને અમુક જણ તમારાથી ફાયદો ઉઠાવે અને કેટલાકથી

તમને તકલીફ પહોંચે.'

ત્યાર પછી આપે દુઆ ફરમાવી,

'બારે ઈલાહા ! મારા અસ્હાબોને હિજરત પર કાયમ રાખજે અને તેમને પાછલી હાલત પર ન ફેરવજે.'

**ચુકાદો નંબર-૨૩**

**સદકો અને હિબહ(બક્ષિસ)**

મૂતા ઈમામ માલિકમાં છે કે એક અન્સારીએ પોતાના મા-બાપને સદકા સ્વરૂપે કંઈક માલ આપ્યો. તે બન્ને મરી ગયાં અને તેમનો એ જ બેટો તેમના માલનો માલિક અને વારસદાર બન્યો. આ બાબતમાં રસૂલે કરીમ(સ.)ને પૂછવામાં આવ્યું તો આપ(સ.)એ ફરમાવ્યું,

'તમારી મીરાસ (વારસો) લઈ લો અને સદકો કરવાનો સવાબ ફરીથી પણ તમને મળશે.'

કિતાબ અકિઝયતુર્ રસૂલમાં જાબિરથી રિવાયત છે કે રસૂલે કરીમ(સ.)એ એક અન્સારી ઓરતની બાબતમાં ચુકાદો આપ્યો. તેણીને તેના બેટાએ ખજૂરનો એક બાગ આપ્યો હતો. પછી તે મરી ગઈ તો તેના બેટાએ કહ્યું,

'મેં તો તેને જિંદગીભર માટે આપ્યો હતો (જો કે તેના બીજા પણ ભાઈઓ હતા અને તેઓ પણ તેણીના તર્કાના (મૂકી ગયેલ માલના) વારસદારો હોય છે તેથી તેણે કહ્યું કે મેં જિંદગીભર માટે આપ્યો હતો.)'

તો રસૂલ(સ.)એ ફરમાવ્યું,

'નહીં, જિંદગીમાં પણ તેણીનો જ અને મર્યા પછી પણ તેણીનો જ રહેશે.'

આ સાંભળીને પેલા માણસે કહ્યું,

'એ તો મેં સદકા સ્વરૂપે આપ્યો હતો.'

તો આપ(સ.)એ ફરમાવ્યું,

'તારે એવું કહેવું જોઈએ નહીં. એ તારા માટે મુનાસિબ નથી.'

નોઅમાનથી રિવાયત છે કે તેમના બાપ તેમને રસૂલે કરીમ(સ.)ની ખિદમતમાં લઈ ગયા જેથી આપ(સ.) તે ગુલામ ઉપર સાક્ષી થઈ શકે કે જેને નોઅમાનને તેમના બાપે આપ્યો હતો. રસૂલે કરીમ(સ.)એ ફરમાવ્યું,

'શું તમે તમારા દરેક છોકરાને આવી રીતે ગુલામ આપ્યો છે ?'

નોઅમાનના પિતાએ કહ્યું,

'ના.'

આ સાંભળીને રસૂલ(સ.)નો ઈરશાદ થયો,

'તેને પાછો આપી દો અને ઓલાદમાં ઈન્સાફ કરો અને ખુદાથી ડરો.'

મુસ્લિમમાં એવી સ્પષ્ટતા કરવામાં આવી છે કે નોઅમાનની માતાએ બશરને કહ્યું,

'તમે તમારી બક્ષિસ પર રસૂલે કરીમ(સ.) ને ગવાહ કરી લો.'

બશીર આખા વર્ષ સુધી આ વાતને ટાળતા રહ્યા. છેવટે તેના આગ્રહથી તેને આપી દીધો. તેણે કહ્યું,

'જ્યાં સુધી રસૂલિલ્લાહ(સ.)ને ગવાહ નહીં કરો ત્યાં સુધી હું રાજી નહીં થાઉં.'

રસૂલે કરીમ(સ.)એ ફરમાવ્યું,

'હું કદાપિ જુલ્મ ઉપર ગવાહ નહીં બનું.'

મૌલા અલી(અ.)ના જીવન પ્રસંગો પર આધારિત કિતાબ

# અલ ઈર્શાદ

:: લેખક ::
શેખ મુફીદ

## જંગે બદ્ર

(ગતાંકનું ચાલુ)

(મોહંદ બિન ઈસ્હાકે યઝીદ બિન રૂમાનના હવાલાથી અને તેમણે ઉરૂહ બિન ઝુબૈરના હવાલાથી બયાન કર્યું છે કે)

બદરના જંગમાં હઝરત અલી (અ.) એ તઈમા બિન અદી તરફ ડગ માંડયાં અને ભાલાથી તેની છાતી છેદી નાખી અને બોલ્યા, 'ખુદાની કસમ, આજના દિવસ પછી કયારેય પણ અલ્લાહની બાબતમાં અમારો વિરોધ નહીં કરે.'

(અબ્દુર્રઝાકે મુઅમ્મરના હવાલાથી અને તેમણે ઝહરીના હવાલાથી બતાવ્યું છે કે તે કહે છે કે)

'જ્યારે રસૂલે ખુદા (સ.)એ આ સાંભળ્યું કે બદરમાં નોફેલ બિન ખુવેલ્દ આવ્યો છે તો આપે બદદુઆ કરી કે 'અય અલ્લાહ ! તું મારા ખાતર નોફેલને બરબાદ કરવા માટે કાફી છે.'

જ્યારે કુરૈશના પગ ઉખડી ગયા તો હઝરત અલી ઈબ્ને અબીતાલિબ (અ.) તેની (એટલે કે નોફેલની) પાસે આવ્યા. તે સખત ઉલઝનમાં હતો. આપે પોતાની તલવારની ઝર્બ લગાવી જેને કારણે તેણે પોતાની ઢાલ ઉપર રોકી લીધી અને આપને ધુત્કારી દીધા. જ્યારે ઝિરહ અને બખ્તરથી તેનું આખું શરીર ઢંકાયેલું હતું તેથી આપે તેના પગો ઉપર વાર કર્યો અને પગ કાપી નાખ્યા. પછી એક ઝર્બ એવી લગાવી કે તેનું કામ તમામ થઈ ગયું. જ્યારે આપ પયગમ્બર(સ.)ની પાસે પાછા આવ્યા તો આપે રસૂલે ખુદા (સ.) ના આ શબ્દો સાંભળ્યા : 'તમારામાંથી કોણ છે કે જે નોફેલની ખબર મને આપે?'

આપ (અ.)એ જવાબ આપ્યો, 'અય અલ્લાહના રસૂલ ! મેં તેને હલાક કરી દીધો.' અલ્લાહના રસૂલ (સ.)એ કહ્યું, 'અલ્લાહુ અકબર, અય અલ્લાહ ! તેં મારી દુઆ કબૂલ કરી લીધી કે જે મેં તેના બારામાં માગી હતી.' મશહૂર શાયર ઉસદ બિન અબી અયાસે તે બાબતમાં નઝમ લખી છે કે અમીરુલ મોમિનીન (અ.)એ બદરની લડાઈમાં જે વિશિષ્ઠ કામગીરી બજાવી હતી અને આપના હાથે કુફ્ફારે કુરૈશનો જે હશ્ર થયો તેનું વર્ણન આવી રીતે છે : (ભાવાર્થ)

(કુરૈશમાં) જે કોઈ મિટિંગ થાય છે તેમાં આ ઝિક્ર તો ચોકક્સ થાય જ છે કે એક નવજવાને મોટી ઉંમરના અને અનુભવીને પરાજિત કરી દીધો કે જેમની સવારીઓ બેહતરીન હતી.

તમારી પાસે દરેક વસ્તુની વિપુલતા હતી. શું તમે તેનાથી ઈન્કાર કરી શકો છો ? અગર તમારી જગ્યાએ નેક લોકો હોત તો શરમાઈ જાત.

ફાતેમાના બેટાએ તમને બરબાદ કરી

નાખ્યા, તમને કતલ કર્યા, તમને મોતના મુખમાં ધકેલી દીધા અને તે પણ એક જ ઝટકામાં.

(મોટી) મોટી રકમો ખર્ચ કરવામાં આવી કે એ ઝર્બોને (ઝટકાઓને) રોકવામાં આવે, ગુલામોને ઉશ્કેરવામાં આવ્યા પરંતુ કોઇ ફાયદો ન થયો.

બાલિગ લોકો કયાં ચાલ્યા ગયા હતા ? કબીલાઓના સરદારો કયાં હતા ? જ્યારે એ ભયંકર દૃશ્યો જોવા મળ્યાં હતાં, ત્યારે એ વાદી (ખીણ)ના નામાંકિત લોકો કયાં હતા ?

એક નવજવાને બધાને બરબાદ કરી દીધા. બધાને મોતની આગમાં નાખી દીધા. તેની તલવારનો જખમ કારી હતો કે જે મોતને ચમકાવતો હતો.

## જંગે ઓહદ

જંગે બદ્ર પછી જંગે ઓહદ લડવાની ફરજ પડી. તેમાં પણ રસૂલલ્લાહ (સ.)એ ઈસ્લામી નિશાન (અલમ) અમીરુલ મોમિનીન (અ.) ને સોંપ્યો જેવું કે આના પહેલાં જંગે બદ્રમાં કરવામાં આવ્યું હતું. એ ઉપરાંત અમીરુલ મોમિનીન (અ.)ને ઈસ્લામી ઝંડો આપવામાં આવ્યો. તેઓ એવા એકલા સિપેહસાલાર હતા કે જેમને ઈસ્લામી અલમ અને ઝંડો બન્ને આપવામાં આવ્યાં હતાં. આ જંગમાં પણ વિજય એમના હાથે પ્રાપ્ત થયો. વિજય પ્રાપ્ત કરવાની પધ્ધતિ બિલકુલ એવી જ હતી કે જેવી રીતે જંગે બદ્રમાં વિજય મળ્યો હતો. આ જંગમાં આપે વિશિષ્ઠ કામગીરી બજાવી જો કે આ જંગમાં આપને જબરદસ્ત કષ્ટોનો સામનો કરવો પડયો પરંતુ આપે ખૂબ જ સબ્રથી અને ગંભીરતાથી કામ લીધું અને અડગતાપૂર્વક જંગ લડતા રહ્યા જ્યારે કે આપના બીજા સાથીદારોના કદમ ઉખડી ગયા હતા અને તે લોકો જંગના મેદાનમાંથી નાસી ગયા હતા. આપ દરેક વખત પયગમ્બરે ઈસ્લામ (સ.)ની સલામતી માટે ચિંતિત રહેતા હતા. પયગમ્બરે ઈસ્લામ (સ.) ની દેખભાળ બીજા કોઇ મુસલમાને નહોતી રાખી. અલ્લાહ તઆલાએ આપની તલવારથી ઘણા બધા સરદારોને હલાક કરી દીધા. આ બધા સરદારો બુતપરસ્ત અને ગુમરાહ હતા. આપના વ્યકિતત્વને કારણે અલ્લાહ તઆલાએ પોતાના પયગમ્બર (સ.)ની મુશ્કેલીઓને સહેલી બનાવી દીધી. જિબ્રઇલ (અ.)એ આ જંગના વિજયની પરિસ્થિતિથી આસમાનના અને કાઇનાતના ફરિશ્તાઓને પરિચિત કર્યા. રસૂલે ખુદા (સ.) એ એ સઘળા ફઝાઈલોના પાયા ઉપર આપને વિશિષ્ટ દરજ્જો આપ્યો જે સામાન્ય લોકોમાં જોવા મળતો નથી.

(આ પ્રસંગ યહ્યા બિન અમ્મારાએ બયાન કર્યો છે કે તેમને હસન બિન મૂસા બિન રિયાહે બતાવ્યું હતું કે જે અન્સારોનો ખાદિમ હતો અને તેને અબૂ બખ્તરી કુરૈશીએ બતાવ્યો હતો:)

“કુરૈશનો અલમ અને ઝંડો બન્ને કઝા બિન કલાબના હાથોમાં હતા. તેની સરખામણીમાં અબ્દુલ મુત્તલિબના બેટાઓની પાસે પરચમ હતો અને એ દરમિયાન અલ્લાહ તઆલાના

હુકમથી પયગમ્બરે ખુદા (સ.) ત્યાં આવ્યા. આપે પરચમને અને ઝંડાને બની હાશિમના હવાલે કરી દીધા અર્થાત્ ઈસ્લામનો અલમ હુઝૂર (સ.)એ અલી (અ.) ઈબ્ને અબીતાલિબના હાથોમાં આપી દીધો.

આ પ્રસંગ જંગે વદાનમાં બન્યો હતો. આ સૌથી પહેલો જંગ હતો કે તેમાં ઈસ્લામી પરચમનો ઉપયોગ કરવામાં આવ્યો હતો અને ઈસ્લામના પરચમના ઉપયોગનો હુકમ પયગમ્બરે ખુદા (સ.)એ આપ્યો હતો. આ એ જ પરચમ હતો કે જે હઝરત (અલી)ના હાથોમાં જંગે બદ્રમાં રહ્યો અને પાછળથી આ જ પરચમ જંગે ઓહદમાં પણ આપના હાથોમાં રહ્યો અને બન્ને જંગોમાં મુસલમાનોને જબરદસ્ત સફળતા મળી હતી. આ જંગમાં કોમી ઝંડો અબ્દુદારના બેટાઓની પાસે હતો પરંતુ પયગમ્બરે ખુદા (સ.)એ તેમની પાસેથી ઝંડો લઈ લીધો અને મુસય્યબ બિન ઉમૈરને આપી દીધો. જંગમાં તે શહીદ થઈ ગયા અને તેમના હાથોમાંથી ઝંડો પડી ગયો. કબાઈલી લોકોએ તેને સારો શુકન ન ગણ્યો. પયગમ્બરે ખુદા (સ.)એ ઝંડો ઉઠાવીને અલી (અ.) ઈબ્ને અબીતાલિબના હવાલે કરી દીધો. તે દિવસ પછી આ જ સુધી ઈસ્લામી પરચમ અને ઈસ્લામી ઝંડો બન્નેના સાચા વારસદાર બની હાશિમને સમજવામાં આવે છે.''

(મુફઝઝલ બિન અબ્દુલ્લાહે સમાકના હવાલાથી અને તેમણે અક્રમા અને તેમણે અબ્દુલ્લાહ બિન અબ્બાસના હવાલાથી બયાન કર્યું છે કે તેઓ કહેતા હતા :)

''હઝરત અલી (અ.) ઈબ્ને અબીતાલિબને ચાર બાબતોથી સન્માનિત કરવામાં આવે છે જે બીજા કોઈ માણસને તે આપવામાં આવેલ નથી. તેઓ એવા પહેલા માણસ હતા (અરબોમાં અને બિન અરબોમાં) કે જેમણે રસૂલલ્લાહ (સ.)ની સાથે નમાઝ પઢી હતી. જે જંગો હુઝૂર (સ.)ની જિંદગીમાં લડવામાં આવી હતી તેમાં હંમેશાં ઈસ્લામી અલમ આપના હાથોમાં રહ્યો હતો. આપ જ એ માણસ હતા કે જે જંગે મહરાસમાં હુઝૂર (સ.)ની સાથે હતા. (જંગે ઓહદને જંગે મહરાસ પણ કહે છે) અને આપ (અ.) જ હતા કે જેમણે હુઝૂર (સ.)ની પવિત્ર લાશ મુબારકને કબરમાં ઉતારી હતી.''


**રહેમત સેલ્સ**

અમદાવાદ સીટી, રીંગ રોડ, સાણંદ, રાજસ્થાન એરીયા તેમજ મહેસાણા જિલ્લાના ગામોમાં જમીન લે-વેચ માટે તથા મકાનના પ્લોટ તથા ફ્લેટ બુકીંગ માટે મળો.

નોંધ : હોટલ માટે જમીન તથા ચાલુ હાલતમાં હોટલ આપવા-લેવા માટે મળો.

**અબ્બાસઅલી એન. હીરા(બાદરપુરવાળા)**
મોબાઈલ : ૯૯૦૪૧૫૧૧૪૭

## કુરઆને મજીદના

# સૂરાઓનો પરિચય

**સૂરા નં.૭૬ સૂરએ દહર**

(ગતાંકનું ચાલું)

ત્યાર પછીની આયતોનો અનુવાદ : (તે) એક એવું ઝરણું છે કે જેમાંથી અલ્લાહના (ખાસ) બંદા પીએ છે (અને) જોઇએ તેવી રીતે તેને વહેવડાવે છે. (૬)

(દરેક) માનતાઓને તેઓ પરિપૂર્ણ કરે છે અને તે દિવસથી બીએ છે કે જેની સખ્તાઇ ઘણા લાંબા અને પહોળા વિસ્તારને ફેલાયેલી હશે. (૭)

અને નિરાધાર તથા યતીમ તથા કેદીને (પોતાની) ખ્વાહિશ છતાં ખાવાનું ખવડાવે છે.(૮)

(અને કહે છે કે) અમે કેવળ અલ્લાહની ખુશી માટે જ તમને ખવડાવીએ છીએ, તમારાથી અમે ન કોઇ બદલો માગીએ છીએ અને ન ઉપકાર. (૯)

બેશક અમે તો અમારા પરવરદિગારથી તે દિવસનો ખોફ કરીએ છીએ કે જે ભયંકર અને દુખ:દાયક હશે. (૧૦)

જન્નતી લોકો જ્યાં ચાહશે ત્યાં તેનું પાણી લઈ જઇ શકશે અને કહે છે કે જન્નતની નહેરો ખોધ્યા વગર જ્યાં ચાહશે ત્યાં ચાલશે એટલે કે જ્યારે મોમિન નહેરને ચલાવવા ચાહશે તો જમીન ઉપર એક લીટો દોરશે તો પાણી ત્યાં જવું શરૂ થઇ જશે. સૂરએ દહર અહલેબયત (અ.)ની શાનમાં નાઝિલ થયેલ છે અને આ સૂરામાં જન્નતની ઘણી નેઅમતોનું વર્ણન થયેલ છે, પણ અલ્લાહની શાન છે કે એ સૂરો જનાબે ફાતેમા (સ.)ની શાનમાં પણ છે અને આપની મહાન બુઝુર્ગીને ધ્યાનમાં રાખી તેમાં બીજી નેઅમતોનું તો વર્ણન થયું છે પણ હૂરનું નામ તેમાં કોઈ સ્થળે લેવામાં આવેલ નથી.

તેઓ પોતાની માનતાને પૂરી કરે છે. તે દિવસના ભયથી ડરે છે. જે ત્રણ દિવસના રોઝાની માનતા તેમણે માની હતી તેને પૂરી કરી.

તેઓ ખુદાની મોહબ્બતના કારણે ફકીરો, યતીમો અને કેદીઓને ખાણું ખવડાવે છે. મતલબ કે તેઓ પોતે ભૂખ્યા હોવા છતાં ખુદાની ખુશી માટે બીજાઓને ખવડાવે છે.

માઅસૂમ (અ.) ફરમાવે છે કે તેઓએ આ વાત કહી ન હતી એ તો એમના દિલનો અવાજ હતો જેનું કુરઆને વર્ણન કર્યું છે.

અમો તમોને એટલા માટે જમાડીએ છીએ કે અમારા રબનો તે દિવસનો ખોફ રાખીએ છીએ કે જે ભયંકર અને દુ:ખદાયક હશે.

ત્યાર પછીની આયતોનો અનુવાદ : પછી અલ્લાહ તેમને તે દિવસની સખ્તાઈથી બચાવી લેશે અને તેમના (ચહેરા)ને તાજગી તથા પ્રફુલ્લિતતા અર્પણ કરશે. (૧૧)

અને તેમણે ધીરજ ધરી છે તે કારણે તે તેમનો બદલો જન્નત અને રેશમી પોષાક– અર્પણ કરશે. (૧૨)

તેઓ તે (જન્નતો)માં સિંહાસનો પર તકીયા લગાડી બેઠા હશે, તેમાં તેઓ ન ઘણો તાપ અનુભવશે અને ન ઘણી ટાઢ. (૧૩)

અને તે (જન્નત)ના વૃક્ષોની છાયા તેમના પર ઝુકેલી હશે, અને ફળોની લૂમો જોઈએ તેટલી તેમની પાસે કરી દેવામાં આવશે. (૧૪)

અને તેમની સામે ચાંદીની સૂરાહીઓમાં દોર ચાલશે. અને એવા જામોમાં પણ કે જે બિલ્લોરના હશે. (૧૫)

પારદર્શક જામો કે જે ચાંદીના બનેલા હશે જેનો (સ્વર્ગવાસીઓની જરૂરિયાત પ્રમાણેનો પીવડાવનારાઓએ) યોગ્ય અંદાજો કરી દીધો હશે. (૧૬)

તેઓને એ દિવસની બદીથી બચાવી લેશે અને તેઓના ચહેરા તાજા અને ખુશ હશે તથા દિલ હર્ષિત હશે. તેઓએ ભૂખ્યા રહી યતીમોને ખાણું ખવડાવ્યું અને સબ્ર કરી વાજિબ કામો અદા કર્યા અને ગુનાહોથી પરહેઝ કરી તો તેના બદલામાં ખુદા જન્નતની નેઅમતો અતા કરશે.

તે જન્નતના સિંહાસન ઉપર તકીયા લગાડી બેઠા હશે તેઓ ન ટાઢ અનુભવશે ન તડકો અને જન્નતમાં તેમના ઉપર ઝાડોની છાયા ઝુકેલી હશે અને ફળોની લૂમો તેમની પાસે જોઈએ તેટલી કરી દેવામાં આવશે અને તેમની સામે ચાંદીની સૂરાહીઓમાં દોર ચાલશે અને એવા જામો પણ કે જે બિલ્લોરના હશે.

પારદર્શક પ્યાલાઓ કે જે ચાંદીના બનેલા હશે. જન્નતીઓ જેટલું પીવા ઈચ્છે તેટલું તેમને પાશે. હઝરત ઈમામે જાફર સાદિક (અ.) એ ફરમાવ્યું કે બેહિશ્તીઓની નજરો ચાંદીના વાસણોમાંથી એવી રીતે પાર થઈ જશે જેવી રીતે કે કાચના વાસણોમાંથી પાર થઈ જાય છે.

ત્યાર પછીની આયતોનો અનુવાદ : અને તે (જન્નત)માં તે (જન્નતવાસી)ઓને એવા પ્યાલા પીવડાવવામાં આવશે કે જેમાં સૂંઠનું મિશ્રણ હશે. (૧૭)

તે (જન્નત)ના તે ઝરણામાંથી કે જેનું નામ સલ–સબીલ રાખવામાં આવ્યું છે. (૧૮)

અને તેમની પાસે નિરંતર સમાન વયમાં રહેનારા છોકરા આંટા ફેરા ખાતા રહેશે, જ્યારે (અય મનુષ્ય !) તું તેમને જુએ તો તું તેમને અહીં તહીં વિખરાએલા મોતી છે એમ ધારી લેશે. (૧૯)

અને જ્યારે તું ત્યાં નજર ઉઠાવીને જોશે તો તું (અસંખ્ય) નેઅમતો અને મહાન સલ્તનત નિહાળશે. (૨૦)

તેમના ઉપરના વસ્ત્રો ઝીણા લીલા રેશમી અને કિનખાબના હશે. અને તેમને ચાંદીના કંકણ પહેરાવવામાં આવશે, અને તેમનો પાલનકર્તા તેમને પાક પીણું પીવડાવશે. (૨૧)

જન્નતીઓને એવું પીણું પીવડાવવામાં આવશે જેમાં ખુશ્બૂદાર સૂંઠ મેળવેલી હશે જે ઘણી સ્વાદિષ્ટ હશે.

ઝન–જબીલ જન્નતમાં એક ઝરણું છે જેનું નામ સલસબીલ રાખવામાં આવ્યું છે અને તેનો સ્વાદ સૂંઠના પાણી જેવો છે. હઝરત

રસૂલે ખુદા (સ.)એ ફરમાવ્યું કે અલ્લાહે મને કૌસર આપ્યું અને હઝરત અલી (અ.)ને સલ સબીલ આપેલ છે.

તેઓની આસપાસ ખિદમત માટે છોકરાઓ ફરતા હશે અને તે એવા રૂપાળા હશે કે તું તેમને અગર જુએ તો અહીં તહીં વિખરાયેલા મોતી ધારી લેશે.

જ્યારે તું બેહિશ્તમાં નજર કરીશ તો વખાણ ન થઈ શકે એવી નેઅમતોની ત્યાં પરંપરા હશે અને મહાન સલ્તનત તું નિહાળશે.

'સુનદોસ' બારીક રેશમી કપડાને કહે છે. જન્નતમાં રહેનારાઓને રેશમી લિબાસ પહેરાવવામાં આવશે અને સાફ સુથરાં ચાંદીનાં ઘરેણાં પણ શોભા માટે હશે જે સોના અને યાકૂત કરતાં પણ વધારે ચમકતાં હશે. કહે છે કે એક જન્નતી દુનિયાના સો માણસો કરતાં પણ વધારે શક્તિ ધરાવતો હશે અને સો માણસની બરાબર ખાતો હશે અને તેના ઉપર પવિત્ર પીણું પીશે અને નજાસતના બદલે શરીરથી ખુશ્બૂવાળો પસીનો આવશે. (ક્રમશઃ)

## ખાકે કરબલા — ૨૦૧૩

**હિજરી : ૧૪૩૪ ભાગ—૮**

:::: નૌહાખ્વાન ::::

મો. કમરઅલી પટેલ (હૈદરપુરા)ના નૌહા નીચેની વેબ સાઈટ ઉપરથી ડાઉનલોડ કરી શકાશે.

www.hussainwala.com
www.shiadownload.com


## સુકૂન પ્રસુતિગૃહ અને સોનોગ્રાફી કલીનીક

**ડો. આબિદઅલી એચ. મોમિન**

એમ.બી.ડી.જી.ઓ. (ગાયનેક)

ઉપલબ્ધ સુવિધાઓ :

❁ પ્રસુતિ ગૃહ ❁ નોરમલ ડિલેવરી મશીન દ્વારા, ચિપીયા દ્વારા અને સિઝીરીયન ઓપરેશન સુધીની તમામ સુવિધાઓ ❁ ગર્ભાશયનું ટાંકાવાળુ અને ટાંકા વગરનું ઓપરેશન ❁ સોનોગ્રાફીની સુવિધા ❁ વ્યંધત્વ નિવારણ સેન્ટર ❁ કેન્સર નિદાન ❁ દૂરબીનથી તપાસ અને ઓપરેશન ❁ સ્પેશ્યલ તથા સેમી. સ્પેશ્યલ તથા જનરલ રૂમની સુવિધા ❁ ફિટલ, મોનીટરની સુવિધા. તદઉપરાંત તમામ પ્રકારના સ્ત્રી રોગના નિદાન અને સલાહ સૂચન કેન્દ્ર

**::::: સ્થળ :::::**

**ડીવાઈન પ્લાઝા કોમ્પલેક્ષ, બસ સ્ટેશનની સામે, કમાલપુર રોડ, વડનગર, જિ.મહેસાણા.**

ફોન : (હો.) ૩૨૦૪૪૦ email : drabidali@rockmail.com

# નહજુલ અસરાર

હઝરત અલી(અ.)ના ખુત્બાઓ, બોધવચનો, પત્રો, જવાબપત્રો, આદેશો, હુજજતો, દુઆઓ અને વસિયતોનો સંગ્રહ

:::: સંપાદક ::::
મોલ્વી સૈયદ ગુલામહુસૈન રઝા
:::: અનુવાદ ::::
મો.કાસમભાઈ વિજાપુરા

## માઅરેફતે નૂરાની

(ગતાંકનું ચાલું)

પછી આ બન્ને આલમે અરવાહમાં એક જ વસ્તુ છે જેમકે રસૂલિલ્લાહ (સ.)એ ફરમાવ્યું, 'તમે જે રૂહ છો જે મારા શરીરમાં છો'. અને એવી જ રીતે કોશિશની દુનિયામાં પણ. આપે ફરમાવ્યું, તમે મારાથી છો અને હું તમારાથી છું. હું તમારો વારિસ છું અને આના તરફ ખુદાનો કૌલનો ઈશારો છે કે 'સલ્લુ અલયહે વ સલ્લેમુ તસ્લીમા' અને તેનો ભાવાર્થ એ છે કે મોહંમદ (સ.) પર સલવાત અને અલી પર સલામ મોકલો. ત્યાર પછી તેણે આ બન્નેને એક જ મોતી (રૂપી) શરીરમાં એકત્ર કર્યા અને બન્ને વચ્ચે તફાવત પાડયો નામથી અને ગુણોથી. પછી ફરમાવ્યું, 'સલ્લુ અલયહે વ સલ્લેમુ તસ્લીમા'. અર્થાત સલવાત મોકલો નબી પર અને સલામ વસી પર. માત્ર નબી પર રિસાલતની સાથે મોકલેલી તમારી સલવાત કંઈ ફાયદો પહોંચાડી શકતી નથી જ્યાં સુધી તમે અલીનો વિલાયતની સાથે સ્વીકાર ન કરો.

અય સલમાન અને અય જન્દલ ! પોતાના જમાનામાં મોહંમદ નાતિક (બોલતા) હતા અને હું સામિત (મૂંગો) હતો. દરેક જમાનામાં સામિત અને નાતિક બન્ને અધિકાર જમાવતા રહે છે. પછી મોહંમદ સાહેબુલ જમ્અ છે અને હું સાહેબુલ હશર, મોહંમદ ડરાવનારો છે અને હું હિદાયત કરનારો, મોહંમદ સાહેબે જન્નત છે અને હું સાહેબા રજઅત છું, મોહંમદ સાહેબે હૌઝ છે અને હું સાહેબે લિવા (ધ્વજધારક) છું, મોહંમદ સાહેબે મુફાતીહ છે અને હું સાહેબે જન્નત અને જહન્નમ છું, મોહંમદ સાહેબે વહી છે અને હું સાહેબે ઈલ્હામ છું, મોહંમદ સાહેબે દલાલત છે અને હું સાહેબે મોઅજિઝાત છું, મોહંમદ ખાતેમુન્નબી છે અને હું ખાતેમુલ વસીય્યીન છું, મોહંમદ સાહેબે દઅવાત છે અને હું સાહેબે સૈફો સતૂત છું, મોહંમદ નબીએ કરીમ છે અને હું સિરાતે મુસ્તકીમ છું, મોહંમદ રઉફુર રહીમ છે અને હું અલીય્યુલ અઝીમ છું.

અય સલમાન ! ખુદાએ મને ફરમાવ્યું છે કે તે પોતાના બંદાઓમાંથી જેને ચાહે છે તેનામાં રૂહ નાખી શકે છે અને આ રૂહ કોઈએ અર્પણ કરવામાં આવી નથી પરંતુ જેને આદેશ અને કુદરત આપવામાં આવેલ હોય (એને જ આપવામાં આવેલ છે) આથી હું મડદાંને સજીવન કરું છું અને જે કંઈ આસમાનોમાં અને જમીનોમાં છે તે બધું જ જાણું છું અને હું કિતાબે મોબીન છું.

અય સલમાન ! મોહંમદ હુજ્જતે કાયમ

કરવાવાળા છે અને હું મખ્લૂક પર ખુદાની હુજ્જત છું તેથી તો રૂહ તેની સાથે આસમાન તરફ બુલંદ થઈ. મેં નૂહને કશ્તીમાં સવાર કર્યા. હું માછલીના પેટમાં યૂનુસનો સાથીદાર હતો. હું એ છું કે જેણે મૂસાને દરિયો પાર કરાવ્યો અને ફિરઓનને હલાક કર્યો. મને નબીઓનું અને વસીઓનું ઈલ્મ અને કિતાબની ફસલ (ભાગ) અર્પણ કરવામાં આવેલ છે અને મોહંમદની સમગ્ર નબુવ્વત સંપૂર્ણ થઈ મારા કારણે, હું નહેરોને અને સમુદ્રોને ચાલુ કરનારો છું, મેં જમીનમાં ઝરણાં વહેતાં કર્યાં. હું દુનિયાના બાપ સમાન છું, હું યૌમે જલ્લાનો અઝાબ–મોકલનારો છું, હું ઝુલ્કરનૈન છું, હું એ છું કે જેણે અલ્લાહના હુકમથી તેમની ચડતી–પડતીને દૂર કરી, મેં જ જમીનને ફેલાવી, હું યૌમે ઝુલ્મતનો અઝાબ મોકલનારો છું, મકાને બઈદથી પોકારનારો હું છું જેમકે રસૂલિલ્લાહ (સ.)એ ફરમાવ્યું, અય અલી ! તમે ઝુલ્કરનૈન છો અને તેના બન્ને છેડાઓ તમે છો. તમારા જ માટે પ્રારંભ પણ છે અને અંત પણ છે.

અય સલમાન ! અમારામાંથી (જો) કોઈ મરી જાય તો તે મડદું નથી અને અમારામાંથી કોઈ કતલ થયેલો હોય તો તે કતલ થયેલો જ નથી અને અમારામાંનો ગાયબ, ગાયબ નથી, અમારો સિલસિલો કંઈ ગર્ભાશયોમાં સંતાનો ઉત્પન્ન કરતો નથી અને લોકોની માફક અમારા માટે અટકળ કરી શકાતી નથી. મેં ઘોડિયામાં રહીને ઈસાની જીભથી વાતો કરી હતી, હું નૂહનો સહાયક અને ઈબ્રાહીમનો મદદગાર છું. હું અઝાબને મોકલનારો છું, હું ભૂકંપ અને ધરતીકંપ સર્જનાર છું. હું લૌહે મહેફૂઝ છું અને તેનામાં જે કંઈ ઈલ્મ છે તેની મારા પર જ પરાકાષ્ટા (અંત) થઈ, જે રૂપમાં ખુદા ઈચ્છે છે તે રૂપમાં હું પલટાઈ જાઉં છું. જેણે એ સૂરતોને જોઈ તેણે મને જોયો અને જેણે મને જોયો તેણે તેને જોયો. અમે હકીકતમાં અલ્લાહનું એ નૂર છીએ કે જેમાં ન કોઈ કમી આવે છે કે ન કોઈ ફેરફાર થાય છે.

અય સલમાન ! દરેક પયગમ્બરે અમારા જ કારણે પ્રતિષ્ઠા પ્રાપ્ત કરી. તમે મને ખુદા ન કહો અને પછી અમારી બાબતમાં તમારે જે કંઈ કહેવું હોય તે કહી દો. અમારા જ કારણે હલાક થનારા હલાક થયા અને નજાત મેળવનારાઓએ નજાત મેળવી.

અય સલમાન ! મેં જે કંઈ કહ્યું અને જે કંઈ સ્પષ્ટતા કરી, તેના ઉપર જે ઈમાન લાવ્યો, તે મોમિન છે, જેના હ્રદયની કસોટી અલ્લાહે ઈમાનની સાથે લઈ લીધી છે અને તેનાથી રાજી (પણ) છે અને જેણે શંકા કરી તે નાસબી (હઝરત અલીને બૂરું કહેનાર સંપ્રદાયનો) છે. અને જો તે અમારી વિલાયતનો દાવો કરે તો તે જૂઠ્ઠો છે.

અય સલમાન ! હું અને એ હાદીઓ કે જે મારી એહલેબયતમાંથી છે, તેઓ ખુદાનાં છૂપાં રહસ્યો છે અને તેના નિકટના અવલિયા છે. અમે બધા એક છીએ, અમારો આદેશ (કાર્ય) એક છે અને અમારું રહસ્ય એક છે, આથી અમને એકબીજાથી અલગ ન ગણો નહિતર હલાક થઈ

જશો. અમે દરેક જમાનામાં અલ્લાહની ઈચ્છા પ્રમાણે જાહેર થઈશું. વાય થાય, એના ઉપર, બિલકુલ વાય થાય એ માણસ ઉપર કે ઈન્કાર કરે એનો કે જે મેં કહ્યું છે. કોઈ માણસ તેનો ઈન્કાર નથી કરતો પરંતુ એ કે જે મંદબુધ્ધિનો હોય કે મૂરખો, અને જેના હ્રદય ઉપર અને કાનો ઉપર મોહર લાગી ગયેલી હોય અને જેની આંખો ઉપર પડદો પડેલો હોય.

અય સલમાન ! હું દરેક મોમિન અને મોમિનાનો બાપ છું. અય સલમાન ! હું ખૂબ જ મોટો પછાડી દેનારો છું. હું જલ્દીથી આવનારો છું. હું જ્યારે આવીશ, બધાને ઘેરી લેનારો, બધાના દિલો પર પ્રહાર કરનારો અને સૌને બહેરા કરી દેનારો છું. હું નાઝિલ થનારી કસોટી છું. અમે ખુદાની આયતો છીએ અને તેની દલીલો અને હુજ્જતો છીએ અને વજહે ખુદા છીએ. હું એ છું કે જેનું નામ અર્શ ઉપર લખેલું છે તેથી તો તેણે સ્થિરતા પ્રાપ્ત કરી અને આસમાનો ઉપર લખેલું છે જેનાથી એ કાયમ થયાં અને જમીન ઉપર લખવામાં આવ્યું તો તેણે સ્થિરતા ધારણ કરી અને પહાડો ઉપર લખવામાં આવ્યું તો તે ઊંચા થયા અને હવા પર લખવામાં આવ્યું તો તે વરસવા લાગ્યાં અને (મેઘ) ગર્જના ઉપર લખવામાં આવ્યું તો તેણે નમ્રતાપૂર્વક અવાજ બુલંદ કર્યો, રાત પર લખવામાં આવ્યું તો તે અંધકારમય બની ગઈ, દિવસ ઉપર લખવામાં આવ્યું તો તે ચમકી ઉઠ્યો અને સ્મિત કરવા લાગ્યો. (મશારેકુલ અન્વાર)


ત્રીજા વર્ષમાં પ્રવેશ

**Spark IT Solution**



**::::: Product, service, softwere :::::**

**Hardware dealer :** All Type Computers ,Leptop and Printer Sales and All Kind of Computer Parts

**Network :** Lane , Wan, Man, Cabling and Routing

**Softwere :** Linux, Unix, Mac, Microsoft, Tally, Antivirus, Data recovery and All type of License Softwere

**Printer :** All Type Printer Repairing and Refilling

**::::: Contact :::::**

**abid momin:-9725757614(sales)**

**Hasan Momin:-8347310601(service)**

Web:-www.sparkitsolution.co.in

E-mail:-ab_momin@ymail.com

Add:-F.F-10, Sagar Avenue- A,
N/r. Amber tower, Sarkhej – juhapura Road,
Ahmedabad-380055.



**રક્ષણ ફેબ્રીકેશન ગૃપ**

ગ્રીન હાઉસ, ખેતર, પ્લોટ, વાડી, વગેરેની ફેન્સીંગ જાળી અને ફેન્સીંગ તારની વાડનું કામ માલસામાન સાથે સંતોષકારક રીતે કરી આપવામાં આવશે.

**::::: સંપર્ક :::::**

મહંમદઅલી વી. ગોદડ – ૯૫૫૮૯૦૦૯૭૦

સાજીદઅલી એમ. ગોદડ – ૯૪૨૭૩૬૫૧૪૭
૯૬૬૨૦૯૫૫૮૮

**મુ.પો. હરિપુરા, પો.અરોડા, તા. ઇડર, જી.સાબરકાંઠા.**

# Superman In Islam
# સુપરમેન ઈન ઈસ્લામ
## ❋ હઝરત ઈમામ જાફર સાદિક(અ.) ❋
**અનુવાદક : હાજરપીર સૈયદ મોહંમદ મુજાહિદહુસૈન બાવા સાહેબ(મદ્દે.)**

### આપ(અ.)ની જાબિર બિન હૈયાન સાથે વાતચીત

(ગતાંકનું ચાલુ)

ગમે તેમ પણ જ્યારે માણસમાં જીવતા રહેવાની મનોવૃત્તિ બાકી રહેતી નથી તો માણસ ખાવા-પીવાનું છોડી દે છે અને પોતાની રોજી માટે મહેનત નથી કરતો અને પોતાની સફાઈ પણ નથી રાખતો એટલે સુધી કે પોતાના અને પોતાના પરિવારના આશ્રય માટે ઘર પણ નથી બનાવતો.

જાબિરે પૂછ્યું, મેં સાંભળ્યું છે કે અબકરી* અને મજનૂન(પાગલ માણસ)ને એકબીજાનું પ્રતિબિંબ કહેવામાં આવે છે, આ વાત શું સાચી છે? ઈમામ જાફર સાદિક(અ.)એ ફરમાવ્યું કે અફલાતુન(પ્લેટો) પહેલો એવો માણસ છે કે જેણે આ દૃષ્ટિકોણને પ્રસ્તુત કર્યો.

અફલાતુને પણ અબકરી અને મજનૂન વચ્ચેની સમાનતા વિશે વાતચીત કરી નથી પરંતુ કહ્યું છે કે જ્યાં સુધી માણસની અંદર થોડું ઘણું પાગલપણું ન હોય ત્યાં સુધી તેને શાયરી નથી આવડતી. માણસના જીવનમાં ન તો કોઈ સુધાર આવે છે કે ન કોઈ નુકસાન થાય છે અને પાગલ ન હોવું શાયરી માટે ફાયદાકારક નથી એટલે કોઈ પણ બુધ્ધિશાળી માણસ અફલાતુનના દૃષ્ટિકોણ પ્રમાણે શાયરી ન કરી શકે અને શાયર થોડો ઘણો પાગલ હોય જ છે. પરંતુ પ્રાચીન યુનાનમાં એવા શાયરો હતા કે જે શાયરી કહેવાની દૃષ્ટિએ ઘણી પ્રતિભા ધરાવતા હતા અને એમનામાંથી કેટલાકની પ્રતિભા એટલી બધી વધારે હતી કે યુનાની લોકો તેમને અબકરી કહેતા હતા.

અફલાતુને કહ્યું છે કે શાયર પાગલ હોય છે એટલે અફલાતુન પછી કેટલાક બુધ્ધિજીવીઓએ કહ્યું છે કે જો અબકરી પોતે પાગલ ન હોય તો પણ અબકરી અને મજનૂન વચ્ચે ઘણું સામ્ય છે. આ દૃષ્ટિકોણ સાચો નથી. અબકરી પાગલની સાથે કોઈ સામ્ય નથી ધરાવતો. પાગલ એ છે કે જે પોતાના કાર્યોને સામાન્ય બુધ્ધિ વડે ન કરતો હોય અને એવાં કાર્યો કરે કે જેને બુધ્ધિ સ્વીકારે નહીં. પરંતુ પાગલ પોતાને બુધ્ધિશાળી સમજે છે અને તેને યકીન હોય છે કે તે જે કંઈ કરી રહ્યો હોય છે તે બુધ્ધિ વડે કરી રહ્યો છે.

આનાથી વિપરીત અબકરી પાસે સામાન્ય બુધ્ધિ હોય છે અને તે જે કંઈ કરે છે તેની અન્ય લોકોની બુધ્ધિ વાહ વાહ કરે છે. સંજોગવસાત્ અફલાતુને પોતે આ વિષય ઉપર એક દૃષ્ટાંત આપ્યું છે. જો કે આ દૃષ્ટાંત તેણે એક અન્ય જગ્યાએ આપ્યું છે પરંતુ હું આ વિષયને સમજાવવા માટે તે દૃષ્ટાંતનો ઉપયોગ કરું છું. દૃષ્ટાંતનો સાર આ મુજબ છે :

અફલાતુન કહે છે કે માની લો કે એક જૂથ એવી જગ્યાએ રહે છે કે જ્યાં સૂરજનો પ્રકાશ આવતો નથી. તે જગ્યાને સૂરજના પ્રકાશના

* અબકરી એટલે અદ્‌ભુત પ્રતિભા ધરાવનારો માણસ.

પ્રતિબિંબ વડે પ્રકાશ મળે છે અને માની લો કે એ જૂથને રોજી એ ગુફામાં મળી રહે છે એટલે તેમને બહાર આવવાની જરાય જરૂર નથી તેથી તેઓ કદીય બહાર આવતા નથી. તેમણે ન તો દિવસે સૂરજનો તડકો જોયો છે કે ન તો રાત્રે ચાંદ અને તારાઓનો પ્રકાશ જોયો છે. તેમના માટે આખું બ્રહ્માંડ એ જ ગુફા અને તેની દીવાલો છે.

હવે માની લો કે સામાન્ય લોકોનું એક જૂથ કે જેઓ બહાર રહેતા હતા તેઓ આ ગુફામાં દાખલ થયા. તેઓ દિવસે સૂર્યોદય અને સૂર્યાસ્તને અને ચાંદ-તારાઓને રાત્રે જોઈ ચૂક્યા હતા અને તેઓ જાણતા હતા કે બ્રહ્માંડ ઘણું વિસ્તૃત છે અને જંગલો, ઊંચા ઊંચા પહાડો, ઊંડા ઊંડા સમુદ્રો, પ્રાણીઓ, પક્ષીઓ, માછલીઓ અને અન્ય ઘણાં બધાં જાનવરો દુનિયામાં વસે છે અને તે ઝાડ તેમજ છોડ વાદળોએ વરસાવેલા પાણીથી તૃપ્ત થાય છે.

આ લોકો જેવા ગુફામાં દાખલ થશે કે તરત જ પહેલી વાર પ્રકાશમાંથી અંધકારમાં દાખલ થશે એટલે તેમને કંઈ જ દેખાશે નહીં. તેમની આંખો અંધકારથી ટેવાઈ જાય તે માટે એક મુદત જોઈશે. પરંતુ અંધકારથી ટેવાયેલા લોકો કે જેઓ ત્યાં રહેતા હોય છે તેઓ નવા આવનારા લોકોને જોઈ રહ્યા છે અને તેમના અંધાપાનો આનંદ માણે છે અને તેમની મશ્કરી ઉડાડે છે.

થોડો સમય વિતી ગયા પછી આ નવા આવનારા લોકો અંધકારથી ટેવાઈ જાય છે અને ત્યાંના રહેવાસીઓને જોઈ શકે છે અને તેમની સાથે બહારની વાતો કરી શકે છે. તેઓ તેમને બતાવે છે કે બહારની બાજુએ તો પ્રકાશિત સૂરજ, હર્યાભર્યા ઝાડ તેમજ છોડ જોવા મળે છે, પક્ષીઓ ઉડે છે અને પ્રાણીઓ ચરે છે, પવન ફૂંકાય છે. પરંતુ આ લોકો કે જેઓ હંમેશાં ગુફામાં રહ્યા છે તેઓ પાછળથી આવનારા લોકોની મશ્કરી ઉડાડે છે કારણ કે જે કંઈ નવા આવનારા કહી રહ્યા છે ત્યાં સુધી તેમના વિચારો પહોંચી જ શકતા નથી અને તેમને સમજણ પણ પડતી નથી કે સૂરજ, પ્રાણીઓ, ઝાડ અને પવન શું છે.

ગુફામાં તેમના વિચારો સૌથી નિમ્ન કક્ષાના છે એટલે સુધી કે તેમના વિચારો એવા પ્રાણીઓ કરતાં પણ નિમ્ન કક્ષાના છે કે જે પ્રાણીઓ દિવસ અને રાતને ઓળખી શકે છે. ગુફામાં રહેનારા તે લોકોના વિચારો સીમિત અને નિમ્ન કક્ષાના હોવાના કારણે એમની દૃષ્ટિએ એ બધા લોકો કે જે ગુફામાં બહારથી આવેલા છે, તે પાગલ છે. પરંતુ આપણે જાણીએ છીએ કે બહારથી આવનારા લોકો બુધ્ધિશાળી છે. ગુફામાં રહેનારા લોકો એટલા માટે બહારથી આવનારા લોકોને પાગલ માને છે કે બહારથી આવનારા લોકોને ગુફામાં રહેનારા લોકોની જીવનશૈલીમાં જરાય ખબર પડતી નથી અને તેઓ તેમની જેમ પહેરવેશ નથી પહેરતા, ખોરાક નથી ખાતા અને ઊંઘતા નથી. આ જોઈને ગુફામાં રહેનારા લોકો એવું સમજે છે કે તેમને સાબિતી મળી ગઈ કે બહારથી આવનારા લોકો પાગલ છે. જો તેઓ પાગલ ન હોત તો તેમની દિનચર્યાના નિયમોને શું સમજી ન લેત? અબકરી લોકો પણ સામાન્ય માણસોની સરખામણીમાં એવા છે કે જાણે સામાન્ય લોકોની માફક ગુફાની બહારથી આવ્યા હોય અને કેટલાક અબકરી પોતાને સામાન્ય લોકોના જીવનની રીતભાત અને જવાબદારીઓથી દૂર રાખે છે.

દેખીતી રીતે અબકરી લોકો સામાન્ય લોકોની દૃષ્ટિમાં પાગલ દેખાય છે અને અય જાબિર ! જાણી લો કે અબકરી અને મજનૂન લોકોમાં સામ્ય હોવાનો દૃષ્ટિકોણ સાચો નથી. અફલાતુનનો એ દૃષ્ટિકોણ કે શાયર મજનૂન હોય છે એ પણ સાચો નથી કારણ કે અફલાતુન એવું માને છે કે માણસ

જે પણ વિચાર વ્યક્ત કરે તો તેનાથી તેને અથવા કોઈ અન્યને ભૌતિક ફાયદો થવો જોઈએ. પોતે એક ફિલોસૉફર હોવા છતાંય તેણે આ વાત ઉપર ધ્યાન આપ્યું નહીં કે કેટલાક વિચાર એવા હોય છે કે જેમનું કોઈ ભૌતિક મૂલ્ય નથી હોતું પરંતુ તે રૂહાની મૂલ્ય ધરાવતા હોય છે.

આવા વિચારોમાંથી કેટલાક એવા છે કે જે શાયરીમાં સમાઈ જાય છે અને જો શાયર પ્રતિભાશાળી હોય તો શાયરી સાંભળવાવાળો અથવા તેને પારખનારો મંત્રમુગ્ધ થઈ જાય છે અને તેને એવો અનુભવ થાય છે કે જાણે તેને એક રૂહાની આનંદ મળી રહ્યો હોય.

શું અફલાતુનના પોતાના જીવનમાં એવી વસ્તુઓ ન હતી કે જે રૂચિના કારણે અસ્તિત્વમાં આવી હોય ? તો પછી તે શા માટે શાયરને બૂરું ભલું કહી રહ્યો છે ? તે જે કંઈ ભણાવતો હતો તેનો એક ભાગ શું રૂચિ સાથે સંબંધિત ન હતો ? અને તે ફિલોસૉફીની રૂચિ સિવાય શું અન્ય કોઈ રૂચિનો આનંદ માણતો ન હતો ? એ બધી વસ્તુઓ કે જે રૂહને તાજગી આપે છે તેમાંથી એક શું અલ્લાહ તઆલાએ કાઈનાતમાં સર્જેલા સૌંદર્યમાંથી કોઈ સુંદરતાની તારીફ કરવી નથી ? વળી આ સૌંદર્યની તારીફ કરવા માટે શાયરની વાણી વધારે ઉપયુક્ત છે કે ફિલોસૉફરની ?

બધી વસ્તુઓ પોત પોતાની જગ્યાએ સુંદર છે. શાયરીની વાણીનો ઉપયોગ પોતાની જગ્યાએ અને ફિલોસૉફીની વાણીનો ઉપયોગ પોતાની જગ્યાએ યોગ્ય લાગે છે. હું એમ નથી કહેતો કે ફિલોસૉફીને શાયરીની ભાષામાં કહી શકાતી નથી અને એ બધા શેર કે જે મારા દાદા અલી(અ.)એ પઢ્યા છે તેમનો એક ભાગ ફિલોસૉફી, શિખામણ અને અખ્લાક ઉપર આધારિત છે. પરંતુ એક જગ્યા એવી હોય છે કે જ્યાં શાયરીનો ઉપયોગ થાય છે અને ફિલોસૉફી તેનું વર્ણન કરી શકતી નથી. શાયરીની વાણીની એક જગ્યા રજઝ છે. અય જાબિર ! કોઈએ રજઝને ફિલોસૉફીની ભાષામાં પ્રસ્તુત કરેલ હોય એવું શું તમે સાંભળ્યું છે ?

મારો કહેવાનો આશય એ નથી કે હું જંગ અને ખૂના મરકીને વ્યાજબી સમજું છું પરંતુ મારો આશય તો એ છે કે ફિલોસૉફીની ભાષા જેટલી પણ હદે દલીલ અને સાબિતી પર નિર્ભર કરે તો પણ તેના વડે રજઝ પઢી શકાતી નથી કે ન તો તેના વડે શાયરીની ભાષાની જેમ ફૂલોના સૌંદર્યનું વર્ણન કરી શકાય છે. ફિલોસૉફીની ભાષા દલીલો પર આધારિત છે અને શાયરીની ભાષા માણસની ભાવનાઓ પર. આ બન્ને ભાષાઓના તફાવતને એક ઉદાહરણ વડે સ્પષ્ટ કરી શકાય છે.

એમ કહી શકાય કે ફિલોસૉફીની ભાષા લોખંડ જેવા મજબૂત એક કાચની જેમ છે કે જે સુથારના હાથમાં આવે તો તે લાકડાને ચીરી નાખે અને તેના વડે માણસની જરૂરિયાતની વસ્તુઓ તૈયાર કરી દે પરંતુ શાયરીની ભાષા પીંછાંથી તૈયાર કરવામાં આવેલા પંખાની જેમ છે કે જેને જ્યારે પણ હલાવવામાં આવે તો માણસને ઠંડી હવા આપે છે અને જ્યારે તે માણસના શરીરને લાગે તો તકલીફ થતી નથી. મને આશ્ચર્ય થાય છે કે અફલાતુન જેવા માણસે કે જે પોતે ફિલોસૉફર હતો અને તેની બુધ્ધિવાળી વાતો આજે પણ જાણીતી છે. એ એમ કેવી રીતે કહી શકે કે શાયર પાગલ છે કારણ કે આવું કહીને તેણે એવા વિચારો વ્યક્ત કર્યા છે કે જેમના વડે ન તો શાયરને ફાયદો થાય છે કે ન અન્ય લોકોને. જાબિર બિન હૈયાને કહ્યું, જે કંઈ અફલાતુને શાયરો વિશે કહ્યું તે સામાન્ય બુધ્ધિથી દૂર છે.

ત્યાર પછી જાબિર બિન હૈયાને પૂછ્યું, માણસ અને નિર્જીવ વસ્તુઓ(ખનીજ પદાર્થ)માં

આટલો બધો ફેર કેમ છે ? અને માણસ પોતાને ખનીજ પદાર્થની સરખામણીમાં છોડની વધારે નજીક કેમ પામે છે ? ઈમામ જાફર સાદિક(અ.) એ ફરમાવ્યું, માણસ અને ખનીજ પદાર્થ વચ્ચે ફેર એટલા માટે જોવામાં આવે છે કે ખનીજ પદાર્થ પોતાના ખનીજ જીવનમાં અટલ અને અવિચળ નિયમોની પયરવી કરે છે જ્યારે કે માણસ પોતાના જીવનમાં આવા નિયમોની પયરવી કરતો નથી. અટલ અને અવિચળ નિયમો કે જે ખનીજ પદાર્થોના જીવન ઉપર અસર કરે છે તેના પરિણામ સ્વરૂપ ખનીજ પદાર્થો દરેક જગ્યાએ અને દરેક સમયે એક બીજા સાથે સામ્ય ધરાવે છે. પરંતુ એ નિયમો કે જેના હેઠળ માણસ કાર્ય કરે છે - મારો આશય એવા નિયમો વિશે વાત કરવાનો છે કે જે માણસની બુધ્ધિથી રચાય છે - તે નિયમો દરેક માણસમાં બીજા માણસ કરતાં વિભિન્ન હોય છે.

માણસ એક એવી મખ્લૂક છે કે જે ઈચ્છા, શિસ્ત, રૂચિ અને એ બધી વસ્તુઓ કે જે બુધ્ધિથી સર્જાય છે તે બાબતમાં બીજા માણસો કરતાં જુદો છે. લોકોના જીવનમાં જે વસ્તુઓ તફાવત પેદા કરે છે તેમાંથી એક વાસના છે. કોઈ પુરૂષ અને સ્ત્રી એવાં નથી કે જે વાસના ન ધરાવતાં હોય પછી તે વાસના કોઈ ફળ કે ખોરાક ખાવાની હદ સુધી જ સીમિત કેમ ન હોય. ખનીજ પદાર્થ પોતાના ખનીજ જીવનમાં અવિચળ નિયમોની પયરવી કરે છે માટે ખનીજ પદાર્થ માટે ભવિષ્યવાણી કરવી ઘણી અઘરી છે.

આ જ કારણ છે કે જો કે બે સગા ભાઈઓ પણ એમ કહી શકતા નથી કે તેમાંથી બીજો ભાઈ આવતા વર્ષે કઈ પ્રતિજ્ઞા કરશે. પરંતુ ખનીજ જીવનમાં ખનીજ પદાર્થ એક જ જેવા અવિચળ નિયમોની પયરવી કરે છે એટલે જે કંઈ એક ખનીજ પદાર્થનું થવાનું હોય છે તેવું જ બીજા ખનીજ પદાર્થનું પણ થાય છે. માણસ છોડ કરતાં એટલા માટે નજીક છે કે છોડ પણ જાહેરી રીતે અવિચળ નિયમોની પયરવી નથી કરતા અને પોતાના જીવનના છેલ્લા તબક્કામાં છોડના જીવનના નિયમો અવિચળ હોય છે એવી જ રીતે કે જેવી રીતે પોતાના છેલ્લા તબક્કાના જીવનમાં માણસના જીવનના નિયમો પણ અવિચળ હોય છે અને આપણે જાણીએ છીએ કે તેઓ ક્યાંથી આવ્યા છે અને ક્યાં જઈ રહ્યા છે.

આપણી શરૂઆત માતાના પેટમાં થાય છે અને આપણો અંત કબરમાં થશે. છોડનું જીવન પણ જાહેરી રીતે આપણી જેમ જ અવિચળ નથી માટે આપણે પોતાને ખનીજ પદાર્થ કરતાં છોડની વધારે નજીક પામીએ છીએ. હું કહું છું કે માણસનાં નિર્ણય લેવાનાં કારણો એટલી હદે વિભિન્ન હોય છે કે કોઈ પણ માણસના ભવિષ્યના નિર્ણયો વિશે કોઈ ભવિષ્યવાણી થઈ શકતી નથી. કેટલીક પ્રાણીય ટેવો બધા માણસોમાં સામ્ય ધરાવે છે અને તે ટેવોમાં ખાવા, પીવા, ઊંઘવા અને કપડાં પહેરવાની ટેવો શામેલ છે. આ ટેવો બધા માણસોમાં છે તેમ છતાં દરેક માણસ પોતાની રૂચિ પ્રમાણે દરેક ઈચ્છા પૂરી કરે છે. કારણની વિભિન્નતા કે જે માણસોને નિર્ણય કરવા તરફ પ્રેરિત કરે છે તે જ વિભિન્નતા લોકો અથવા જૂથો વચ્ચે દુશ્મની પેદા કરે છે જેનું છેવટનું પરિણામ યુધ્ધ અથવા ખૂનામરકી હોય છે.

રસૂલિલ્લાહ(સ.) કે જે અલ્લાહ તરફથી આવ્યા છે તેમણે દીનના નિયમો લાવવાની સાથે સાથે એવી કોશિશ કરી છે કે લોકો પોતાના નિર્ણયની દ્દષ્ટિએ એક સરખી રીતભાત અપનાવી લે અને તેઓ સામ્ય ધરાવતા નિયમોની પયરવી કરે. તમે આ વાતને સમર્થન આપશો કે દીન લોકોના નિર્ણયોમાં સહમતી પેદા કરવામાં

સફળ થયો છે. તમે જુઓ છો કે મુસલમાનો પોતાના સામાજિક જીવનમાં નિર્ણયોની દૃષ્ટિએ સહમતી ધરાવતા ન હોય તો તે એટલા માટે છે કે તેમનામાંથી દરેક જૂથ દ્રઢ નિશ્ચયથી ઈમાન લાવ્યું નથી. જ્યારે પણ મુસલમાનો દ્રઢ નિશ્ચયથી ઈમાન લઈ આવશે તો તેમના સામાજિક જીવનમાં તેમના નિર્ણયોમાં પણ સહમતી આવી જશે.

તેમ છતાંય બધા મુસલમાનોનું ઈમાન મજબૂત નથી કારણ કે જ્યાં સુધી તેમની અંદર લાલચ, ઈર્ષા, ટીકા ટિપ્પણી અને વેરઝેર ખતમ નહીં થઈ જાય ત્યાં સુધી આવું નહીં થઈ શકે. પરંતુ તો ય દીનના નિયમોએ મુસલમાનોના સામૂહિક નિર્ણયોને સામ્યતા ધરાવતા કરી દીધા છે. તેઓ એક અલ્લાહની ઈબાદત કરે છે, એક જ કિબ્લા તરફ મોઢું કરીને નમાઝ પઢે છે અને દિવસ-રાત તેમના નમાઝના સમય પણ એક જ છે અને બધા એક જ મહિનામાં રોઝા રાખે છે. ✻


શૌકતભાઈ – ૯૪૨૮૩ ૮૪૨૮૬
ફૈઝઅહેમદ – ૯૭૧૪૭ ૬૪૧૯૪
દુકાન – ૯૭૨૨૯ ૦૧૪૬૦

દશાવાડાવાળા
અપના
કટલરી સ્ટોર

હોલસેલર : કટલરી, હોઝયરી, રમકડાં, વિગેરે

ઈ–૧૫, મહાવીર કોમ્પલેક્ષ, યશ હોસ્પિટલ નજીક, વાલીયા ચોકડી, જી.આઈ.ડી.સી.
અંકલેશ્વર – ૩૯૩ ૦૦૨

**મલેશિયા અને સિંગાપોરમાં અભ્યાસ માટે**

- ૧૦૦% વિઝા
- ભણવા સાથે કમાવવાની ઉત્તમ તક
- સિંગાપોર મલેશિયામાં ભણતર કર્યા પછી U.K., U.S.A. અને European વિઝાની પૂરી તકો
- કોલેજ ફીઝ વિઝા પછી
- 10 પાસ અને કોઇ પણ દેશમાં રિજેક્ટ હોય તો પણ એપ્લાય કરી શકશે.
- કોઇ પણ ઇન્ટરવ્યુઝ કે એકસ્ટ્રા પરીક્ષા વગર ૧૦૦% વિઝા



**હુસૈનમહંમદ એસ. ચૌધરી (ભાંગરોડીયા)**
મોબાઈલ : ૯૯૨૪૯૮૫૨૪૭
Email : hschaudhary786@yahoo.com
hschaudhary786@gmail.com

હઝરત પીર મશાયખ બાવા(રહે.અ.) કૃત.....

# મશાયખવાણી

## તરીકત યા'ને ધરમ મૂલ

**● સત ગુરૂ પીર મશાયખ વાચા ●**

**બયાન નં.૧૨૦**

**પીર મશાયખ હે મેરા રે નાંમા,**
**મુમનપુરા રહેકા રે ઠાંમા.**

(હઝરત પીર મશાયખ બાવા(રહેમતુલ્લાહ અલૈહે) પોતાનો પરિચય આપતાં ફરમાવે છે કે મારું નામ પીર મશાયખ છે અને મુમનપુરા મારા રહેવાની જગ્યા છે.)

**પીર ફાઝિલશાહ, વે પિતા રે હમારા,**
**હમારે રે બંસકા તુમ સુણો આચારા.**

(હઝરત પીર ફાઝિલશાહ(રહે.અ.) મારા પિતાનું નામ છે. અમારા વંશના આચાર વિચાર, વંશવેલો, સંસ્કારો કેવા છે તેની વાત તમે સાંભળો.)

**પીર સદરુદ્દીન વે દાદા રે કહીએ,**
**સાત પીર જાંન દીન કેરા રે લહીએ.**

(હઝરત પીર સૈયદ સદરૂદ્દીન(રહે.અ.) ઈબ્ને હઝરત પીર સૈયદ ઝયનુદ્દીન(રહે.અ.) અમારા દાદાઓ છે.)

**પીર અબુલ હસન કે બંસ માંહી જાંનો,**
**ઠામ જીનુંકા મુમનપુરા રે પિછાંનો.**

(હું હઝરત પીર સૈયદ અબુલ હસન(રહે.અ.) ના વંશમાંથી છે એવું તમે જાણો અને એમનું રહેઠાણ મુમનપુરા છે.)

**ઉસ ગાંમ દરગાહ સો પીરૂં કેરી કહીએ,**
**બાલા-પીર નાંમ વે પરગટ લહીએ.**

(તે ગામમાં પીરાને તરીકતની દરગાહ આવેલી છે. એમનું પ્રગટ નામ-જાહેરી નામ હઝરત બાલા પીર બાવા(રહે.અ.) છે.)

**કડી રે હમારા વતન કે'લાયા,**
**ઉસ પાસ મુમનપુરા નાંમ ધરાયા.**

(કડી અમારું વતન કહેવાય છે અને તેની પાસે આવેલા ગામનું નામ મુમનપુરા ધરવામાં આવ્યું છે.)

**અબ મેરા બાસા હે શહેર માંહાં,**
**અમદાવાદ કહીએ રે તાંહાં.**

(હવે મારો વસવાટ શહેરની અંદર છે જે શહેર અમદાવાદ નામથી ઓળખાય છે ત્યાં મારો વસવાટ છે.)

**અબ કોઇ ચોરા ચોરી રે કરાવે,**
**નાંમ ઇસ બેદકા દુજા રે ધરાવે.**

(હવે કોઈ ચોર નામની ચોરી કરે અને આ ગુજભેદનું નામ કંઈક બીજું જ ધરી દે.)

**નાંમ મેરા દુર કર અવરાંકા દાખે,**
**એ મુલ ધરમ મેરા દુજા નાંમ રે આખે.**

(જો કોઈ માણસ મારું નામ કાઢી નાખીને મારા નામની જગ્યાએ કોઈ બીજાનું જ નામ

મૂકી દે એટલે કે આ મૂળ ધરમ બીજા કોઇનો છે એવું કહે તો...)

**વે તેહકીક જાંનું ચોર હે મેરા,**
**ઉસે એક દિન પકડુંગા રે બોતેરા.**

(હું નિ:શંકપણે તે માણસને મારો ચોર છે એવું માનીશ અને એક દિવસ હું તેને સખતરીતે પકડીશ.)

**જિસ દિન દેખો મહાદન રે આવે,**
**ગુનાહ સબ પુછને ખાલિક બોલાવે.**

(જે દિવસે સર્જનહાર અલ્લાહ બંદાઓને તેમના ગુનાહ અંગે સવાલ પૂછવા બોલાવશે કે જેને કયામતનો મહાન દિવસ કહેવામાં આવે છે.)

**જગ-ગોર મહંમદ આવે ઉસ ઠાંમા,**
**વે નાના રે હમારે રસૂલુલ્લાહ રે નાંમા.**

(કયામતના એ દિવસે જગતગુરૂ હઝરત મોહંમદ મુસ્તફા(સ.) કે જે અમારા નાના છે અને મોહંમદ રસૂલુલ્લાહ નામના છે તે જ્યારે આવશે...)

**ઉસ દિન પકડુંગા દામન ચોરા,**
**ક્યું ફિરાયા નાંમ મુલ ધરમ મેરા?**

(ત્યારે એ દિવસે હું ચોરનો દામન પકડીશ અને કહીશ કે મારા મૂળ ધરમનું નામ તેં શા માટે બદલી નાખ્યું ?)

**દામન પકડ કર મેં રે ખડા રાખું,**
**નાનાજી રે આગલ એ હકીકત દાખું.**

(તે ચોરનો દામન પકડીને હું તેને મારા નાના હઝરત રસૂલે ખુદા(સ.)ની સામે ઊભો રાખીશ અને આ સઘળી હકીકત કહીશ.)

**એ રે નાવ મેરા ખાલિક ચુકાવે,**
**ઉસ ચોરકું હાવીઆ માંહે નંખાવે.**

(એ દિવસે મારો ખાલિક અલ્લાહ મારા પક્ષે ન્યાય કરશે અને તે ચોરને હાવીઆ નામની દોઝખમાં નાખશે.)

**વે ચંડાલ કહીએ મુમનુ રે માંહાં,**
**જે મુલ ધરમ મેરા માંને રે નાંહાં.**

(જે માણસ મારા મૂળ ધરમને નહીં માને તેવો માણસ (મોમિનોની અંદર) ચંડાળ (ઘાતકી/પાપી) માણસ કહેવાશે.)

**જે નાંમ મેરે બિના અવરાંકા જાને,**
**તો કાહે નાં દોઝખી આપકું પિછાંને?**

(જે માણસ મારું નામ લેવાને બદલે બીજાનું નામ છે એવું જાણશે તો એવો માણસ પોતાને દોઝખી તરીકે શા માટે ન ઓળખે ?)

**એ મેરી રે હકીકત પીયાજીને જાની,**
**જે કરતા હે મુજ પર નિત મહેરબાની.**

**-: રે તુંહી :-**

(મારી જે હકીકત હતી તે મારા પીયુજીએ જાણી લીધી છે કે જે હર હંમેશ મારા ઉપર મહેરબાની કરે છે.)

**વે કોઇ દુશ્મન મેરડા, જે બેદ ફિરાવે નાંમ રે,**
**જે બેદ ફિરાવે નાંમ;**
**ખાલિક સુ ખા યું કહા, દોઝખ ઉસકા ઠાંમ રે,**
**દોઝખ ઉસકા ઠાંમ.**

(જે કોઈ ગુજભેદની કિતાબમાંથી મારું નામ બદલી નાખે તો તે મારો દુશ્મન છે સર્જનહાર અલ્લાહે કસમ ખાઇને કહ્યું છે કે તેવા માણસનું સ્થાન દોઝખ છે.)

**બયાન નં.૧૨૧**

**સુનો મુનાફીક ટોલી મુમનો કેરી,**
**જે ચાહો સો આવકર મુજે પૂછો રે સવેરી.**

(હઝરત પીર મશાયખ બાવા (રહેમતુલ્લાહ અલૈહે) મુનાફિકોને સંબોધીને ફરમાવે છે કે અય મુમનોમાં રહેલ મુનાફિક ટોળી ! તમે મારી વાત સાંભળો. (તમારા દિલમાં કોઈ શંકા કુશંકા હોય તો) તમે મારી પાસે આવીને જે કંઈ પૂછવું હોય તે પૂછી શકો છો.)

**સહી કરમ રે રબસું મેં દઉં રે જવાબા,**
**દીલ સાફ હોવે સુનતે સીતાબા.**

(જો તમે મને પૂછશો તો હું મારા રબના કરમથી તેનો જવાબ આપીશ. એ સાંભળતાંની સાથે જ તરત જ તમારું દિલ સાફ (પાક) થઈ જશે.)

**એસી ખુબી રબને હે મુજે રે દીતી,**
**સો દોસ્તી નબીકી મુજે દુઆ રે કીતી.**

(રબ્બુલ આલમીને મને આવી ખૂબી, આવી વિશેષતા આપી છે કે નબી સાહેબની દોસ્તીની-નબી સાહેબની મોહબ્બતની મને દુઆ આપવામાં આવી છે.)

**પણ દાવા જો છોડકર મુજે પુછને આવો,**
**તો રબકે કરમસું સાફ રે હો જાવો.**

(પરંતુ જો તમે દાવો છોડી દઈને મને પૂછવા માટે આવશો તો રબ્બુલ આલમીનના કરમથી હું તમને એવો જવાબ આપીશ કે તમે પાક સાફ થઈ જશો.)

**જો દાવે પડો તો અભાગ તમારા,**
**દીલ કબુલે નાં તમારા બોલ રે હમારા.**

(જો તમે અમારી સામે દાવે પડશો એટલે કે અમારી સામે દાવો માંડશો તો તમારું એ દુર્ભાગ્ય હશે કે મારા બોલને - મારી વાણીને તમારું દિલ કબૂલ નહીં કરે.)

**કે દુરીજન નૈનુ માંહે બુરા રે દેખાતા,**
**બોલ દુરીજન કેરા ખુશ નાંહી રે આતા.**

(દુરીજન (શયતાન)ને આંખોથી જોવામાં આવે તો તે બૂરો જ દેખાશે. દુરીજનના શબ્દો પણ પસંદ પડતા નથી.)

**સુનો અબુ જેહલ નબીસુ આવ દાવે થા પડીયા,**
**તો નસીહત બોલ ઉને મન નાં ધરીયા.**

(તમે સાંભળો કે અબુજેહલ નબી સાહેબ પાસે આવીને દાવા ગાતો હતો તો તેનું પરિણામ એ આવ્યું કે તેણે નબી સાહેબના નસીહતના બોલ મનમાં ધર્યા જ નહીં.)

**આવ આંખાં મીચકર થા ખુબીકુ છુપાતા,**
**કુછ દીનકી દલમાં નાં લે આતા બાતા.**

(અબુ જેહલ નબી સાહેબની પાસે આવીને આંખો મીંચી દઈને નબી સાહેબની જે ખૂબીઓ હતી – વિશેષતાઓ હતી – તેમને છુપાવતો હતો અને પોતાના દિલમાં દીને

ઈસ્લામની વાતો લેતો જ નહોતો.)

**સુનો ઉસકે સાથ કે સબ લાએ રે ઇમાના,**
**અને વે તો કાફર હે મુઆ રે જાંના.**

(સાંભળી લ્યો કે અબુ જહેલની સાથે જે બીજા લોકો હતા તે બધા ઈમાન લાવ્યા જ્યારે તે પોતે કાફરના મોતે મર્યો.)

**સુલતાન અંબીયા થે ખાતમ રસૂલા,**
**સો મહંમદ મુસ્તફા જીવકે મુલા.**

(આપ(સ.) બધા રસૂલોની આખરમાં આવ્યા હતા અને બધા અંબિયાઓના સુલતાન હતા. હઝરત મોહંમદ મુસ્તફા(સ.) બધા જીવોનું મૂળ હતા - બધા જીવોના બાપ હતા.)

**અને મેં હું ઉમ્મતી એ ખાતમ હો કેરા,**
**સો આજીઝ બંદોમાં બુઝીઓ સવેરા.**

(અને હું એ ખાતમ નબી(સ.)નો ઉમ્મતી છું, તેમની ઉમ્મતમાંથી છું અને બધા જ બંદાઓમાં આજિઝ (ખાકસાર) છું એવું જાણજો.)

**ક્યું દાવે હો સેતી પાહો ઇમાન તમંના,**
**એ સુન સુન સહી કર રાખો રે મંના**

**-: રે તુંહી :-**

(મનમાં દાવો રાખીને - કપટ રાખીને તમે ઈમાનને કેવી રીતે મેળવી શકશો ? આ બાબતને સાંભળીને તમે મનમાં રાખો.)

**દાવે દીન નાં પાહસી, સુન તું મુનાફીક બાત રે,**
**સુન તું મુનાફીક બાત;**
**જો દાવા છોડ આવે પુછને તો નીરમલ હોવે જાત રે,**
**તો નીરમલ હોવે જાત રે.**

(અય મુનાફિક ! તું સાંભળી લે કે મનમાં દાવો રાખીને તું દીનને મેળવી નહીં શકે. જો તું દાવાને છોડીને પછી (દીનનો રસ્તો) પૂછવા માટે આવીશ તો તારી જાત નિર્મળ - પવિત્ર બની જશે.)

**'તરીકત ચાની ધરમમૂલ' કિતાબ સમાપ્ત**

**ગડમથલ નં.૨૪૪નો ઉકેલ**

<u>આડી ચાવીઓ :</u> (૧) નઅત (૩) કદરદાન (૬) મીર (૮) કલામ (૧૦) બાગ (૧૧) માહ (૧૩) દબીર (૧૫) રફૂ (૧૭) મરહબા (૧૯) ફલક (૨૧) કસીદા (૨૩) દીદાર (૨૪) યતીમ (૨૫) રકીમ (૨૭) મકાન (૩૨) ખતરનાક (૩૩) પરવાઝ <u>ઊભી ચાવીઓ :</u> (૧) નબી (૨) તઆલા (૩) કમી (૪) દરબાર (૫) દાગ (૭) મહરબાન (૯) મદદ (૧૨) તરફદાર (૧૪) ખાર (૧૬) ફૂલ (૧૭) મદાયન (૧૮) હરમ (૨૦) કદીમ (૨૧) કરમ (૨૬) કીમત (૨૮) કારી (૨૯) કનીઝ (૩૦) સના (૩૧) નૂર


Onnati INFOTECH
હૈદરઅલી જી. ડોડીયા
મો. : ૯૯૭૪૬ ૦૫૫૪૯
ફોન : ૦૨૭૭૨ - ૨૪૫૫૪૯
ઉન્નતિ ઈન્ફોટેક
કોમ્પ્યુટર સેલ્સ & સર્વિસ
- કોમ્પ્યુટર વેચાણ અને રીપેરીંગ
- કોમ્પ્યુટરને લગતી તમામ એસેસરીઝ મળશે
- દરેક કંપનીના કોમ્પ્યુટર એસમ્બલીંગ અને લેપટોપ મળશે.
- ટોનર રીફીલીંગ
ઓન લાઈન ફોર્મ ભરવામાં આવશે.
ઝેરોક્ષ & લેમીનેશન
સ્પાયરલ બાઈન્ડીંગ કરનાર
ભાગ્યોદય ડેરીની બાજુમાં, મદ્રેસા હાઈસ્કૂલ રોડ, બગીચા વિસ્તારના નાકે, પોલોગ્રાઉન્ડ, હિંમતનગર.

# Blog બ્લોગ

Ref : Wayfaring (My search for Truth)

: લેખન :
હાજર પીર સૈયદ મોહંમદ
મુજાહિદહુસૈન બાવા સાહેબ(મદ્દે.)

- **Belief**

  If you can believe in Truth, your belief will protect you. If you ever find yourself protecting your belief, be sure that it's time to change it.

  (ઈમાન)

  જો તમે હકની બાબતમાં ઈમાન ધરાવી શકતા હો તો તમારૂં ઈમાન તમારૂં રક્ષણ કરશે. જો તમે તમારી જાતને તમારા માન્યતાનું રક્ષણ કરતી જોશે તો ખાત્રીપૂર્વક માનજો કે તેને બદલવાનો સમય પાકી ગયો છે.

- **Destiny**

  From your birth to your death there are thousands and thousands of occurrences waiting to happen in your life. Some of them may happen in your life, others may not happen. Your good deeds facilitate good occurrences to happen, while your bad deeds facilitate bad occurrences to happen. This dynamic interplay of your destiny and deeds is called predestination.

  (પ્રારબ્ધ)

  તમારા જન્મથી માંડીને તમારા મોત સુધી તમારા જીવનમાં હજારોની સંખ્યામાં ઘટનાઓ બનવાની રાહ જોઈને ઊભી છે. તેમાંની કેટલીક તમારા જીવનમાં બને છે જ્યારે કેટલીક નથી બનતી. તમારાં નેક કાર્યો સારી ઘટનાઓ બનવાની અનુકૂળતા કરી આપે છે. તમારા પ્રારબ્ધની અને કાર્યોની આ પારસ્પરિક ગતિશીલ ક્રિયાને નિયતિ (અટલ ભાવિ) કહેવામાં આવે છે.

- **Free Will**

  Exercise your free will only as far as the road goes. Otherwise, build the road to exercise your free will. Without the road, you will cease to exist - let alone your free will.

(મુક્ત ઈચ્છા)

જેટલે દૂર સુધી માર્ગ જતો હોય ત્યાં સુધી તમારી મુક્ત ઈચ્છાનો ઉપયોગ કરો નહિતર તમારી મુક્ત ઈચ્છા માટે તમે જ રસ્તો બનાવો. માર્ગ વગર તો તમારૂં અસ્તિત્વ જ થંભી જશે. - તમારી મુક્ત ઈચ્છાને એકલી વિહરવા દો.

- **Real Strength**

  Real strength lies on the other side of weakness. Your body can cope up with a lot of illnesses on its own - without the help of any medicine. Having overcome the diseases in such a manner, your body gets the strength it deserves. Today early detection of a disease and over-dependence on medicine makes your body incapable of attaining its natural strength.

  (વાસ્તવિક/હકીકી તાકાત)

  વાસ્તવિક તાકાત નબળાઈની પેલે પાર પડેલી છે. તમારૂં શરીર પોતે જ - કોઈ પણ જાતની દવાની મદદ લીધા વગર - પુષ્કળ બીમારીઓનો સામનો કરી શકે તેમ છે. આવી રીતે રોગોનો મુકાબલો કરી દઈને તમારૂં શરીર જોઈએ એટલી તાકાત પ્રાપ્ત કરી લે છે. આજકાલ રોગનું ઉતાવળિયું નિદાન અને દવા ઉપરનો વધુ પડતો આધાર તમારા શરીરને કુદરતી તાકાત મેળવવા અસમર્થ બનાવી દે છે.

- **Learning**

  What the schools take 15 years to teach a reluctant student, a willing student can learn in not more than 3 flat years.

  (ભણતર)

  ભણવાની ઈચ્છા ન ધરાવતા વિદ્યાર્થીને જેટલું શીખવવામાં શાળાઓ જે પંદર વર્ષ જેટલો સમય લે છે (તેની સરખામણીમાં) ભણવાની ઈચ્છા ધરાવતો વિદ્યાર્થી એટલું તો સળંગ ત્રણ વર્ષ કરતાંય થોડા વધારે સમયમાં શીખી શકે છે.

**જાફરી આવાઝના ગ્રાહકના સરનામામાં ફેરફાર કરવાનો હોય કે અંક ન મળતો હોય તો મો.અકબરઅલી મસી (મો.૯૮૨૫૪૯૭૧૭૮, ૯૪૨૯૩૭૦૮૫૨)નો સંપર્ક કરવો**



# હિજાબ

:::: લેખક ::::
સૈયદ મોહંમદ રિઝવી
:::: પ્રકાશક ::::
જાફરી ઈસ્લામિક સેન્ટર, કેનેડા

**પ્રકરણ-૬**

## સમાપન

એવા લોકો કે જેમણે હિજાબને ખૂબ જ ઉગ્રરીતે અને ઝડપથી સ્ત્રીઓના દમન માટેની નિશાની માની લીધી છે તે લોકોને હું પૂછીશ, જ્યારે તમે કોઈ ખ્રિસ્તી સાધ્વી (nun)ને રોજિંદી ટેવ મુજબ જુઓ છો તો એના વિષે તમે શું વિચારો છો ? શું તે દમનની નિશાની છે કે પછી એવો પોષાક છે કે જે મોભ્ભો અને સન્માન અપાવે તેવો છે ? કોઈ પણ ખ્રિસ્તી સાધ્વીની 'ટેવ' હોય છે તે સંપૂર્ણ 'હિજાબ' પહેરેલી હોય. તો પછી બેવડાં ધોરણો શા માટે ? શું આ સાંસ્કૃતિક સામ્રાજ્યવાદ નથી ? જ્યારે કોઈ કેથલિક નન આ રીતે પોષાક પહેરે છે તો ગૌરવવંતી બની જાય છે પરંતુ જ્યારે કોઈ મુસ્લિમ મહિલા એવો જ પોષાક પહેરે છે તો દમનની નિશાની બની જાય છે? ઈસ્લામમાં અમારે પણ એવું જ ગૌરવ અને સન્માન જોઈએ છે, માત્ર થોડીક પસંદ કરેલી સ્ત્રી માટે જ નહીં કે જેમણે પોતાના ઈમાનના હેતુને સર કર્યો હોય, પરંતુ દરેક અને એકે એક મુસ્લિમ મહિલા માટે.

હું એવી મુસ્લિમ મહિલાઓને સલામ કરું છું કે જેમણે આવા બિન-મુસ્લિમ સમાજમાં હિજાબનું પાલન કરવા માટે પોતાની જાતે જ હિંમત એકઠી કરી છે અને હું ભારપૂર્વક અનુરોધ કરું છું તેમના પુરૂષ જીવન સાથીઓને કે તેઓ પણ કેનેડાના મિશ્ર સભ્યતાવાળા સમાજમાં ઈસ્લામ ખાતર આ સંઘર્ષમાં આગળ રહીને જે સ્ત્રીઓએ મહાન ફાળો આપ્યો છે તેમને બિરદાવે.

એક છેલ્લી બાબત કે જે મારે કહેવી જ છે તે એ છે કે મુસ્લિમ સમાજોમાં સ્ત્રીઓના હક્કોને કચડી નાખવાની આ બધી વાતો હોવા છતાં ય ઈસ્લામી દુનિયામાં અમારી પાસે ત્રણ એવા દેશો છે - તુર્કી, પાકિસ્તાન અને બંગલાદેશ - કે જ્યાં અમારે ત્યાં સ્ત્રીઓ વડાપ્રધાન હતી. આવી ભૂતકાળની સિધ્ધિઓના મુકાબલામાં યુનાઈટેડ સ્ટેટ્સ ઑફ અમેરિકાએ કે કેનૅડાએ સ્ત્રીઓને આગળ વધારવા માટેની હજુ સુધી ખેલદિલી બતાવી જ નથી કે જ્યાં મહિલાઓના વિકાસ માટે કોઈ સ્ત્રીને પ્રેસિડન્ટ તરીકે કે પ્રાઈમ મિનિસ્ટર તરીકે એક આખા સત્ર માટે ચૂંટી કાઢેલી હોય. મને લાગે છે કે આ બાબત ઈસ્લામ વિશે અને મુસલમાનો વિશે ઘણું બધું કહી જાય છે.

**પરિશિષ્ટ-એ**

## હિજાબ વિષેના અને તેને લગતા કેટલાક સામાન્ય મસઅલા

(૧) 'નજરોને નીચે ઝુકાવી દેવી' એનો અર્થ શું થાય ?

એનો અર્થ એવો થાય છે કે વ્યક્તિએ વિરોધી જાતિના સભ્ય તરફ નજર કરવી જોઈએ નહીં સિવાય તે ભાગો તરફ કે જે ઢાંક્યા વગરના હોય. ઉદાહરણ તરીકે કોઈ પુરૂષને કોઈ નામહરમ સ્ત્રીના ચહેરા

કે હાથ તરફ જોવાની છૂટ છે કે જે સ્ત્રી તેની સાથે સંબંધ ધરાવતી ન હોય એ શરતે કે તેણે વાસનાની નિય્યતથી તેણીને જોઈ ન હોય. ('મહરમ'નો અર્થ થાય એવી વ્યક્તિ કે જેની હાજરીમાં હિજાબની જરૂર ન હોય) (આ વિભાગના અંતે આપેલી યાદી જુઓ.)

(૨) શું વિરોધી જાતિની વ્યક્તિ સાથે હાથ મિલાવવા જાઈઝ છે ?

જો તે વ્યક્તિ મહરમ હોય તો તે જાઈઝ છે. પરંતુ જો એ વ્યક્તિ નામહરમ હોય તો એવું કરવું હરામ છે.

(૩) શું સ્ત્રીના માટે આંખોમાં સુરમો લગાવવો અને આંખની પાંપણો ઉપર કાજળ લગાવવું અને બન્ને હાથોમાં અંગૂઠીઓ પહેરવી જાઈઝ છે ?

કોઈ પણ સ્ત્રી માટે આંખોમાં સુરમો લગાવવો અથવા એવા જ પ્રકારનું કોઈ cosmetics પાંપણો ઉપર લગાવવું તેમજ અંગૂઠીઓ પહેરવી જાઈઝ છે એ શરતે કે આવું કરવા પાછળ તેણીની નિય્યત એવી ન હોવી જોઈએ કે પુરૂષો તેણીની તરફ વાસનાની દૃષ્ટિથી આકર્ષાય.

(૪) હિજાબ પહેરનારી બહુ મોટાભાગની મુસ્લિમ મહિલાઓ જ્યારે પોતાની ગરદનને ઢાંકતી હોય છે ત્યારે પોતાની હડપચીને અને હડપચીની નીચેના થોડાક ભાગને ખુલ્લો રાખતી હોય છે. શું આ બાબત જાઈઝ છે ? અને સ્ત્રી ચહેરાનો વધુમાં વધુ કેટલો ભાગ ખુલ્લો રાખી શકે છે ? શું કાનનો તેમાં સમાવેશ થાય ખરો ?

કાન ચહેરાના ભાગ નથી તેથી તે ઢાંકી દેવા વાજિબ છે. હડપચીના અને તેની નીચેના ભાગની વાત કરીએ તો જ્યારે માથે પહેરવાનો સામાન્ય સ્કાર્ફ પહેરતાં હડપચી અને તેની નીચેનો ભાગ દેખાતો હોય તો તેને ચહેરાનો ભાગ ગણવામાં આવે છે તેથી તેને ખુલ્લો રાખી શકાય.

(૫) હિજાબ પહેરતી સ્ત્રી માટે શું પોતાના ચહેરા પરના વાળ (facial hair) કાઢી નાખવા અથવા તો પોતાની આઈબ્રોઝ(eyebrows)ને લાંબી કરવી અને કુદરતી અને હળવો મેકઅપ કરવો જાઈઝ છે?

ચહેરા પરની રૂંવાટી(વાળ)ને કાઢી નાખવી, આઈબ્રોઝને લંબાવવી અને હળવો મેકઅપ કરવા જેવી બાબતો તેના ચહેરાને ખુલ્લો રાખવામાં અડચણરૂપ નથી બનતી તે શરતે કે આવી બાબતો કોઈનું ધ્યાન ખેંચવા માટે ન કરવી જોઈએ.

(૬) શું કોઈ સ્ત્રી હિજાબ (માથું ઢાંકવાના કપડા)ના બદલામાં વીગ (wig) પહેરી શકે ?

જોકે વીગ સુંદરતાની આઈટમ (ઝીનત) છે. નામહરમ પુરૂષની હાજરીમાં માથું ઢાંકેલું જ રાખવું જોઈએ.

(૭) કોઈ મુસલમાન સ્ત્રી ઊંચી એડીવાળાં પગરખાં પહેરે છે કે જે જમીન ઉપર એવી રીતે અથડાય છે કે જેનાથી ધ્યાન ખેંચાય છે. શું આવાં પગરખાં પહેરવાની છૂટ છે ?

જો એ પહેરવા પાછળની નિય્યત નામહરમ પુરૂષનું તેણીના તરફ ધ્યાન ખેંચવાની હોય અથવા તો જો તે સામાન્ય રીતે ગુનો આચરવા માટેની લાલચ હોય તો તે નાજાઈઝ છે.

(૮) જો કોઈ સ્ત્રી સ્કાર્ફ પહેરે અને ટાઈટ ફિટીંગવાળુ શર્ટ પહેરે અને ટાઈટ ફિટીગવાળા જીન્સ અથવા ટ્રાઉઝર્સ અથવા તો ટાઈટ ફિટીંગવાળાં સલવાર અને કમીઝ પહેરે તો શું નામહરમ પુરૂષની

હાજરીમાં આને હિજાબ તરીકે સ્વીકારી શકાય તેવી બાબત ગણાય ખરી ?

એવો કોઈ પણ પોષાક કે જે તેણીના શરીરના આકારને જાહેર કરતો હોય અથવા જે સામાન્ય રીતે લાલસા ઉત્પન્ન કરતો હોય તેવો પોષાક નાજાઈઝ છે અને તે હિજાબની જરૂરિયાતને પૂરી કરતો નથી. તેવો હિજાબ મતલબ વગરનો છે.

(૯) કોઈ મુસ્લિમ પુરૂષ માટે પુરૂષો અને સ્ત્રીઓ માટેના સંયુક્ત તરણકુંડ(ન્હાવાના હોજ)માં જવું અથવા તો કોઈ આવા જ સ્થળે જવું કે જ્યાં લોકો અર્ધનગ્ન અવસ્થામાં ફરતાં હોય તો શું ત્યાં જવું જાઈઝ છે ?

કોઈ મુસલમાન પુરૂષે પુરૂષો-સ્ત્રીઓ માટેના તરણકુંડમાં અથવા તો એવી જ કોઈ જગ્યાઓએ કે જે હરામ કામ માટે કારણભૂત હોય ત્યાં જવું જાઈઝ નથી.

(૧૦) દિયરનો અથવા પિત્રાઈ ભાઈનો એવી યાદીમાં સમાવેશ થઈ શકે કે જેની હાજરીમાં કોઈ મહિલાએ હિજાબનું પાલન કરવાનું હોતું નથી ? શું તેણી તેમની સાથે હાથ મિલાવી શકે અથવા તો તેમને ભેટી શકે?

દિયર અથવા પિત્રાઈ પુરૂષનો એ યાદીમાં સમાવેશ થતો નથી અને તેથી મુસલમાન સ્ત્રી માટે તેની હાજરીમાં હિજાબનું પાલન કરવું જોઈએ અને વળી તેણી તેની સાથે હાથ મિલાવી શકતી નથી કે તેને ભેટી પણ શકતી નથી. મુસલમાન પુરૂષ માટે પોતાની સાળી અથવા પિત્રાઈ બહેનની બાબતમાં પણ એવું જ છે.

### મહરમની યાદી

(જેમની હાજરીમાં હિજાબની જરૂર નથી)

| **સ્ત્રીના મહેરમ કોણ?** | **પુરૂષના મહેરમ કોણ?** |
|---|---|
| (૧) પિતા | (૧) માતા |
| (૨) દાદા | (૨) દાદી |
| (૩) ભાઈ | (૩) બહેન |
| (૪) સસરા | (૪) સાસુ |
| (૫) પતિ | (૫) પત્ની |
| (૬) પુત્ર | (૬) દીકરી |
| (૭) સાવકો (ઓરમાન) પુત્ર | (૭) સાવકી (ઓરમાન) દીકરી |
| (૮) જમાઈ | (૮) દીકરાની વહુ |
| (૯) ભત્રીજો | (૯) ભત્રીજી |
| (૧૦) કાકા, ફુઆ | (૧૦) કાકી, ફોઈ |
| (૧૧) મામા, માસા | (૧૧) મામી, માસી |
| (૧૨) નાબાલિગ છોકરો | (૧૨) નાબાલિગ છોકરી |
| (૧૩) સ્ત્રીઓ | (૧૩) પુરૂષો |

(ક્રમશ:)

ફારસીના મહાન કવિ શેખ સાઅદીની

# શાયરીનો રસાસ્વાદ

**'ગુલિસ્તાન'માંથી પસંદ કરેલ પંક્તિઓ**

## Submission (શરણાગતિ/અધીનતા)

هرچه رَوَد بر سرم، چون تو پسندی رواست
بنده چه دعوی کُنَد؟ حکم خداوند راست

**હર ચે રવદ બર સરમ, ચૂન તૂ પસંદી રવાસ્ત**
**બંદા ચે દાવા કુનદ? હુકમ ખુદાવંદ રાસ્ત**

(તમારી બહાલી (મંજૂરી)થી મને જે કંઇ અનિષ્ટ થાય, તે મને કબૂલ મંજૂર છે. આ ગુલામ કયું બહાનું રજૂ કરી શકે તેમ છે ? તમારો હુકમ મારા માટે કાયદો છે.)

## Suffering (પીડા/યાતના)

تندرستان را نباشد درد ریش
جُز به همدردی نگویم درد خویش
گفتن از زنبور بی حاصل بود
با یکی در عمر خود ناخورده نیش
تا ترا حالی نباشد همچو ما
حال ما باشد ترا افسانه پیش
سوز من با دیگری نسبت مکن
او نمک بر دست و من بر عُضوِ ریش

**તંદુરસ્તાન રા નબાશદ દરદ રીશ**
**જુઝ બે હમદર્દી નગવીમ દરદ ખવીદ**
**ગુફતન અઝ ઝંબૂર બી હાસિલ બુવદ**
**બાયકી દર ઉમ્ર ખૂદ નાખુર્દા નીશ**
**તાતરા હાલી નબાશદ હમચૂમા**
**હાલ મા બાશદ તરા અફસાના પેશ**
**સોઝ મન બા દીગરી નિસ્બત મકન**
**અવ નમક બર દસ્ત વ મન બર ઉઝવે રીશ**

(જે લોકો તંદુરસ્ત હોય છે તેઓ કોઇ જખમના દર્દને મનમાં ગ્રહણ કરતા નથી. મારા સાથી દર્દી સિવાય હું કદી પણ મારી પીડાની વાત કોઈને કરીશ નહીં. જેણે પોતાના જીવન દરમિયાન ભમરાના ડંખની વેદના કદી સહન ન કરી હોય તેની આગળ તેની વેદનાની વાત કરવી નિરર્થક છે. જ્યાં સુધી તમે મેં જે દુ:ખ વેઠયું છે એવું દુ:ખ વેઠયું ન હોય ત્યાં સુધી તમને મારી વાતો બેકાર (માણસના જેવી) વાતો લાગશે. મારી વેદનાની કોઇ માણસની પીડા સાથે સરખામણી ના કરતા. તેની પાસે તો માત્ર તેના હાથમાં જ મીઠું છે જ્યારે મારી પાસે તો જખમ ઉપર જ મીઠું છે.)

## Supplication (દુઆ)

بر در کعبه سائلی دیدم
که همی گفت و می گرستی خوش
می نگویم که طاعتم بپذیر
قلمِ عَفو برگُناهم کَش

**બર દર કા'બા સાએલી દીદમ**
**કે હમી ગુફ્ત વ મી ગરસી ખૂશ**
**મી નગવીમ કે તાઅતમ બપઝીર**
**કલમે અફૂ બર ગુનાહમ કશ**

(કા'બા બયતુલ્લાહના દરવાજા આગળ મેં

એક યાચકને જોયો કે જે રડી રહ્યો હતો અને કહી રહ્યો હતો : (યા અલ્લાહ !) હું તને મારી ઈબાદતોને કબૂલ કરવાનું કહેતો નથી, હું તો માત્ર તને એટલું જ કહું છું કે તું મારા ગુનાઓને માફ કરી દે.)

## Sycophancy (હલકટ ખુશામત)

**خلاف رای سلطان رای جستن**
**به خون خویش باشد دست شستن**
**اگر خود روز را گوید شب است این**
**بباید گفتن اینک ماه و پروین**

**ખિલાફ રાઇ સુલતાન રાઇ જિસ્તન**
**બે ખૂન ખવીશ બાશદ દસ્ત શસ્તન**
**અગર ખુદ રોઝ રા ગવીદ શબ અસ્ત ઐન**
**બબાયદ ગુફ્તન ઐનક માહ જ પરવીન**

(બાદશાહના વિરૂધ્ધ પોતાનો અભિપ્રાય વ્યક્ત કરવો તે જાણે કે પોતાના લોહીથી પોતાના હાથ ધોવા બરોબર છે. જો બાદશાહ દિવસને રાત છે એવું કહેતો હોય તો માણસે ડહાપણ વાપરીને તેની સાથે સહમત થઈ જવું જોઈએ અને એવું કહેવું જોઈએ કે હા, ચાંદ અને તારા પણ દેખાય છે.)

## Tale-Bearer (ચાડી ખાનાર / ચાડી ખોર)

**هرکه عیب دگران پیش تو آورد و شمرد**
**بی گمان عیب تو پیشِ دگران خواهد برد**

**હર કે ઐબ દિગરાના પેશ તૂ આવર્દ વ શમરદ**
**બી ગુમાન ઐબ તૂ પેશે, દિગરાન ખ્વાહદ બરદ**

(જે કોઈ તમારી આગળ બીજાઓના ઐબ ગણાવતો હોય તે નિ:શંકપણે તમારા ઐબ બીજાઓને કહેતો જ હશે.)

**میان دو کس جنگ چون آتش است**
**سخن چین بدبخت هیزم کش است**
**کنند این و آن خوش دگر باره دل**
**وی اندرمیان، کور بخت و خجل**
**میان دو تن آتش افروختن**
**نه عقل است و خود درمیان سوختن**

**મિયાન દો કસ જંગ ચૂન આતશ અસ્ત**
**સુખન ચીન બદબખ્ત હૈઝમ કશ અસ્ત**
**કુનનદ ઐન વ આન ખુશ દિગર બારા દિલ**
**વય અંદરમિયાન, કૂર બખ્ત વ ખજલ**
**મિયાન દો તન આતશ અફ્રુખતન**
**ને અકલ અસ્ત વ ખૂદે દરમિયાન સુખતન**

(બે માણસો વચ્ચેનો સંઘર્ષ જાણે કે આગ જેવો છે અને ચાડીખોર એક એવો માણસ છે કે જે આગમાં ઘી હોમે છે. પાછળથી તે બન્ને માણસો વચ્ચે સમાધાન થઈ જાય છે અને ચાડીખોરને ધિક્કારની નજરે જોવામાં આવે છે અને શરમિન્દો બની જાય છે. બે માણસો વચ્ચે (વેરની) આગ પ્રજવલિત કરવી અને ત્યાર પછી પોતાની જાતને તેમાં બાળવી અઘટિત કાર્ય છે.)

**ઈસ્લામી કવીઝ નં. ૨૨૫ના જવાબો**

(૧) બદવી (૨) તેની નિય્યત ઉપર (૩) ઉમ્મે હાની (૪) બે વખત (૫) સૂરએ તાહા (૬) સૂરએ માએદા

# સર્વશ્રેષ્ઠ સ્મરણ

મૌલાના ઓબયદુલ્લાહ અમૃતસરી
દ્વારા સંપાદિત
'અર્જહુલ મતાલિબ'નો અનુવાદ

## જનાબે અમીર(અ.)ના અમલી ફઝાએલનું વર્ણન

### ઔલાદે સાલેહ

(ગતાંકનું ચાલુ)

**જનાબે ઈમામ હુસૈન(અ.)નાં ગુણગાન :**

(૨૦) અબૂ હૂરૈરા (રઝી.અ.)થી રિવાયત છે કે મેં જનાબે સરવરે આલમ (સ.)ને જોયા છે કે જનાબે હુસૈન (અ.)ના લુઆબે દહનને એવી રીતે ચૂસતા હતા કે જેવી રીતે માણસ ખજૂરને ચૂસતો હોય છે.

(૨૧) ઝૈદ બિન ઝિયાદ કહે છે કે જનાબે રસૂલલ્લાહ (સ.) જનાબે ઉમ્મુલ મોમિનીન આઈશા સિદ્દિકા (રઝી.અ.)ના ઘેરથી નીકળીને જનાબે સૈયદા (અ.)ના દરવાજા ઉપરથી પસાર થયા અને જનાબે હસન (અ.)ને રડતા સાંભળ્યા અને ફરમાવ્યું, ફાતેમા ! તમે જાણતાં નથી કે એના રડવાથી મારું દિલ દુ:ખે છે.

**આં હઝરત(સ.)એ જનાબે ઇમામ હુસૈન(અ.)ની શહાદતની ખબર આપવી. :**

(૧) અબી અમામા બાહલીથી મરવી છે કે એક દિવસ હઝરત (સ.)એ ઈરશાદ કર્યો કે આ છોકરાને એટલે કે ઈમામ હુસૈન (અ.)ને તમે રડાવ્યા ન કરો. એ દિવસે જનાબે ઉમ્મે સલમાના ઘરનો વારો હતો. હઝરત (સ.)ની પાસે જિબ્રઈલ (અ.) નાઝિલ થયા. હઝરત ઘરની કોઠડીમાં તશરીફ લઈ ગયા અને ઉમ્મે સલમાને ફરમાવ્યું, મારી પાસે કોઈને આવવા ન દેતા. ઓચિંતા જનાબે હુસૈન (અ.) તશરીફ લાવ્યા અને હઝરત (સ.)ને જોઈને કોઠડીમાં ઘૂસવા લાગ્યા. જનાબે ઉમ્મે સલમાએ તેમને પકડીને ગળે લગાવ્યા અને તેમને અંદર જવાથી રોકી રાખ્યા અને તેમને રડવાથી ચૂપ કરવા લાગ્યાં. જ્યારે તેઓ સખત રડવા લાગ્યા તો જનાબે ઉમ્મે સલમાએ તેમને છોડી દીધા અને તેઓ હઝરતની પાસે જઈને ગોદમાં બેસી ગયા. જિબ્રઈલ (અ.)એ અરજ કરી, આપની ઉમ્મત તેમને ટૂંક સમયમાં જ કતલ કરશે અને હાથ લાંબો કરીને હઝરત (સ.)ને થોડીક માટી આપી અને કહ્યું, તેમને આવી જગ્યાએ શહીદ કરવામાં આવશે. પછી તો હઝરત (સ.) જનાબે હુસૈન (અ.)ને ખોળામાં લઈને ખૂબ જ ગમગીન અવસ્થામાં બહાર આવ્યા. જનાબે ઉમ્મે સલમાએ વિચાર કર્યો કે કદાચ હઝરત જનાબે હુસૈન (અ.)ના અંદર જવાથી નારાજ થઈ ગયા છે. તેઓ અરજ કરવા લાગ્યાં, યા નબી અલ્લાહ! હું આપના ઉપર કુરબાન થઈ જાઉં, હુઝૂરે અમને કહ્યું હતું કે આ છોકરાને રડાવ્યા ન કરો અને એ પણ હુકમ આપ્યો હતો કે કોઈને પણ મારી પાસે ઘરમાં દાખલ થવા ન દેતાં. જ્યારે જનાબે ઈમામ હુસૈન (અ.)

તશરીફ લાવ્યા તો મેં તેમને રોકી રાખ્યા હતા. હઝરત (સ.)એ ઉમ્મે સલમાને કોઇ જવાબ ન આપ્યો અને સહાબાની પાસે તશરીફ લાવ્યા. જ્યારે સહાબા બેઠેલા હતા ત્યારે હઝરતે તેમને ફરમાવ્યું, યકીનપૂર્વક મારી ઉમ્મત આને શહીદ કરશે. સહાબામાં હઝરત અબુબકર અને ઉમર (રઝી.) પણ મોજુદ હતા. હઝરતે તેમને બતાવીને કહ્યું, જ્યાં શહીદ કરવામાં આવશે તે જગ્યાની આ માટી છે.

(૨) અનસ બિન અલ હારિસ કહે છે કે મેં જનાબે રસૂલલ્લાહ (સ.)ને એવું ફરમાવતા સાંભળ્યા છે કે આ મારા દીકરાને અર્થાત્ ઈમામ હુસૈનને ઈરાકની જમીનમાં મારવામાં આવશે કે જેને કરબલા કહેવામાં આવે છે. તેથી તમારામાંથી જે માણસ ત્યાં મોજુદ હોય તેણે તેની મદદ કરવી જોઇએ. તેથી અનસ બિન હારિસ ઈમામ હુસૈન (અ.)ની સહાયતામાં ઊંટ પર સવાર થઈને ગયા હતા અને ત્યાં શહીદ થયા હતા.

(૩) જનાબે ઉમ્મુલ મોમિનીન આઈશા સિદ્દીકા (રઝી.)થી રિવાયત છે કે નબી (સ.)એ ફરમાવ્યું છે કે જિબ્રઈલ (અ.)એ મને ખબર આપી છે કે મારો ફરઝંદ હુસૈન તફની જમીનમાં માર્યો જશે અને આ માટી લાવીને મને બતાવવામાં આવી છે કે જેમાં તેમની કબર હશે.

(૪) અબી સલમા બિન અબ્દુર રહમાનથી રિવાયત છે કે એક વખત જનાબે ઈમામ હુસૈન(અ.) પયગમ્બરે ખુદા (સ.)ની જનાબમાં તશરીફ લાવ્યા અને એ વખતે હુઝૂર (સ.) ની પાસે જનાબે ઉમ્મુલ મોમિનીન આઈશા સિદ્દીકા (રઝી.)ના ઘરમાં જિબ્રઈલ (અ.) તશરીફ લાવ્યા કરતા હતા. હઝરત જિબ્રઈલ (અ.)એ હુઝૂર (સ.)ને અરજ કરી કે તેમને ઉમ્મત મારી નાખશે અને અગર આપ ઈચ્છતા હો તો હું એ જમીન વિષે ખબર આપી શકું છું કે જેમાં તે શહીદ થશે અને જિબ્રઈલ (અ.)એ પોતાના હાથથી તફ–ઈરાક તરફ ઈશારો કર્યો અને ત્યાંની રાતી માટી આપ (સ.)ને બતાવી.

(૫) ઉમ્મુલ ફઝલ બિન્તુલ હારિસ કહે છે કે હું જનાબે ઈમામ હુસૈન (અ.)ને લઈને એક દિવસ આં હઝરત (સ.)ની હુઝૂરમાં ગઈ અને મેં તેમને હુઝૂર (સ.)ના ખોળામાં મૂકી દીધા. પછી મારે એક કામ આવી પડયું. જ્યારે હું એનાથી ફારેગ થઈ તો શું જોઉં છું કે હુઝૂર (સ.)ની નૂરાની આંખો આંસુથી ભરેલી છે. ત્યાર પછી આં હઝરત (સ.)એ ફરમાવ્યું, મારી પાસે જિબ્રઈલ (અ.) તશરીફ લાવ્યા છે અને ખબર આપી છે કે મારા આ બેટાને મારી ઉમ્મત કતલ કરશે અને મને ત્યાંની લાલ માટી લાવીને બતાવી છે.

(૬) જનાબે ઉમ્મે સલમા (રઝી.અ.) કહે છે કે આં હઝરત (સ.) એવું ફરમાવતા હતા કે આજે મારી પાસે એક ફરિશ્તો આવ્યો કે આવો પહેલાં આવ્યો ન હતો. તે કહેવા લાગ્યો કે યકીનપૂર્વક આ આપનો ફરઝંદ હુસૈન શહીદ થવાનો છે. અગર આપ ચાહો તો જે જમીનમાં તે કતલ કરવામાં આવશે તેની માટી હુઝૂર (સ.) ને બતાવું. ત્યાર પછી લાલ માટી કાઢીને મને બતાવી. (ક્રમશઃ)

# જ્ઞાન ગોષ્ઠિ

: સંપાદક :

'મોમિન રત્ન'

## ઈસ્લામી શિષ્ટાચાર

### મસ્જિદોની ફઝીલત અને હુરમત

(ગતાંકનું ચાલુ)

વળી આપ(સ.)એ ઈરશાદ ફરમાવ્યો કે તમે લોકો તમારી મસ્જિદોને બચાવ્યા કરો તમારા છોકરાઓથી, તમારા પાગલો અને દીવાનાઓથી, તમારા બુલંદ અવાજોથી તમારી લે–વેચથી, ખોવાયેલી વસ્તુઓના એલાનથી અને સજા તેમજ એહકામથી અને બેહતર છે કે મસ્જિદમાં શેઅર પઢવાથી અને ઉસ્તાદે બેસીને બચ્ચાંને તાલીમ આપવાથી અથવા કોઈ દરજીને ત્યાં બેસીને કપડાં સીવવાથી દૂર રાખવામાં આવે. (૭૧૫)

રસૂલિલ્લાહ(સ.)એ ઈરશાદ ફરમાવ્યો છે કે જે માણસ અલ્લાહ તઆલાની મસ્જિદોમાંથી કોઈ મસ્જિદમાં એક ચિરાગ સળગાવશે તો જ્યાં સુધી તે ચિરાગની રોશની તે મસ્જિદમાં હોય ત્યાં સુધી ફરિશ્તાઓ અને અર્શને ઉપાડવાવાળા તે માણસના માટે મગ્ફેરત(ની દુઆ) માગ્યા કરશે. (૭૧૬)

હઝરત ઈમામ મોહંમદ બાકિર(અ.) એ ફરમાવ્યું કે તમારામાંથી કોઈ માણસ મસ્જિદોમાંથી એક કાંકરી પણ કાઢી લે તો તેના પર લાઝિમ છે કે તે કાંકરીને તેની જગ્યાએ તે પાછી મૂકી દે અથવા તો કોઈ બીજી મસ્જિદમાં મૂકી દે એટલા માટે કે તે કાંકરી અલ્લાહની તસ્બીહ પઢે છે. (૭૧૭)

અને હઝરત ઈમામ જાફર સાદિક (અ.)એ ફરમાવ્યું કે તમારી ઓરતોના માટે સૌથી બેહતરીન મસ્જિદ ઘર છે. (૭૧૮)

અને આપને મસ્જિદો માટે કોઈ જાયદાદ વકફ કરવા અંગે પૂછવામાં આવ્યું તો આપ(સ.)એ ફરમાવ્યું, એ (બાબત) જાએઝ નથી એટલા માટે કે મજૂસી (અગ્નિપૂજકો) અગ્નિકુંડો ઉપર જાયદાદો વકફ કરતા હતા. (૭૧૯)

અને રિવાયત કરવામાં આવી છે કે તૌરેતમાં એવું લખેલું છે કે જમીન ઉપરનાં મારાં ઘર મસ્જિદો છે. એ માણસનું શું કહેવું કે જે પોતાના ઘરમાં પાક અને તાહિર બની જાય અને ત્યાર પછી મારા ઘરમાં મારી મુલાકાત કરવા આવે. જાણી લો કે યજમાન પર મહેમાનનું સન્માન (કરવું) ફર્ઝ છે. જાણી લો અને રાતના અંધકારોમાં મસ્જિદની તરફ પગે ચાલીને જનારાઓને ખુશખબરી સંભળાવી દો કે કયામતના દિવસે તેમના માટે એક નૂર પ્રગટ થશે. (૭૨૦)

રિવાયતમાં છે કે એ ઘરો કે જેમાં રાતના સમયે નમાઝો પઢવામાં આવે છે તે આસમાનવાસીઓ માટે એવી રીતે ચમકે છે કે

જેવી રીતે જમીનવાસીઓ માટે સિતારા ચમકે છે. (૭૨૧)

અને અલ્લાહ (કોઇ કોઇ વાર) એવું ઇચ્છે છે કે બધા જમીનવાસીઓ ઉપર અઝાબ નાઝિલ કરી દે અને તેમનામાંથી કોઇ ન બચે પરંતુ જ્યારે ઘરડાઓને જુએ છે કે તેઓ પગે ચાલીને નમાઝ માટે જઇ રહ્યા છે અને બાળકોને જુએ છે કે તેઓ કુરાનની તાલીમ પ્રાપ્ત કરી રહ્યા છે તો તેમનાથી અઝાબને મોકૂફ કરી દે છે. (૭૨૨)

અને જે માણસ મસ્જિદમાં દાખલ થવાનો ઇરાદો કરે તો તેણે અત્યંત શાંતિથી અને સન્માનપૂર્વક દાખલ થવું એટલા માટે કે મસ્જિદો અલ્લાહનાં ઘરો છે અને અલ્લાહની નજરમાં સૌથી પસંદગીપાત્ર ઘર **بقعہ** છે અને તે માણસ અલ્લાહની નજરમાં વધારે પસંદગીપાત્ર છે કે જે બધાના પહેલાં મસ્જિદમાં દાખલ થાય અને સૌથી છેલ્લો બહાર નીકળે. (૭૨૩)

અને જે માણસ મસ્જિદમાં દાખલ થાય તો તેણે પોતાના ડાબા પગના પહેલાં પોતાના જમણા પગને મસ્જિદમાં દાખલ કરવો જાઇએ અને આ મુજબ કહેવું જોઈએ :

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

بِسْمِ اللّٰهِ وَ بِاللّٰهِ اَلسَّلَامُ عَلَيْكَ اَيُّهَاالنَّبِيُّ وَرَحْمَةُ اللّٰهِ وَ بَرَكَاتُهٗ' اَللّٰهُمَّ صَلِّ عَلٰى مُحَمَّدٍ وَّاٰلِ مُحَمَّدٍ' وَافْتَحْ لَنَا اَبْوَابَ رَحْمَتِكَ' وَاجْعَلْنَا مِنْ عُمَّارِ مَسَاجِدِكَ' جَلَّ ثَنَاءُ وَجْهِكَ

અને મસ્જિદમાંથી બહાર નીકળે તો જમણા પગના પહેલાં પોતાનો ડાબો પગ મસ્જિદમાંથી બહાર કાઢે અને કહે :

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

اَللّٰهُمَّ صَلِّ عَلٰى مُحَمَّدٍ وَّاٰلِ مُحَمَّدٍ وَافْتَحْ لَنَا بَابَ رَحْمَتِكَ

(સંદર્ભ : મલ્લા યઝહરૂલ ફકીહ, જિલ્દ–૧, પેજ–૧૨૬ થી ૧૩૨)

### અઝાન, ઇકામહ અને અઝાન પોકારનારા વિષે

હફ્સ બિન બખ્તરીએ ઇમામ જાફર સાદિક(અ.)થી રિવાયત કરી છે કે આપ(સ.)એ બયાન ફરમાવ્યું છે કે જ્યારે રસૂલલ્લાહ(સ.) મેઅરાજ પર તશરીફ લઇ ગયા અને નમાઝનો સમય આવી ગયો તો હઝરત જિબ્રઇલ(અ.) એ અઝાન કહી અને જ્યારે તેમણે **અલ્લાહુ અકબર** કહ્યું તો ફરિશ્તાઓએ પણ **અલ્લાહુ અકબર** કહ્યું. જ્યારે તેમણે **અશ્હદો**

**સાહેબકા ઘર દૂર હૈ, જૈસી લંબી ખજૂર,**
**ચડે તો ચાખે પ્રેમ રસ, પડે તો ચકનાચૂર.**
(માલિકનું ઘર ખૂબ જ દૂર હોય છે જેવી કે ખજૂરના ઝાડની લંબાઈ હોય છે. તેના ઉપર જે ચડે તે પ્રેમનો રસ ચાખી શકે અને જો નીચે પડે તો ચૂરે ચૂરા થઇ જાય.)

**અલ્લાઇલાહા ઇલ્લલ્લાહ** કહ્યું તો ફરિશ્તાઓએ કહ્યું, તેમણે અલ્લાહની અજોડતાનો એકરાર કર્યો. જ્યારે તેમણે કહ્યું કે **અશ્હદો અન્ન મોહંમદુર્ર રસૂલુલ્લાહ** તો ફરિશ્તાઓએ કહ્યું કે કોઈ નબી મબઊસ થયા. જ્યારે તેમણે **હય્ય અલસ્સલાહ** કહ્યું તો ફરિશ્તાઓએ કહ્યું તેઓ પોતાના રબની ઈબાદત માટે લોકોને તત્પર કરી રહ્યા છે. જ્યારે તેમણે **હય્ય અલલ ફલાહ** કહ્યું તો ફરિશ્તાઓએ કહ્યું, જેણે તેનું અનુસરણ કર્યું તેણે ફલાહ (ભલાઇ) પ્રાપ્ત કરી. (૮૬૪)

મન્સૂર બિન હાઝિમે હઝરત ઈમામ જાફર સાદિક(અ.)થી રિવાયત કરી છે કે આપ(અ.)એ ફરમાવ્યું કે હઝરત જિબ્રઈલ(અ.) અઝાન(ના કલ્માઓ–વાકયો) લઈને રસૂલલ્લાહ(સ.)ની પાસે નાઝિલ થયા અને એ વખતે આં હઝરત(સ.)નું સર મુબારક હઝરત અલી(અ.)ના ખોળામાં હતું. હઝરત જિબ્રઈલ(અ.)એ અઝાન કહી અને ઈકામહ કહી. જ્યારે રસૂલલ્લાહ(સ.) ઊંઘમાંથી જાગ્યા તો આપ(સ.)એ હઝરત અલી(અ.)ને ફરમાવ્યું, અય અલી ! તમે સાંભળ્યું ? તેમણે કહ્યું, હા, યા રસૂલલ્લાહ! પૂછ્યું કે શું તમને યાદ છે ? અરજ કરી, જી હા. ફરમાવ્યું, તો પછી બિલાલને બોલાવો અને તેમને શીખવાડી દો. હઝરત અલી(અ.)એ બિલાલને બોલાવ્યા અને તેમને અઝાન આપવાનું શીખવાડી દીધું. (૮૬૫)

ઝરારાએ ઈમામ મોહંમદ બાકિર (અ.)થી રિવાયત કરી છે કે આપ(અ.)એ ફરમાવ્યું કે અઝાન તો જો તમે ચાહો તો વુઝૂ વગર કહી લો, એક લિબાસમાં કહી લો, ઊભા રહીને કહી લો, બેઠા બેઠા કહી લો, જે તરફ તમારું મોઢું હોય, કહી લો પરંતુ જ્યારે તમે ઈકામત કહો તો વુઝૂ કરીને અને નમાઝ માટે તત્પર બનીને કહો. (૮૬૬)

એહમદ બિન મોહંમદ બિન અબી નસ્ર બઝનતીએ હઝરત ઈમામ રિઝા(અ.)થી રિવાયત કરી કે આપ(અ.)એ ફરમાવ્યું કે કોઇ માણસ બેઠેલો હોય તો પણ અઝાન કહી દે, સવારી પર હોય તો અઝાન કહી દે. (૮૬૭)

## નુસ્ખા

### બાળ રોગો

(ગતાંકનું ચાલુ)

* કાંદો અને ગોળ રોજ ખવડાવવાથી બાળકની ઊંચાઈ વધે છે.
* ટામેટાંનો એક ચમચી રસ, દૂધ પીવડાવતા પહેલાં પાવાથી બાળકોને થતી દૂધની ઉલ્ટી મટે છે.
* હળદર નાખી ગરમ કરેલા દૂધમાં સહેજ મીઠું અને ગોળ નાખીને પાવાથી બાળકોની શરદી, કફ અને સસણી મટે છે.
* લસણની એક કે બે કળી દૂધમાં પકાવી ગાળી દૂધ પાવાથી બાળકોની ઉધરસ અને શ્વાસ મટે છે.
* નાગરવેલના પાનને દિવેલ ચોપડી સહેજ ગરમ કરી નાના બાળકની છાતી પર મૂકી ગરમ કપડાથી હળવો શેક કરવાથી બાળકોનો કફ છૂટો પડી જાય છે. (ક્રમશઃ)

અબૂ બશીરે હઝરત ઈમામ જાફર સાદિક(અ.)થી રિવાયત કરી છે કે આપ(અ.) એ ફરમાવ્યું કે અગર તમે સવારી પર હો કે પગપાળા ચાલી રહ્યા હો અગર તો વુઝૂ (કર્યા) વગરના હો અને અઝાન કહી દો તો કંઈ વાંધો નથી પરંતુ તમે સવાર થયેલા હો અથવા બેઠેલા હો તો ઈકામત ન કહો સિવાય કે કોઈ ઉઝ્ર હોય અથવા તો ચોરોની સરઝમીન હોય (તો વાત જુદી છે.). (૮૬૮)

રસૂલલ્લાહ(સ.)એ ઈરશાદ ફરમાવ્યો કે મોઅઝ્ઝિન(અઝાન પોકારનાર)ને અઝાન અને ઈકામહ દરમિયાન એટલો બધો સવાબ મળી જાય છે કે જેટલો ખુદાની રાહમાં શહીદ થનાર અને પોતાના ખૂનમાં લોટનારને મળે છે. હઝરત અલી(અ.)એ અરજ કરી, પછી તો લોકો અઝાન આપવા માટે અંદરો અંદર લડશે. આં હઝરત(સ.)એ ફરમાવ્યું, આવું કદાપિ નહીં બને પરંતુ લોકોના ઉપર એવો જમાનો આવશે કે લોકો અઝાન આપવાનું ઘરડાઓ ઉપર છોડી દેશે તો આ જ એ અવયવો છે કે જેમના ઉપર અલ્લાહે જહન્નમને હરામ કરી દીધી છે. (૮૬૯)

ખાલિદ બિન નજીહે હઝરત ઈમામ જાફર સાદિક(અ.)થી રિવાયત કરી છે કે આપ(સ.)એ ફરમાવ્યું કે અઝાનમાં અલ્લાહુ અકબરના **'હા'** અને **'અલિફ'**ને પૂરી ફસાહતની સાથે કહેવો ચોકકસ અને આવશ્યક છે. (૮૭૧) (ક્રમશ:)

**શકયતા ને કલ્પનાની હદ જ્યાં પૂરી થાય છે,**
**ત્યાંથી હદ શબ્બીરના ગમની શરૂ થઈ જાય છે.**

# શબ્દ પરિચય


## આયત

**આયત** : (آيت) નો અર્થ થાય : (૧) નિશાની (૨) કુરાન કે બાઈબલનો ફકરો (૩) કુરાનની કંડીકા (૪) કુરાનનાં વિરામ ચિહ્નોમાંથી એક કે જે વર્તુળાકાર ( ○ ) હોય છે. આયત શબ્દનું બહુવચન થાય છે : આયાત (آيات) અર્થાત નિશાનીઓ. વળી આયત શબ્દ માટે આયા (آيه) શબ્દ પણ વપરાય છે જે જેનો અર્થ પણ નિશાનીઓ થાય છે. આયત શબ્દ ઉપરથી કેટલાક શબ્દ સમૂહો અને રૂઢિ પ્રયોગો બને છે જેમકે : આયત આનાનો અર્થ થાય આકાશમાંથી આયત (કુરાનના ફકરા)નું ઉતરાણ થવું આયત ઉતરના–આયત ઉતરવી આયત નાઝિલ હોના–ખુદા તરફથી તેના પયગમ્બર પર આયતનું ઉતરાણ થવું આયત મુતલક–કુરાનના ફકરાનું એવું વિરામચિહ્ન કે જ્યાં તિલાવત વખતે રોકાવું ફરજિયાત છે. આયતે લા – કુરાનની એવું વિરામ ચિહ્ન કે જેના ઉપર 'લા' (لا)ની નિશાની હોય આયતે સજદા–કુરાન શરીફની એવી આયત કે જેની તિલાવત કરતી વખતે કે સાંભળતી વખતે સજદો કરવો ફરજિયાત છે. આયતો હદીસ હૈ–કુરાનની આયત તેમજ હઝરત મોહંમદ મુસ્તફા (સ.)નું કથન છે એટલે કે એવી વાત કે જેમાં શંકાને સ્થાન નથી.

**કિસ તરહ કરે ન એક આલમ અફસોસ,**
**જી ભરકે કિયા ન શેહકા માતમ અફસોસ;**
**કયા જલ્દ ગુઝર ગયે યે દસ દિન ગમકે,**
**લો સાહેબો ! હો ગયા મુહર્રમ અફસોસ.**

# સલામ

મીર બબ્બરઅલી 'અનીસ'



میر ببرعلی انیس

# سلام

**રંજે દુનિયાસે કભી ચશ્મ અપની નમ રખતે નહી,**
**જુઝ ગમે આલે અબા હમ ઔર ગમ રખતે નહી.**

رنجِ دنیا سے کبھی چشم اپنی نم رکھتے نہیں
جُز غمِ آلِ عبا ہم اور غم رکھتے نہیں

(દુનિયાના રંજો ગમને કારણે અમે કદી અમારી આંખોને ભીની કરતા નથી. આલે મોહંમદ(અ.)ના ગમ સિવાય અમે બીજો કોઇ ગમ ધરાવતા નથી.)

---

**કરબલા પહુંચે, ઝિયારત કી, હમેં પરવા હૈ ક્યા?**
**અબ ઇરમ ભી હાથ આયે તો કદમ રખતે નહી.**

کربلا پہنچے، زیارت کی، ہمیں پروا ہے کیا
اب ارم بھی ہاتھ آئے تو قدم رکھتے نہیں

(કરબલાએ મોઅલ્લા પહોંચી ગયા, ઝિયારત પણ કરી લીધી, હવે અમારે શાની ચિંતા હોય ? હવે તો જન્નત પણ જો હાથમાં આવે તો અને તેમાં પગ મૂકવાના નથી.)

---

**દર પે શાહોંકે નહી જાતે ફકીર અલ્લાહકે,**
**સર જહાં રખતે હૈ સબ વાં યે કદમ રખતે નહી.**

در پہ شاہوں کے نہیں جاتے فقیر اللہ کے
سر جہاں رکھتے ہیں سب واں یہ قدم رکھتے نہیں

(અલ્લાહના ફકીરો બાદશાહના દરવાજાઓ ઉપર કદી જતા નથી. જે જગ્યાએ લોકો પોતાનાં માથાં ટેકવે છે તે જગ્યાએ તેઓ પોતાના પગ મૂકતા નથી.)

---

**સૂરતે મહરાબ ખમ હોકર બસદ ઇજ્ઝો નિયાઝ,**
**સર ન રખ્ખેં ગર તો મિમ્બર પર કદમ રખતે નહી.**

صورتِ محراب خم ہوکر بصد عجز و نیاز
سر نہ رکھیں گر تو منبر پر قدم رکھتے نہیں

(મહરાબની માફક વાંકા વળી જઈને અને અસમર્થતા તેમજ દીનતાના ભાવ સાથે જ્યાં સુધી તેના પર અમે મસ્તક ન મૂકીએ ત્યાં સુધી અમે મિમ્બર ઉપર પણ કદમ મૂકતા નથી.)

---

**દેખના કલ ઠોકરેં ખાતે ફિરેંગે ઉનકે સર,**
**આજ નખવતસે ઝમી પર જો કદમ રખતે નહી.**

دیکھنا کل ٹھوکریں کھاتے پھریں گے اُن کے سر
آج نخوت سے زمیں پر جو قدم رکھتے نہیں

(જે લોકો આજે ઘમંડથી જમીન પર પોતાના કદમ પણ રાખતા નથી, તો તમે જોજો કે કાલે તેમનાં મસ્તકો ઠોકરો ખાતાં ફરશે.)

---

**કહેતે થે આ'દા કે બચ્ચે ભી અલીકે શેર હૈ,**
**જબ બઢાતે હૈ તો ફિર પીછે કદમ રખતે નહી.**

کہتے تھے اعدا کہ بچے بھی علیؑ کے شیر ہیں
جب بڑھاتے ہیں تو پھر پیچھے قدم رکھتے نہیں

(દુશ્મનો કહેતા હતા કે (આ ઘરાનાનાં) બાળકો પણ અલી(અ.)ના શેર (સિંહ) છે. જ્યારે તેઓ પોતાના પગ આગળ વધારે છે તો કદી પીછેહઠ કરતાં નથી.)

---

**ધો દિયે અશ્કોંને દફતરસે તમામ આમાલે ઝિસ્ત,**
**હમ તેરી પરવા કુછ અય અબ્રે કરમ રખતે નહી.**

دھو دیے اشکوں نے دفتر سے تمام اعمالِ زشت
ہم تری پروا کچھ اے ابرِ کرم رکھتے نہیں

(આંસુઓએ આ'માલના ચોપડામાંથી બધા જ ખરાબ આ'માલ ધોઇ નાખ્યા. અય બક્ષિસના વાદળ! હવે અમે તારી કોઇ પરવા કરતા નથી.)

---

**જો સખી હૈ માલે દુનિયાસે હૈ ખાલી ઉનકે હાથ,**
**અહલે દૌલત જો હૈ વો દસ્તે કરમ રખતે નહી.**

جو سخی ہیں مال دنیا سے ہیں خالی ان کے ہاتھ
اہلِ دولت جو ہیں وہ دستِ کرم رکھتے نہیں

(જે સખી માણસ હોય છે તેના હાથ દુનિયાના માલથી ખાલી હોય છે અને જે લોકો દોલતવાળા છે તેઓ બીજા ઉપર કૃપા કરનાર (ઉદાર) હાથ ધરાવતા નથી.)

---

**જો મુન્ફરિદ હૈ વો મિલતા હૈ તેરી સરકારસે,**
**હમ હૈ સાબિર કુછ ખયાલે બેશો કમ રખતે નહી.**

جو منفرد ہے وہ ملتا ہے تری سرکار سے
ہم ہیں صابر کچھ خیالِ بیش و کم رکھتے نہیں

(જે અનુપમ હોય છે તે તારી સરકાર સાથે મળતો આવે છે. અમે તો સાબિર (ધૈર્યવાન) છીએ, તેનાથી કંઇ વધારે કે ઓછો વિચાર ધરાવતા નથી.)

---

**નકદે જાં તક દે કે હમ જાતે હૈ યાં સે વક્તે કૂચ,**
**આરિય્યત જો શય હો ઉસકો પાસ હમ રખતે નહી.**

نقدِ جاں تک دے کے ہم جاتے ہیں یاں سے وقتِ کوچ
عاریت جو شے ہو اس کو پاس ہم رکھتے نہیں

(પ્રાણ રૂપી ધન આપી દઇને અમે મરતી વખતે અહીંથી જઇએ છીએ. જે વસ્તુ અસ્થાયી (ફાની) હોય છે તેવી વસ્તુ અમે અમારી પાસે રાખતા નથી.)

---

**એક કશ્કૂલે તવક્કુલ એક નકદે જાં હૈ પાસ,**
**હૈ ગની દિલકે કોઇ દામો દરમ રખતે નહી.**

ایک کشکول توکل ایک نقدِ جاں ہے پاس
ہیں غنی دل کے کوئی دام و درم رکھتے نہیں

(અમારી પાસે તો ફક્ત તવક્કુલ (વિશ્વાસ)નું એક ભિક્ષાપાત્ર છે અને બીજું છે પ્રાણ રૂપી ધન. અમે તો દિલના ધનવાન છીએ, અમે કોઇ ધન દોલત ધરાવતા નથી.)

---

**કહેતે થે સજ્જાદ ખિચ સકતી ન થી જબ બેડીયાં,**
**ક્યા કરું ઇસ બોઝકી તાકત કદમ રખતે નહી.**

کہتے تھے سجّادؑ کھنچ سکتی نہ تھیں جب بیڑیاں
کیا کروں اس بوجھ کی طاقت قدم رکھتے نہیں

(જ્યારે પગમાં પહેરાવેલી બેડીઓને ખેંચી શકાતી નહોતી ત્યારે સૈયદે સજ્જાદ(અ.) એવું ફરમાવતા હતા કે હું શું કરું ? આટલો બધો ભાર ઉઠાવવાની તાકાત મારા કદમ ધરાવતા નથી.)

---

| | |
|---|---|
| **કહેતી થી રાડેં કિસે લૂટોગે આકર ઝાલિમો,** | کہتی تھیں رانڈیں کے لوٹوگے آکر ظالمو |
| **સીમોઝર શબ્બીરકે અહલે હરમ રખતે નહી.** | سیم و زر شبیرؑ کے اہل حرم رکھتے نہیں |

(એહલેહરમની વિધવાઓ કહેતી હતી કે અય ઝાલિમો ! અહીં આવીને શું લૂંટશો ? શબ્બીરનાં ઘરવાળાં કોઇ સોનું–ચાંદી રાખતાં નથી.)

---

| | |
|---|---|
| **ફુક્રો ફાકેમેં હમેશાં હો ગઇ સબકી બસર,** | فقر و فاقے میں ہمیشہ ہو گی سب کی بسر |
| **ઇન રિદાઓંકે સિવા કુછ ઔર હમ રખતે નહી.** | ان رداؤں کے سوا کچھ اور ہم رکھتے نہیں |

(અમારો જીવન નિર્વાહ તો હંમેશાં ફકીરીમાં અને ફાકામાં થઇ ગયો છે. (ફકીરી અને ફાકા રૂપી) આ ચાદરો સિવાય અમે બીજું કંઇ રાખતાં નથી.)

---

| | |
|---|---|
| **યે મકાં મહબૂબે હક્કા હૈ ન આના ઇસ તરહ,** | یہ مکاں محبوب حق کا ہے نہ آنا اس طرف |
| **બે ઇજાઝત યાં મલાઇકા ભી કદમ રખતે નહી.** | بے اجازت یاں ملایک بھی قدم رکھتے نہیں |

(આ જગ્યા અલ્લાહના મહેબૂબ (પ્રિયપાત્ર)ની છે. આવી રીતે તમે આવતા નહીં.રજા વગર તો ફરિશ્તાઓ પણ અહીં પગ મૂકતા નથી.)

---

| | |
|---|---|
| **ચાદરેં જબ છીની રાડોંકી તો આબિદને કહા,** | چادریں جب چھینیں رانڈوں کی تو عابدؑ نے کہا |
| **કુછ હયા વ શર્મ યે અહલે સિતમ રખતે નહી.** | کچھ حیا و شرم یہ اہلِ ستم رکھتے نہیں |

(જ્યારે વિધવાઓની ચાદરો છીનવી લીધી તો આબિદ(અ.)એ ફરમાવ્યું કે આ ઝાલિમો તો કંઇ લાજ શરમ ધરાવતા નથી.)

---

| | |
|---|---|
| **મરસિયા એક દિનમેં ક્યા સબ કહે કે ઉઠોગે 'અનીસ',** | مرثیہ اک دن میں کیا سب کہ کے اٹھوگے انیسؔ |
| **હાથસે ક્યૂં આજ કિરતાસો કલમ રખતે નહી.** | ہاتھوسے کیوں آج قرطاس و قلم رکھتے نہیں |

(અય **'અનીસ'** ! શું એક જ દિવસમાં (બધા) મરસિયા કહીને જ ઉઠશો. હાથથી આજે તમે કાગળ અને કલમ શા માટે પકડતા નથી ?)

**જિસ શખ્સકો શૌકે કરબકા હોતા હૈ, ગુર્બતમેં કફીલ ઉસકા ખુદા હોતા હૈ.**
**કિયા ખિઝરકી એહતિયાજ ઉસે કા'બેમેં, હર નક્શે કદમ કિબ્લાનુમા હોતા હૈ.**

# ઓસ્ટિઓપોરોસીસ (osteoporosis)

**( હાડકાં કમજોર થવાની બીમારી )**

ડૉ. જી. ડી. થરાદરા (M.S.(Ortho.)) (અમદાવાદ)

આ બીમારી વિષે આપણે વાત કરીએ એ પહેલાં હાડકાંના બંધારણ વિષે જાણી લઈએ. હાડકાં બે પ્રકારનાં હોય છે. (૧) કોર્ટિકલ બોન એટલે કે નળાવાળાં હાડકાં કે જે હાથ અને પગનાં મુખ્ય હાડકાં છે. (૨) કેન્સલસ બોન (Spongy bone) એટલે કે સ્પન્જ જેવાં પોચાં હાડકાં કે જે કમરના મણકામાં હોય છે તેમજ લાંબા હાડકાના છેડા આ પ્રકારના હાડકામાંથી બનેલા હોય છે. ઓસ્ટિઓપોરોસીસની બીમારીની શરૂઆત સ્પંજી હાડકાં (એટલે કે સ્પંજ જેવાં પોચા હાડકાં)માં થાય છે. આ સ્પંજી હાડકામાં જાળી જેવું બંધારણ (ટ્રૅબેક્યુલી) હોય છે જેના ઉપર કેલ્સિયમ અને બીજા ક્ષારો ચોંટેલા હોય છે અને તેથી તે મજબૂત બને છે, જેવી રીતે મકાન બનાવતી વખતે લોખંડના સળિયાની જાળી બનાવવામાં આવે છે અને પછી તેમાં સિમેન્ટ પૂરવામાં આવે છે. આમ મકાન બનાવવા માટે સળિયા અને સિમેન્ટ બન્નેની જરૂર પડતી હોય છે, કોઈ એક વસ્તુથી કામ ચાલતું નથી અને જો તેમને વાપરવામાં ન આવે તો મકાન કમજોર બને છે, બસ એવી જ રીતે ઓસ્ટિઓપોરોસીસની બીમારીમાં હાડકાંનું બંધારણ જ કમજોર થઈ જાય છે અને જાળીનું બંધારણ આછું થઈ જાય છે. જો આપણે ફક્ત કેલ્સિયમની ગોળીઓ ખાધા કરીશું તો શું થશે ? એવું જ થશે ને કે જેવું મકાનમાં સળિયા ન હોય અને માત્ર સિમેન્ટ જ નાખીએ. ફક્ત સિમેન્ટ નાખીશું તો તે ક્યાં ચોંટવાનો અને કેટલો સમય ટકવાનો ? આમ હાડકાંની મજબૂતી ટકાવી રાખવા માટે ફક્ત કેલ્સિયમની દવાઓ લેવાથી કામ પૂરું થઈ જતું નથી. હાડકાંમાં રહેલા સળિયાઓને પણ ટકાવી રાખવા જરૂરી છે અને તે માટેની સ્પે'શલ (ખાસ) દવાઓ હોય છે.

ઓસ્ટિઓપોરોસીસ થવાનાં કારણો :

(૧) સામાન્ય રીતે મોટી ઉંમરે અને સ્ત્રીઓમાં માસિક સ્ત્રાવ બંધ થઈ ગયા પછી હાડકાંમાં રહેલું જાળી જેવું બંધારણ ઓગળવા માંડે છે ત્યારે હાડકાં કમજોર બને છે.

(૨) આંતર સ્ત્રાવની અનિયમિતતા જેવી કે થાઈરોઈડની બીમારી થવાથી.

(૩) લિવર કે કિડનીની બીમારી થવાથી.

(૪) સંધિવાની બીમારી થવાથી.

(૫) એવી દવાઓ લેવાથી જેવી કે સ્ટીરોઈડ, માનસિક રોગની દવાઓ કે જે હાડકાંને કમજોર કરે છે.

**ઓસ્ટિઓપોરોસીસ રોગનાં લક્ષણો :**

સામાન્ય રીતે આ રોગનાં લક્ષણો છૂપાં હોય છે અને હાડકું ટૂટી જાય ત્યાર પછી જ

ખબર પડે છે કે દર્દીનાં હાડકાં પોચાં થઈ ગયાં છે. આ બીમારી લાકડાને ઉધઈ લાગે તે પ્રકારની છે. એક વાર આ બીમારી થઈ ગયા પછી તેને નાબૂદ કરવી મુશ્કેલ છે. આ રોગનાં લક્ષણો આ પ્રકારનાં હોઈ શકે છે :

(૧) સામાન્ય રીતે શરીરમાં થાક વર્તાય છે.

(૨) આખા શરીરમાં ઝીણો ઝીણો દુ:ખાવો રહ્યા કરે છે.

(૩) શરીરમાં સ્ફૂર્તિ ઓછી થઈ જાય છે.

(૪) સામાન્ય પણ ઈજા થવાથી ફ્રેકચર થઈ જાય છે.

(૫) ઘરડા લોકો કમરમાંથી વાંકા વળી જાય એ પણ આ બીમારીની નિશાની છે.

નોંધ : આવાં લક્ષણો જણાય તો ડોકટરની સલાહ પ્રમાણે જરૂરી સારવાર કરવી.

**ઓસ્ટિઓપોરોસીસની સારવાર :**

(૧) આ રોગની સારવારમાં પૌષ્ટિક ખોરાક બહુ જરૂરી છે. કેલ્સિયમ દૂધની બનાવટોમાંથી મળે છે. દરિયાઇ ખોરાક (Sea Food)માં પણ કેલ્સિયમ અને વિટામીન ડી–૩નું પ્રમાણ હોય છે. કોબીઝ, મેંથી, બીટ જેવાં શાકભાજીમાં પણ કેલ્સિયમનું પ્રમાણ સારું એવું હોય છે. ઈંડામાં રહેલી પીળી જરદીમાં પણ વિટામીન ડી–૩નું પ્રમાણ સારું હોય છે કે જે કેલ્સિયમના પાચન માટે જરૂરી હોય છે.

(૨) ચાલવાથી (વોકિંગ કરવાથી) તેમજ બીજી કસરતો કરવાથી હાડકાં મજબૂત બને છે.

(૩) દવાઓ લેવાથી – ઉપર જણાવેલાં કારણો પ્રમાણે જે લોકોમાં આ રોગ થવાની શકયતાઓ રહેલી હોય તેમણે ડોકટરની સલાહ મુજબ નીચે પ્રમાણે દવાઓ લેવી જોઈએ.

– કેલ્સિયમ, વિટામીન–૩, વિટામીન કે$_2$ ($K_2$) અને બીજા ક્ષારો.

– બાયફોસ્ફોનેટ કે જે હાડકાંમાં રહેલા જાળી જેવા બંધારણને ટકાવી રાખે છે, તે દવાઓ અઠવાડિયે કે મહિને એક વખત લેવાની હોય છે. હવે તો એક એવું ઈન્જેકશન પણ મળે છે કે જે વર્ષમાં એક વખત લેવાનું હોય છે. પરંતુ આ બધી દવાઓ ડોકટરની સલાહ વગર ત્રણ વર્ષથી વધુ સમય સુધી લેવી નહીં.

– પેરાથાઈરોડ હોર્મોન એ છે કે જે હાડકાંમાં રહેલા જાળી જેવા બંધારણને નવું બનાવે છે અને તે એકદમ ઓછા ડોઝમાં દરરોજ ઈન્જેકશન દ્વારા લેવાનું હોય છે. જેવી રીતે કે ડાયાબિટીસના દર્દીઓ નાની સોયથી – પેનથી ઈન્જેકશન લેતા હોય છે. *

**ફુરઆન શરીફમાં દુઆના સ્વરૂપે આવેલ આયતો**

## ફુરઆની દુઆઓ

33

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

رَبَّنَا اصْرِفْ عَنَّا عَذَابَ جَهَنَّمَ ۖ إِنَّ عَذَابَهَا كَانَ غَرَامًا ﴿٦٥﴾

**રબ્બ નસરીફ અન્ના અઝાબ જહન્નમ ઇન્ન અઝાબહા કાન ગરામા.**

(પારો–૧૯, સૂરએ ફુરકાન, આયત–૬૫)

અર્થ : અય મારા પરવરદિગાર ! અમારા પરથી જહન્નમનો અઝાબ દૂર કરી દે, નિ:સંશય તેનો અઝાબ હંમેશાં ટકી રહેનારો છે.)

# જાફરી પંચાંગ

**ચાંદ દેખાય તે પ્રમાણે અમલ કરવો.**

| અંગ્રેજી તારીખ | ઈસ્લામી તારીખ | વાર | તા.૧૬ માહે ડિસેમ્બર–૨૦૧૨ થી તા. ૧૫, માહે જાન્યુઆરી–૨૦૧૩ મુ.તા. ૨, સફર–૧૪૩૪ થી મુ.તા. ૨, રબી.અવ્વલ–૧૪૩૪ |
|---|---|---|---|
| ડિસે. | સફર | – | |
| 20 | ૬ | ગુરૂ | વફાત : પીર સૈયદ અલી સલામુદ્દીન (રહે.) |
| 21 | ૭ | શુક્ર | વિલાદત : હઝરત ઈમામ મૂસા કાઝિમ (અ.) |
| 24 | ૧૦ | સોમ | ઈમામ હુસૈન (અ.)નું ત્રીસમું |
| 26 | ૧૨ | બુધ | વિલાદત : હાજરપીર સૈયદ મોહંમદ મુજાહિદહુસૈન બાવા સાહેબ (મદ્દે.) |
| જાન્યુ. | | | |
| 1 | ૧૮ | મંગળ | ખ્રિસ્તી નૂતન વર્ષનો પ્રારંભ |
| 3 | ૨૦ | ગુરૂ | ઈમામ હુસૈન (અ.)નું ચહેલૂમ (અરબાઈન) |
| 4 | ૨૧ | શુક્ર | વિલાદત : પીર સૈયદ ગાલિબુદ્દીન (રહે.) |
| 7 | ૨૪ | સોમ | વિંછુડો બેસે : સવારે ૪–૧૧ |
| 8 | ૨૫ | મંગળ | વિંછુડો |
| 9 | ૨૬ | બુધ | વિંછુડો ઉતરે : સાંજે ૪–૫૩ |
| 10 | ૨૭ | ગુરૂ | વફાત : પીર સૈયદ મુસ્તફા (રહે.) |
| 11 | ૨૮ | શુક્ર | નોંધ જુઓ. |
| 13 | ૩૦ | રવિ | ઉર્સ–સંદલ : પીર સૈયદ મીર અલી બાવા (રહે.), મેતા |
| 14 | ૧ રબી.અ. | સોમ | હઝરત રસૂલે ખુદા (સ.)ની મદીના શરીફ તરફ હિજરત |
| 15 | ૨ | મંગળ | વિલાદત : પીર સૈયદ હાજી મહેમૂદ સદરૂદ્દીન બાવા (રહે.) |

**નોંધ : તા.૧૧–૧–૨૦૧૩, મુ.તા. ૨૮, સફર–૧૪૩૪**
વફાત : હઝરત મોહંમદ મુસ્તફા (સ.)
શહાદત : હઝરત ઈમામ હસન મુજતબા (અ.)
વિલાદત : પીર સૈયદ હાશમઅલી બાવા (રહે.)

## શું તમે આ જાફરી આવાઝ વાંચ્યું ?

## લ્યો ત્યારે, આપો આના જવાબ.

**સંપાદક : મો. અકબરઅલી અબ્બાસભાઈ મસી (ઈલોલ તલાવ)**

(૧) હઝરત બિલાલને અઝાન કોણે શીખવાડી હતી ?

(૨) 'હાવીઆ' શાનું નામ છે ?

(૩) હઝરત રસૂલે ખુદા (સ.) સાથે સૌ પ્રથમ નમાઝ પઢનાર કોણ હતા ?

(૪) 'રબ્બે ઝિદ્‌ની ઈલ્મા વર્ઝુકની ફહમા'નો અર્થ શું થાય ?

(૫) હઝરત રસૂલે ખુદા (સ.) મેઅરાજ પર તશરીફ લઈ ગયા ત્યારે નમાઝનો સમય થયો તો અઝાન કોણે આપી હતી ?

(૬) મસ્જિદમાં દાખલ થતાં પ્રથમ કયો પગ મૂકવો જોઈએ ?

(૭) હઝરત પીર મશાયખ બાવા (રહેમતુલ્લાહ અલૈહા)ના પિતાનું નામ આપો.

# આપણા ઘરની વાતો


● **પીપોદર મુકામે નવીન ઈદગાહનું ઉદઘાટન :**

પીંપોદરથી નવા વરાયેલા યુવા મુખી મો. ગુલામમહંમદ નસીરભાઈ ખરોડીયાની યાદી જણાવે છે કે અલ્લાહ તઆલાના ફઝલો કરમથી અને પીરો મુરશિદની ભલી દુઆઓથી ખૂબ જ ટૂંકા સમયગાળામાં ગામની નજીક આવેલ કબ્રસ્તાનમાં નવીન ઈદગાહની ઈમારત સંપૂર્ણ તૈયાર થઈ ગયેલ છે. આની રજૂઆત નામદાર બાવા સાહેબની સમક્ષ કરતાં આપ નામદારે ઈદુઝઝોહાના દિવસે નમાઝ અદા કરવાની પરવાનગી આપી હતી. ૧૦મી ઝિલહજ શનિવારના રોજ ખૂબ જ હર્ષોઉલ્લાસથી નવીન ઈદગાહમાં નમાઝ અદા કરવામાં આવી હતી અને સૌના ચહેરા ઉપર ખુશીનું વાતાવરણ દેખાતું હતું. આ ઈદગાહના કામકાજમાં જે ભાઈઓએ શારીરિક તેમજ આર્થિક રીતે મદદ કરી છે તે તમામનો મુખી તથા આગેવાનો આભાર માને છે અને અલ્લાહ તઆલા તેમને નેક બદલો આપે એવી દુઆ ગુઝારે છે, આમીન.


● **પાડગોલ ગામની ઈદગાહ પર ઈદની ભવ્ય ઉજવણી :**

પાડગોલ ગામમાં નવા કબ્રસ્તાનની ખરીદેલ જમીનમાં બનાવેલ ઈદગાહમાં નામદાર બાવા સાહેબની રજા મેળવી ઈદુઝઝોહાની નમાઝ અદા કરવામાં આવી હતી. આ ઈદગાહમાં પાડગોલ, વલેટવા, રામોલ, વડતાલ, પેટલાદ ગામ તથા આણંદ અને તારાપુર હોટલના અંદાજે ૧૫૦ મોમિન ભાઈઓએ ઈદની નમાઝ અદા કરી હતી. મોલ્વી સાહેબ ઈસ્માઈલભાઈએ અલ્લાહ તઆલાની હમ્દો સના અને ઝિક્રે અહલેબયતનું બયાન ફરમાવ્યું હતું. અંતમાં તમામ મોમિન ભાઈઓ પરસ્પર ઈદની મુબારકબાદી પાઠવી ન્યાઝ લઈ વિખરાયા હતા.

● **ઇન્નાલિલ્લાહે..:**



કનાઈ નિવાસી મર્હૂમ મો. ઈબ્રાહીમભાઈ નશીરભાઈ દેધરોટીયા મુ.તા. ૨ ઝિલહજ–૧૪૩૩, તા.૧૯–૧૦–૨૦૧૨ને શુક્રવારના રોજ આશરે ૬૬ વર્ષની વયે અલ્લાહ તઆલની રહેમતે પહોંચ્યા છે. તેઓ સ્વભાવે શાંત અને નમાઝના પાબંદ હતા. મર્હૂમ મોહંમદ વ આલે મોહંમદ (સ.)ના ચાહક હતા.



મજાદર (મહેરપુરા) નિવાસી મર્હૂમ મો. મુખી રહીમભાઈ દાઉદભાઈ સુણસરા (પેટીવાળા) મુ.તા. ૧૩ ઝિલકાદ–૧૪૩૩, તા.૩૦–૯–૨૦૧૨ને રવિવારના રોજ ૮૭ વર્ષની વયે અલ્લાહ તઆલાની રહેમતે પહોંચ્યા છે. મર્હૂમ સ્વભાવે શાંત અને પીરો મુરશિદના ચાહક હતા. તેઓ ખૂબ જ મજબૂત મનોબળ ધરાવતા હતા. મર્હૂમ સતત ૫૩ વર્ષથી ડાયાબિટીશના દર્દી હતા. તેમને લાયન્સ ક્લબ ઓફ અમદાવાદ તરફથી ગોલ્ડ મેડલથી સન્માનિત કરવામાં આવ્યા હતા.

અલ્લાહ તઆલા તમામ મર્હૂમીનને ગરીકે રહેમત કરે અને તેમના કુટુંબીજનોને સબ્રે જમીલ અતા ફરમાવે, આમીન.